કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૬મું . ડિસેમ્બર ૧૯૯૩ · સળંગ અંક ૭૯૧
તંત્રી : **ધીરુ પરીખ** · સંપાદક : બિહારીલાલ ટાંક

જાવાના છાયાનાટક માટે ચામડામાં કોરેલું એક પૌરાણિક પાત્ર





પૅરિસમાં પાનખર : સ્વ. શાંતિ શાહનું એક જલરંગી ચિત્ર. (જુઓ આ અંકની 'કલાવાર્તા')

ખીલા

મેદની વીખરાય;
ને આ વૃદ્ધ જેની કાય
તે લોહાર આવી કાષ્ઠના એ ક્રૂસ પાસે
(જે થકી નીતરી રહ્યું રે રક્ત એવું - શુદ્ધ જાણે સૂર્યનું
ને લોચને વિલસે વળી તો ચંદ્રનું માધુર્ય શું !)
જઈ જુએ શું એકશ્વાસે :
મેં મકાનો બાંધવાને જે ઘડ્યા
રે તે ખીલા તો અહીં જડ્યા !

પ્રિયકાન્ત મણિયાર

( )

છબી ઇસુની
અમે દીવાલે જડી
ખીલાથી દીધી.

ધીરુ પરીખ

( )

ડિસેમ્બર ૧૯૯૩

આંકડિયું

કુમાર સળંગ અંક ૭૯૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશન : અશોકભાઈ બચુભાઈ રાવત. ડિરેક્ટરો : [illegible] ભગવતી, ભાલચંદ્ર ર. શાહ, બિહારીલાલ પો. શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦૦૦૧ (ફોન નં. ૩૪૩[illegible]) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ. કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

'કુમાર'ના ૭૭૯ના અંકમાં મારો પરિચય તથા 'કોરા કેનવાસ સાથે સંવાદ' નામે મારો જે લેખ પ્રસિદ્ધ થયેલ છે એમાં કેટલીક બાબતો 'કોન્ટ્રાડિક્ટ' થતી હોઈ કેટલાક મિત્રોના પત્રો આવ્યા છે. એટલે આ અંગે થોડી સ્પષ્ટતા કરવા આ પત્ર લખવા પ્રેરાયો છું.

સર્જનાત્મક ચિત્રમાં સૌપ્રથમ અગત્યની બાબત તો એ છે કે ચિત્ર બનાવતી વખતે કલાકારના ચિત્તમાં વિષય-વિચારની કોઈ પૂર્વ આયોજના હોતી નથી. ચિત્ર દોરવા માટે કેનવાસ સમક્ષ અંતર્મુખ બનીને ઊભેલા કલાકારની સંપ્રજ્ઞતા - તેની સંવેદનશીલતા એટલી તીવ્ર હોય છે કે તેનાથી કશુંક અદ્વિતીય કેનવાસ ઉપર દોરાઈ જતું હોય'છે. ચિત્તની આ સંપ્રજ્ઞ અવસ્થામાં કલાકારથી દોરાઈ જતાં ચિત્રને કશાક નામ કે વિવરણના ચોખટામાં પૂરી ન શકાય. આમ છતાંય કલાકાર ચિત્રની થોડી સમજ આપે તો તે પણ માત્ર અંગુલીનિર્દેશ પૂરતી જ હોય છે. ચિત્રનો વ્યાપ અને તેની સંકુલતા અનેક આયામોમાં ભાવકમાં વિસ્તરી શકે - જો ભાવકમાં ચિત્રને જોવાની-માણવાની અધિકારી આંખ હોય તો.

ખરેખર તો કલા એ સમજવાની કે સમજાવવાની વસ્તુ જ નથી. એ તો છે અનુભવવાની ચેતોવિસ્તારની પ્રક્રિયા. પોતાના ચિત્રને સમજાવવું પડે, એથી બીજી કોઈ કરુણતા કલાકાર માટે ન હોઈ શકે, એટલે જ હું ભારપૂર્વક કહું છું - કલા એ કોયડો કે કૂટ પ્રશ્ન નથી, પણ સર્જનાત્મકતાનું અજવાળું છે. આ વાત વાર્તાકલાને પણ લાગુ પડી શકે. ભૂતકાળમાં કોયડો બની ગયેલી વાર્તાઓના શું હાલ થયા, એ આપણે બધા સારી રીતે જાણીએ છીએ. વાર્તામાં અને પેઇન્ટિંગમાં 'એબ્સ્ટ્રેક્સન' - અમૂર્તતાને નામે ઘણું લોલેલોલ ચાલ્યું. કશુંક ન સમજાય તેવું લખવું કે દોરવું, એ જ જાણે કલાનો પર્યાય બની ગયેલું. ખરેખર તો કલાની ઉપસ્થિતિ જ 'કેટલિટિક એજન્ટ' જેવી છે, જેના સાહચર્યમાં ક્લિષ્ટતા કે દુર્બોધતા પણ ઓગળ્યા વગર ન જ રહે.

બીજી વાત - આ દુનિયામાં અમૂર્તતા જેવી કોઈ વસ્તુ જ નથી. સામાન્ય વસ્તુને પણ જો આપણે પૂરેપૂરા અભિનિવેશથી જોઈ શકીએ તો, આ 'ટોટલ સિઇંગ'ની પ્રક્રિયાથી જ સામાન્ય વસ્તુ પણ તેના પરાવાસ્તવ સ્વરૂપને આપણી આંખો સામે જ ખોલી બતાવી શકે.

વિશ્વસાહિત્યમાં વધારેમાં વધારે ક્લિષ્ટ કે દુર્બોધ લખનાર ફ્રાંઝ કાફકાની એવી એક પણ કૃતિ મને જણાઈ નથી, જેને પ્રથમ વાચને જ હું પામી ન શક્યો હોઉં. હું માનું છું - કૃતિમાં ક્લિષ્ટતા કે દુર્બોધતા એ તો આપણી કાચી નજરનું પ્રક્ષેપણમાત્ર છે. ક્લિષ્ટતા આપણી આંખમાં છે.

અહીં વાર્તાની વાત એટલા માટે કરી કે સર્જકચેતનાની અમુક ઊંચાઈ પર બધાં જ કલાસ્વરૂપો એકમેકની સાવ નજીક આવી જતાં હોય છે.

બહાદુરભાઈ જ. વાંક (જૂનાગઢ)

'કુમાર' માર્ચ ૧૯૯૩ના અંકમાં લગ્નવિધિ વિશે 'અતીતમાં' લેખ વાંચ્યો.

મારા પિતાશ્રી ડોલરરાય માંકડે પણ 'લગ્નવિધિનું નવસંસ્કરણ' નામની પુસ્તિકા લખી છે. આ વિધિ એકદમ મુદ્દાસરની અને ૪૭ મિનિટમાં પૂરી થઈ જાય છે. કન્યાનાં અને વરનાં માતા-પિતા અને વરકન્યા એમને જે બોલવાનું હોય તે (સંસ્કૃતનો અનુવાદ છે) ગુજરાતીમાં પોતે જ બોલે છે. સામાન્ય જાહેર કરવાનું હોય તે ગોર-મહારાજ બોલે છે. ગોરમહારાજ પણ આપણામાંથી કોઈ વાંચીને વિધિ કરાવી શકે છે. વિધિ પણ બહુ જ સરળ છે અને આખી વિધિ દરમ્યાન શિસ્ત જળવાઈ રહે છે. મારી ભત્રીજીના લગ્ન અમે આ વિધિથી જ કર્યાં હતાં. આ વિધિનો પ્રચાર થાય તો લગ્નવિધિને નવો ઓપ મળશે.

તરલિકા આચાર્ય (વલસાડ)

'કુમાર' માસિકના નવેમ્બર ૧૯૯૨ના અંકમાં પ્રકાશિત ડો. પ્રસાદ બ્રહ્મભટ્ટનો લેખ શ્રીમાઆનંદમયી વાંચ્યો. પ્રસ્તુત લેખમાં મને નીચે પ્રમાણે હકીકતદોષ લાગે છે.

લેખના પહેલા જ ફકરામાં જણાવવામાં આવ્યું છે કે, 'શ્રી મા આનંદમયીના જન્મપૂર્વે જ એમના પિતાશ્રી બિપિનબિહારી વૈરાગ્ય જાગૃત થવાથી ગૃહત્યાગ કરી ચાલ્યા ગયેલા.'

ત્યારબાદ છઠ્ઠા ફકરામાં વિદ્વાન લેખક લખે છે 'નિર્મળાના (મા આનંદમયીનું મૂળ નામ) જન્મ પછી ત્રણ ભાઈ જન્મ્યા અને અલ્પાયુ ભોગવી મૃત્યુ પામ્યા. ત્યારબાદ બે બહેનો અને એક ભાઈનો જન્મ થયો. (પૃ. ૪૫૪)

ત્યાર બાદના પૃષ્ઠ ૪૫૫ના પહેલા ફકરામાં જણાવ્યું છે કે, 'થોડા દિવસ થયા ત્યારે આટપાડાના પ્રતિષ્ઠિત સીતાનાથ કુશારીના સાળા અંગે બિપિનબિહારીએ (નિર્મળાનું) માંગું કર્યું.'

આ ત્રણે હકીકત વાંચતાં મને વિસંગતિનો ભાસ થાય છે. જો શ્રી બિપિનબિહારી વૈરાગી થઈ ગૃહત્યાગ કરી ગયા હતા તો આ શક્ય ખરું ? શું બિપિનબિહારી વૈરાગ્ય છોડીને ફરીથી સંસારી થયા હતા ? જો એમ હોય તો એ બાબતનો ઉલ્લેખ કરવો લેખક માટે જરૂરી હતો. મારો આશય કોઈ પણ રીતે વિદ્વાન લેખકની વિદ્વતાને પડકારવાનો નથી. ફક્ત વિસંગતિ ને હકીકતદોષ પ્રત્યે ધ્યાન ખેંચું છું.

- હરવદન જોખાકર (મુંબઈ)

શ્રી હરવદનભાઈનો પત્ર વાંચ્યો. તેમણે જે હકીકતદોષ માન્યો છે તે વાસ્તવમાં નથી. બધી જ વિગતો સાચી છે. હા, સરતચૂકથી એક વિગત દર્શાવવાની રહી ગઈ છે. શ્રી બિપિનબિહારી ગૃહત્યાગ કરીને ગયા પછી ઘણા સમય શોધખોળ કરતાં તેમનો પત્તો મળ્યો ત્યારે તેમને સંબંધીઓ ઘેર પકડી લાવેલા. તે પછી તેઓ ઘેરે જ રહેલા.

તેમણે સંન્યાસ લીધો એવો તો કોઈ ઉલ્લેખ મેં કર્યો જ નથી. ઉપર્યુક્ત વિગત દર્શાવવાની રહી ગઈ હોવાથી કોઈને ગેરસમજ થવા સંભવ ખરો. આ બાબત અંગે ધ્યાન દોરવા માટે પત્રલેખકનો આભારી છું.

- પ્રસાદ બ્રહ્મભટ્ટ (અમદાવાદ)

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક આહે ડિસેમ્બર • ઈ.સ. ૧૯૯૩ • સળંગ અંક ૭૯૧

નાયિકા ભાવ-ભેદ/રાજેન્દ્ર શાહ

પ્રોષિતભર્તૃકા (વિયોગિની)

ત્રુટિ એક યુગાયતે, સખિ !
નવ સંદેશ હજીય તે મળ્યો.
દગ શૂન્ય સમી પ્રતીક્ષતી
ક્ષિતિજે રક્તિમ ભર્ગની કલા.

ઉત્કણ્ઠિતા (માલિની)

થનક થનક થાતી પાયમાં ચિત્તવૃત્તિ,
પવન સભર ભેજે જેમ જોઈ મયૂરે,
વિરહ-અવધિ હાવાં, યોગ અંજાય આંખે,
ઘર મહીં નહિ એને ચેન, હેરે ઝરૂખે.

અભિસારિકા (પૃથ્વી)

હવે પ્રહર આ દ્વિતીય, જગ લીન નિદ્રા મહીં,
સવેગ, ઉડુની દગે સહજ દીપ્તિના સંશ્રયે
જવું, નિયત તે વિવિક્ત સ્થલિએ, તમિસ્રે ઘન,
ન ભીતિ, સહુ વિઘ્નને પદથી ચૂર્ણ પન્થે કરી.

ખણ્ડિતા (રથોદ્ધતા)

જાવ, જાવ, અવ હું ન નિદ્રિતા,
જાવ, જાવ, તવ હેત આ મૃષા.
શ્રદ્ધ ના અનુનયે ત્વદીય રે,
વલ્ગુ વેણ તવ ફાલ્ગુનીર-શાં.

વિપ્રલબ્ધા (મન્દાક્રાન્તા)

ધીરે ધીરે રહી સરકતી ફાલ્ગુની પશ્ચિમે ને
કાન્તારેથી કુટિલ કુહરી ગૂઢ એવા અવાજ:
સૂકાં પર્ણે ક્વચિત પગલાં (?) ભ્રાન્તિની પીડ પામું,
પ્રાણે ઊઠી અગન અવળી, લોચને અન્ધકાર.

કલહાન્તરિતા (નારાચ)

'પ્રિય !' 'બસ, બહુ વંચના-વેણ હાવાં નહીં, ના કદી.
કમલવન તણી, અહો માધુરીથી ધરાયા નથી !'
નજર કરી અપાંગ બોલે : 'નહીં' ત્યાં ત્યાં 'પ્રિયે !' સાંભળી
અગન હૃદયની ભળી નેણનાં નીર માંહી, ઠરી.

વાસકસજ્જા (વસન્તતિલકા)

કેવાં પ્રસાધનથી નેત્ર, કપોલ, કર્ણ
ને કેશ સજ્જ, તનુ કૈં પરિધાનથી યે !
કન્દર્પની દગથી દર્પણની છબીને
પોતાની,હોય રતિની ત્યમ મુગ્ધ હેરે.

સ્વાધીનભર્તૃકા (સ્રગ્ધરા)

ફેલાઈ છે હવામાં કુસુમરજ સમા અંગરાગે સુગન્ધ,
ને આછેરી ગળાની મધુરતમ કંઈ વ્હાલ-મ્હોરેલ ગુંજ,
ત્યાં તો જાણે નિકુંજે ચરણ ધરી રહે કાન્ત, ઉત્કણ્ઠ ભાવે
નેત્રે આલિંગતી એ, અધરરસતણો અર્ઘ્ય આપી વધાવે.

ચહું જીવનલીલા/લાલજી કાનપરિયા

(હરિણી - સૉનેટ)

સકલ જણસો ચાહું વિશ્વે વિભુવર સર્જી હું
સકલ નિજના લાભાલાભો સહિત. મને ગમે
તૃણ-હરિત આ પૃથ્વી. વૃક્ષો ઝૂલંત હળુહળુ
સમીરણ-ઝૂલે. પંખીઓના તરુવર-વિટપે
કલરવ ગૂંથ્યા નીડો. ચાહું વળી કુસુમો તણી
પરિમલ મહેકંતી છાબો ખીલંત લતા-દ્રુમે.

કલકલ રવે ગાતાં નાચે અમીજલ નિર્ઝરો
અચલ ગિરિવૃંદો આ જાણે ધરિત્રી-રખોપિયા !
ચહું ચહું સમુદ્રી લીલાઓ તરંગવતી વળી.
ગણું કુદરતી કૃપાઓ : ચંદ્ર, સૂરજ, વાદળાં,
તિમિરઘન નિશામાં દેદીપ્યમાન ઉડુગણો.
ચહું સકલ તિર્યંચોની સૃષ્ટિ, માનવ-સર્વને.

ચહું જીવનલીલા પૃથ્વી-અંચલે મળી જે મને
વ્યથિત ભીતરે તર્ષીસ્નો કલ્પનાથી વિદાયની !

આજ મારું મન/ધીરુ પરીખ

(ગાન)

આજ મારું મન મનમાં નવ સમાય.
નીરનાં મોજાં નીરમાં ઊઠી નીરમાં શમી જાય,
જરીક પાંદડું હાલતું તેમાં સમીર શો તરડાય !
લાખ મનાવું એક ન માને કેમ કરી પહોંચાય ?
આજ મારું મન મનમાં નવ સમાય.
સાવ નથી કંઈ જાણીએ તો યે ગગનથી ઓળખાય,
ફૂલની ફોરમ સહુ કો માણે; કોઈએ દીઠી કાય ?
હોઠને કાંઠે આજ એ ઊભું કેટલુંયે અફળાય !
આજ મારું મન મનમાં નવ સમાય.

ભારતની સ્વાતંત્ર્ય લડતના એ દિવસો હતા. અનેક ભાવનાશાળી યુવક યુવતીઓ ગાંધીપ્રભાવ નીચે સરફરોશીની તમન્ના લઈને ઘૂમતાં હતાં. આવા વાતાવરણમાં ઊછરતો એક નવલોહિયો યુવાન ઇ.સ. ૧૯૩૦માં પોતાના ગામના નાનકડા ટાવર ઉપર ચઢી જાય છે. ત્યાં ત્રિરંગો લહેરાવાતો હતો તેને ઉતારવા અંગ્રેજ સિપાઈઓ આગળ વધી રહ્યા હતા. તે ત્રિરંગાને પરદેશી સરકારના અપમાનમાંથી ઉગારી લેવા પેલો તરવરિયો યુવાન ટાવર પર લહેરાતા ત્રિરંગાને છાતી સરસો ચાંપી ત્યાંથી ભૂસકો મારે છે. અંગ્રેજ સરકાર એ યુવાનને ગિરફતાર કરી સાડા ત્રણ મહિનાની સખત કેદની સજા ફટકારે છે. આ જ અરસામાં યુવાન ક્રાંતિવીર જતીન દાસને ફાંસીની સજા ફરમાવવામાં આવેલી. આ યુવાન પણ જતીનની જેમ ક્રાંતિકારી બનવાનાં સ્વપ્નો સેવે છે.

આ સ્વપ્નસેવી ક્રાન્તિકારી યુવાન એટલે આજના આપણા મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહ. ૧૯૧૩ના જાન્યુઆરીની ૨૮મી તારીખે પિતા કેશવલાલ અને માતા લલિતાબહેનના એકના એક સંતાન તરીકે કપડવણજમાં મોસાળમાં એમનો જન્મ. ધર્મપરાયણ દાદાદાદી અને પિતામાતાને ત્યાં સંસ્કારી અને શિસ્તના આગ્રહી વાતાવરણમાં કપડવણજમાં જ ઉછેર. પરંતુ હજુ એમની ઉંમર માંડ બેએક વર્ષની થઈ હશે ત્યાં જ વકીલ પિતા કેશવલાલની છત્રછાયા ગુમાવી. માતાએ અનેક વિટંબણાઓ અને વિપરીતતાઓ વચ્ચે શિશુ રાજેન્દ્રને ઉછેરવા માંડ્યો. એનામાં સ્વમાન અને સંસ્કારનું સિંચન કરવા માંડ્યું. સ્વાસ્થ્ય અને શિસ્ત પર પૂરી દેખરેખ રાખવા માંડી.

કપડવણજની મ્યુનિસિપલ શાળામાં પ્રાથમિક અભ્યાસ પૂરો કરી ત્યાંની જ મ્યુનિસિપલ હાઈ સ્કૂલમાં એ જોડાયા. એ અરસામાં અંબુભાઈ પુરાણીએ ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિને બરાબર વેગ આપવા માંડ્યો હતો. ૧૯૨૪-૨૫ના ગાળામાં એમણે કપડવણજમાં પણ વ્યાયમ શાળા શરૂ કરી. કિશોર રાજેન્દ્રને આ વ્યાયામ પ્રવૃત્તિમાં એટલે સુધી રસ પડ્યો કે ત્યારે અંગ્રેજી બીજા ધોરણમાં તે નાપાસ થયા ! વ્યાયામશાળાની પ્રવૃત્તિઓએ એમના જીવનમાં હિમ્મત અને સાહસનો સંચાર કર્યો. જો કે એમણે અભ્યાસ આગળ ચલાવ્યો અને ૧૯૩૦માં મેટ્રિકમાં આવી પહોંચ્યા. પરીક્ષાનું આવેદનપત્ર ભર્યું. પણ ત્યાં જ વિક્ષેપ ઊભો થયો. પરીક્ષા પડતી મૂકી એમણે આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. માતા લલિતાબહેન પણ ત્યારે રાષ્ટ્રિય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંડેલાં તો આ યુવાન પુત્ર કેમ બેસી રહી શકે ?

એક તરફથી દેશદાઝની ભાવનાનો જુવાળ તો બીજી તરફથી સારી ન કહી શકાય તેવી પારિવારિક આર્થિક સ્થિતિની વાસ્તવિકતા ! માતા પોતાના એકના એક પુત્રને ભણીગણી જીવનમાં સ્થિર થયેલો જોવા ઝંખતા હતાં. પુત્રને પણ માતાની આ આશા-અપેક્ષા સ્પર્શી ગઈ. ૧૯૩૨માં મેટ્રિકની પરીક્ષા આપી ઉત્તીર્ણ થયા અને પડતા મુકાએલા અભ્યાસનું પુનઃ સંધાન થયું. દરમિયાનમાં ૧૯૩૧માં મંજુલાબહેન આગ્રાવાલા સાથે એમનું લગ્ન ગોઠવાયું. એ પ્રસન્ન દામ્પત્યનું આ બીજ આજે તો મહોરીને વિશાળકાય વડલો બની ગયું છે - ૧૯૩૨માં પ્રથમ પુત્રી યોગિનીબહેનનો જન્મ, જેમનું અલ્પાયુમાં અવસાન થયું; ૧૯૩૬માં જયેષ્ઠ પુત્ર પિનાકિનનો જન્મ, ૧૯૩૯માં ઇલાબહેનનો, ૧૯૪૨માં પીયૂષભાઈનો, ૧૯૪૪માં કૈવલ્યભાઈનો, ૧૯૫૧માં વિભૂતિબહેનનો અને ૧૯૫૬માં નિયતિબહેનનો જન્મ. આજે તો પૌત્ર-પ્રપૌત્રો અને દૌહિત્રોથી હર્યાભર્યા સંસારમાં પ્રસન્નમધુર જીવન એઓ વ્યતીત કરી રહ્યા છે.

અલબત્ત, એમની આ પ્રસન્નતાનું મૂળ છે. અંતરની અલિપ્તતામાં. શ્રીમન્નસિંહાચાર્યના અંતેવાસી માસ્તરસાહેબની આ બે પંક્તિઓ એમણે બરાબર પચાવી છે :

'પ્રસન્નતાને કદી નવ તજીએ,
પ્રસન્ન સૌ સ્થિતિમાં રહીએ.'

તમે એમને જ્યારે મળો ત્યારે સદા પ્રસન્નચિત્ત જ હોય. હંમેશાં નિર્મળ મુક્ત હાસ્યથી ચહેરો ઓપતો હોય. ગમે તેવી વિટંબણાઓ વચ્ચે પણ એ પ્રસન્ન જ હોય. એમના ગુરુઓ ઉપેન્દ્રાચાર્ય અને ત્રિલોકચંદ્રસૂરિની આ દેણગી, નહિતર જીવનમાં એમણે કંઈ ઓછું વેઠ્યું નથી.

મેટ્રિક થઈ ૧૯૩૩માં ઉચ્ચ કેળવણી માટે એ મુંબઈની વિલ્સન કૉલેજમાં જોડાયા. આર્થિક સ્થિતિ આ વખતે પણ નબળી જ. આથી અભ્યાસ સાથે આર્થોપાર્જનની વ્યવસ્થા કરવી અનિવાય. આ માટે ત્યાં 'સી. પારેખ એન્ડ કંપની'માં કોટન મર્ચન્ટને ત્યાં નોકરી લીધી, ગાડું ગબડતું હતું. ત્યાં મલેરિયા લાગુ પડ્યો અને એમણે મુંબઈ છોડી વડોદરા આવવાનું નક્કી કર્યું. અને ૧૯૩૪માં 'બરોડા કૉલેજ'માં ત્યારે ઇન્ટર આર્ટ્સમાં જોડાયા. માતા અને પત્નીને પણ ત્યાં બોલાવી લઈ આ વિદ્યાર્થીએ ગૃહસ્થાશ્રમ શરૂ કરી દીધો. આર્થિક મુશ્કેલીઓને પહોંચી વળવા ખાનગી ટ્યુશનોનો સહારો લીધો. આમ, ભણતા ગયા ને ભણાવતા ગયા. એમ કરતાં ૧૯૩૭માં તત્ત્વજ્ઞાન વિષય રાખીને બી.એ. થયા અને એમ.એ.નો અભ્યાસ કરવા અમદાવાદ આવી વસ્યા. ગુજરાત કૉલેજમાં દાખલ થઈ એમ.એ.નો અભ્યાસ શરૂ કર્યો. આર્થિક સંકડામણ તો હતી જ. આથી ભગુભાઈનાં વંડામાં ચાલતી શાળામાં નોકરી સ્વીકારી. ત્યાંથી એ અરસામાં જ શરૂ થયેલી મહિલાઓની સંસ્થા 'જ્યોતિસંઘ'માં અલબત્ત, પગાર બહુ મોટો નહિ એટલે ફાજલ સમયમાં ખાનગી ટ્યુશન આપવાનું શરૂ કર્યું. પરિણામ એ આવ્યું કે એકાદ સત્ર ભરીને એમ.એ.નો અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો.

'જ્યોતિસંઘ'માં ચારેક વર્ષ નોકરી કર્યા પછી સ્વતંત્ર વ્યવસાયમાં ઝંપલાવવાનું મન થતાં એલિસબ્રિજ વિસ્તારમાં વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલથી થોડે આગળ જતાં 'ગૃહસાધન' નામે મોદીખાનાની દુકાન શરૂ કરી. વળી, થોડા વખતમાં જ ગ્રાહકોની માંગને વશવર્તીને

એમણે 'ઇંધન' નામે કોલસાનો સ્ટોર પણ શરૂ કર્યો. ત્યારબાદ એકાદ વર્ષે એટલે કે, ઇ. સ. ૧૯૪૩ના અરસામાં 'ગૃહસાધન'ની એક શાખા વતન કપડવણજમાં પણ શરૂ કરી. આ ઉપરાંત અમદાવાદના ઘીકાંટા વિસ્તારમાં આવેલ રેંટિયાવાડીમાં એક મિત્ર સાથે ભાગીદારીમાં 'સી.આર.એસ. ટેક્ષટાઈલ વર્ક્સ' નામે બોબિન બનાવવાનું કારખાનું શરૂ કર્યું. મોદીખાનાની તથા કોલસાની દુકાનો બેએક વર્ષ તો બરાબર ચાલી; પણ આ કવિજનને નસીબે યારી ન આપતાં એ દુકાનો બંધ કરી દેવાની વેળા આવી.પેલા બૉબિનના કારખાનાનું પણ એમ જ બન્યું.

હવે એમણે મુંબઈ ભણી મીટ માંડી. ૧૯૪૫માં એ મુંબઈ ગયા અને ત્યાં 'સ્વદેશી ડાઈંગ એન્ડ બ્લીચિંગ'માં ત્રણચાર માસ સુધી સેક્રેટરી તરીકે કામગીરી બજાવ્યા બાદ જંગલોમાં લાકડાં કાપવાનો કોન્ટ્રાક્ટ રાખતી 'આર.જે. શાહ એન્ડ કંપની'માં નોકરી માટે જોડાયા. આ નોકરી છેક ૧૯૫૧ સુધી ચાલી. આ નિમિત્તે વારંવાર થાણાનાં જંગલોમાં જવાનું થતું એટલે વન્ય પ્રકૃતિનો પ્રત્યક્ષ અનેરો લાભ એમને મળ્યો. એમનાં કાવ્યોમાં આનું પ્રતિબિંબ પણ ઝિલાયું છે. મુંબઈથી થાણા વચ્ચેના આવા એક પ્રવાસ દરમિયાન એમણે આકાશમાં ઊગેલી અજવાળી બીજનું દર્શન ગાડીમાંથી કર્યું. આછી તેજરાખાના વર્તુળમાં છવરાયેલા બીજના બંકિમ ચંદ્રને જોઈ પેલી પ્રસિદ્ધ પંક્તિઓ સૂઝી આવી :

તને જોઈ જોઈ તો ય તું અજાણી
જાણે બીજને ઝરૂખડે ઝૂકી'તી પૂર્ણિમા
ઝાઝેરો ઘૂમટો તાણી.

આ નોકરી એમણે ૧૯૫૧માં છોડી અને ત્યારથી 'પાયોનિયર ટ્રેડર્સ'ને નામે કાગળનો વેપાર શરૂ કર્યો. ૧૯૫૫ સુધી આ વેપાર ચાલુ રાખ્યો, પણ પછી એ જ વર્ષે ગિરગામ રોડ વિસ્તારમાં ભાલ મલજી અને અન્યોના ભાગમાં 'લિપિની' નામે છાપખાનું શરૂ કર્યું. પોતે આ છાપખાનામાં ૧૯૭૦ સુધી કાર્યરત રહ્યા, પણ ૧૯૬૯માં ટાઈફોઇડની બીમારી આવી અને સારવાર-આરામ માટે રાજકોટમાં, અમદાવાદના વસવાટ દરમિયાન જેમની સાથે આત્મીય મૈત્રી સધાઈ હતી તે સુશીલાબહેન વૈદ્યને ત્યાં, રહ્યા. ઉપરાઉપરી ઊથલા સાથેની આ માંદગી બેતાળીશ દિવસ ચાલી. જો કે આ માંદગીમાં કોઈ પણ પ્રકારની ભીતિની લાગણી જન્મવાને બદલે કેવળ આનંદનો જ અનુભવ થઈ રહ્યો. એમણે ત્યારે જ વ્યવસાયમાંથી નિવૃત્તિ લેવાનું મનોમન નક્કી કરી લીધું, અને પુત્ર કૈવલ્યને મુંબઈનું 'લિપિની' મુદ્રણાલય સોંપી વાસ્તવિક નિવૃત્તિ લઈ પોતાના વતન કપડવણજમાં જઈને વસ્યા. નોકરીમાં તો ફરજિયાત નિવૃત્તિ આવે, પણ પોતાના જ વ્યવસાયમાંથી સ્વેચ્છાએ નિવૃત્તિ લેવી એ સાચી અનાસક્તિ વગર સંભવિત નથી. એમણે આ નિવૃત્તિ દરમિયાન કપડવણજની સામાજિક સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી તે સંસ્થાઓને સમૃદ્ધ કરવામાં ફાળો આપ્યો.



તાજેતરમાં જ નરસિંહ મહેતા ગૌરવ પુરસ્કારથી પુરસ્કૃત, નખશિખ સજ્જન, સદાપ્રસન્ન, કલકત્તા ખાતે મળનારા ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૭મા અધિવેશનના વરાએલા પ્રમુખ અને રોમેરોમ નરવા કવિ

રાજેન્દ્ર શાહ

વળી, વચ્ચે પોતાના ગુરુ ત્રિલોકચંદ્રસૂરિએ સ્થાપેલા ઉત્કંઠેશ્વરના યોગાશ્રમના વહીવટને વ્યવસ્થિત કરવતા એક ટ્રસ્ટી તરીકે ત્યાં રહીને પણ કેટલાંક વર્ષ ગાળ્યાં. જો કે અત્યારે એ બધું વ્યવસ્થિત બનતાં શ્રી રાજેન્દ્ર શાહ પોતાની આત્મજા સંસ્થા 'કવિલોક ટ્રસ્ટ'ને અને પોતાની આત્મીય પ્રવૃત્તિ કાવ્યલેખનને પોતાનો સમય આપી રહ્યા છે. તાજેતરમાં જ ગુજરાત સરકારે એમનું નરસિંહ મહેતા પુરસ્કારથી સન્માન કર્યું ત્યારે તે એક લાખની રકમમાંથી એકાવન હજાર રૂપિયા તેમણે 'કવિલોક ટ્રસ્ટ'ને દાનમાં આપી દઈ પોતાની અપરિગ્રહ વૃત્તિની એક વધુ પ્રતીતિ કરાવી આપી.

આવા પ્રસન્નચિત્ત, ઉમદાદિલ, નખશિખ સજ્જન અને મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહની કાવ્યયાત્રા પણ નોંધપાત્ર રહી છે. ૧૯૩૦ પહેલાંથી એમનામાં આ કાવ્ય સંસ્કારો જાગવા લાગેલા. પિતાજી કેશવલાલ શાહ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના અંતરંગ વર્તુળમાંના એક

બની ગયા હતા, એટલે એમા નિધન પછી પણ માતા-પુત્ર શ્રેયસ્સાધક વર્ગના કાર્તિક અને ફાગણમાં આવતા ઉત્સવોમાં ભાગ લે. ત્યાં ઉપેન્દ્રાચાર્યનું સંગીત સાંભળવાનો લાભ મળે. એકવાર કાર્તિકી પૂર્ણિમાના ઉત્સવમાં ઉપેન્દ્રાચાર્યનું ગીત 'પથ્થર પર પાણીનો ધોધ' સાંભળ્યું. એ ગીતનાં લયાન્દોલન અને ભાવોર્મિ-વિચારોર્મિ અસંપ્રજ્ઞાતપણે એમના ચિત્તમાં જડાઈ ગયાં. વળી, એ જ અરસામાં એટલે કે ૧૯૩૦માં સ્વાતંત્ર્યનું આંદોલન શરૂ થયું. ગામેગામ સભાસરઘસોનું આયોજન થાય, અને ગામમાં કોઈ નેતાનું ભાષણ થવાનું હોય તે પહેલાં પૂર્વ તૈયારી રૂપે ગીતો ગવાય. કપડવણજમાં પણ આવી એક સભાની પૂર્વે ગીતો ગવાયાં. યુવાન રાજેન્દ્રે એકચિત્ત થઈ એ ગીતો સાંભળ્યા. પ્રથમ જ વાર હૃદયપાતાળ ફોડીને ઊર્મિનું ઝરણું બહાર આવવા મથી રહ્યું. એક તરફથી રાષ્ટ્રભક્તિની હાકલ હતી તો બીજી તરફથી ઉપેન્દ્રાચાર્યનાં સંગીતમઢ્યાં ગીતોની છાલક હતી. આ અસર નીચે એમણે રાષ્ટ્રભાવને કેન્દ્રમાં રાખી ઉપર જણાવી તે ઉપેન્દ્રાચાર્યની 'પથ્થર પર પાણીનો ધોધ' પંક્તિ લઈ એમણે એક ગીતરચના કરી. રાજેન્દ્ર શાહનો કવિ જન્મ, આમ, ગીતમાં થયો છે અને આપણે અનુભવીએ છીએ કે ગીત એમની સકલ કાવ્યસૃષ્ટિનું અનેરું સિદ્ધિશિખર છે.

પછી તો કપડવણજમાં વ્યાયામશાળાએ જતાં-આવતાં યુવાન રાજેન્દ્રને વિચારો આવવા લાગ્યા કે, મારાથી કવિતા ન લખાય ? એ માટે એમણે પ્રથમ નાનાલાલનું વાચન આરંભ્યું. એ અસર નીચે નવરાત્રિના કેટલાક ગરબા પણ રચ્યા. કલાપીનું વાચન થતું હતું તેને પોચટ કહી માતાએ અટકાવ્યું. એમનામાં પ્રચ્છન્ન પડેલો કવિ પ્રકટ થવા માટે હજુ ગૂંગળામણ અનુભવતો હતો. એવામાં હાથ ચડી ગયું 'કુમાર'. એમાં પ્રકટ થતી કવિતાએ એમના મનને જકડી લીધું. ત્યારે 'કુમાર'માં સુન્દરમ્, ઉમાશંકર, રામપ્રસાદ શુકલ, દેશળજી પરમાર, ઇન્દુલાલ ગાંધી, શ્રીધરાણી વગેરેની કૃતિઓ પ્રકટ થતી હતી. એ કાવ્યકૃતિઓ પર નાના અક્ષરે મુકાતાં છંદોનાં નામથી રાજેન્દ્ર છંદો તરફ આકર્ષાયા. પણ છંદો શીખવા કેમ કરીને ? ગામમાં શીખવે કોણ ? હા, ત્યારે સ્વાતંત્ર્યની ચળવળ નિમિત્તે કપડવણજ આવેલા અમદાવાદની નવચેતન હાઈસ્કૂલના શિક્ષક શ્રી અમૃતલાલ પંડ્યા પાસે છંદો શીખવાનો થોડોઘણો પ્રયાસ કરી જોએલો; પણ ખાસ કંઈ વળ્યું નહિ. લઘુની 'લ' અને ગુરુની 'ગા' સંજ્ઞાઓનું પણ ત્યારે ભાન નહિ. શ્રવણનો આંતરકર્ણ સતેજ હતો. એટલે છંદના પઠનલયો મનમાં ગુંજ્યા કરતા - જેમ કે શિખરિણી છંદનું બંધારણ 'લગાગાગાગાગા લલલલલગા ગાલલલગા' ને સ્થાને એ જાતે જ 'ન'ની સંજ્ઞા વાપરી 'નનાનાનાનાના નનનનનના નાનનનના' એમ ગણગણતા. આ રીતે શાસ્ત્રીય પદ્ધતિ છોડી કેવળ આંતરસૂઝથી એઓ છંદોને કંઈક અંશે આત્મસાત કરવા મથતા હતા. સ્વાતંત્ર્યની લડતનો એ કાળ હતો. એ ગાળામાં તેઓ લડતમાં સક્રિય થયા. લસુંદ્રાની શિબિરમાં નગીનદાસ પારેખના વ્યક્તિત્વ અને એમના ભાષામાધુર્યથી આકર્ષાયા. 'કાન્ત' અને નરસિંહરાવની કવિતાનું વાચન ઉમેરાયું.

લડતમાંથી પાછા ફર્યા પછી એમણે શબ્દકોશનું વાચન શરૂ કર્યું. આમ કરવાથી પ્રાસયોજના માટે કવિને જબરો લાભ થાય છે, એવું એ માને છે, અને એમની આ માન્યતાની પ્રતીતિ એમનાં કાવ્યો આપણને કરાવી પણ આવે છે. આટલી તૈયારી સાથે રાજેન્દ્ર શાહ મુંબઈમાં વિલ્સન કોલેજમાં દાખલ થયા અને ત્યાં પ્રોફેસર રમણ વકીલે એમની પ્રથમ કાવ્યકૃતિ કોલેજના મુખપત્ર 'વિલ્સોનિયન'માં ૧૯૩૩માં પ્રકટ કરી. આથી એ યુવાન કવિને, જેમ કોઈ પણ નવકવિને થાય તેમ, પોતાની પ્રથમ રચનાના પ્રાકટ્યનો આનંદ તો થયો જ; પરંતુ સર્જનના શ્રેષ્ઠ શૃંગને સર કરવા ઝંખી રહેલા એમનામાંના સાચા સર્જકને તો હજુ અસંતોષ જ હતો. આ મનઃસ્થિતિમાં તેઓ મુંબઈ છોડી વડોદરા વસ્યા. કાવ્યોનું વાચન ચાલુ જ હતું. ત્યારે ૧૯૩૩માં પ્રકટ થયેલા શ્રીધરાણીના કાવ્યસંગ્રહ 'કોડિયાં'એ એમના ચિત્તનો કબજો લઈ લીધો. એમની કાવ્યબાનીનું આકર્ષણ એવું કે આખોય સંગ્રહ એમને કંઠસ્થ થઈ ગયો !

આવી અને આટલી સર્જકસજ્જતા સાથે ૧૯૩૭માં અમદાવાદમાં આવવાનું બન્યું અને વર્ષોથી પ્રિય 'કુમાર' માસિકના તંત્રી સદ્ગત બચુભાઈ રાવતના પરિચયે ત્યાં ચાલતી 'બુધસભા'માં નિયમિત જવાનું બનવા લાગ્યું. કાવ્ય સર્જનની જાણે (અનુ પૃ. ૪૮૪ પર)

લઘુકથા

ક્ષણિક

દુર્ગેશ ઓઝા

બંટીના વધતા જતા તોફાનથી હું તો તંગ આવી ગઈ. આજે ફરી એક રાવ આવી હતી. ચંદનના મમ્મીએ મને સંભળાવ્યું : 'તમારા દીકરાને જરાક વશમાં રાખો. આવી રીતે નાક ઉપર મરાતું હશે ?' ચંદનનું લોહીભર્યું નાક તે સક્રોધ બતાવી રહી. મેં બંટીને એક લગાવી દીધી ને તતડાવ્યો : 'સાંભળે છે ને બધું ? તારે લીધે મારે આ બધી માથાકૂટ... તું ક્યારે સુધરીશ ?'

'મમ્મી, મેં નાક ઉપર માર્યું જ નથી.'

'તો આ લોહી અમસ્તુ અમસ્તુ જ નીકળ્યું, એમ ? મને બનાવે છે ?'

'ના મમ્મી, એણે મને ગાલ ઉપર તમાચો માર્યો'તો એટલે મેં પણ... પણ મમ્મી... એણે મોઢું ફેરવી લીધું. એટલે નાક પર લાગી ગયું. એમાં હું શું કરું ?'

'પણ ધ્યાન તો રાખવું જોઈએ ને ?' કહેતાંકને હું ચમકી... એનું શર્ટ...

'બંટી, આ શું ? હમણાં જ તને અપાવ્યું એ નવું શર્ટ ?!! આ બધા લોહીના ડાઘા ક્યાંથી પાડી લાવ્યો ?'

મેં તમાચો લગાવવા હાથ ઊઠાવ્યો ત્યાં જ ચંદન બોલી ઊઠ્યો : મને નાકમાંથી લોહી નીકળતું'તું ને.. એ બંધ નહોતું થતુંને એટલે પછી છે ને, બંટીએ મને એના નવા શર્ટથી લૂછી દીધું, એટલે... એટલે...'

ને 'અમે બંને' હસી પડ્યાં... બેય ફરી મસ્તીમાં ગુલતાન થઈ ગયા હતા.

સાવ નજીવી વાત

બહાદુરભાઈ જ. વાંક

બજારમાં શાકભાજી લેવા જતાં પ્રમોદરાય ઉતાવળમાં જોરથી એક છોકરા સાથે અથડાયા. છોકરાના હાથમાં રહેલાં બે-ત્રણ પુસ્તકો નીચે પડી ગયાં. પોતાના ખભા ઉપર હાથ ફેરવતો છોકરો પ્રમોદરાય ઉપર ધૂંઆપૂંઆ થઈ ઊઠ્યો. એટલે પ્રમોદરાયે 'સૉરી' કહેતાંકને દિલગીરી વ્યકત કરી. તોંય છોકરો તો લવારો કરતો જ રહ્યો. બાજુની દુકાનનો કરિયાણાવાળો છોકરાને જરા ઓળખતો હોઈ, સમજાવીને તેને જુદો પાડ્યો.

પ્રમોદરાય શાકવાળા પાસેથી શાકભાજી ખરીદતાં બોલ્યા: 'સાલા ! નવી પેઢીના છોકરા કોણ જાણે સાવ કેવા ઉદ્ધત થઈ ગયાં છે ! નાના-મોટાનો કોઈ ભેદ જ નહિ કે નહિ તેમનામાં કોઈ માન-મર્યાદા !'

શાકવાળો તેમનું શાક જોખતાં બોલ્યો : 'ચાલ્યા કરે... છોકરું છે તે બોલ્યા કરે'...

એટલે પ્રમોદરાય અંદરખાને વધુ સમસમી ઊઠ્યા, પણ વિશેષ કંઈ ન બોલતાં જલદી જલદી ઘરે આવ્યા. થેલીનો એક બાજુ ઘા કરી, પોતાનો ગુસ્સો ઉતારવા તેમણે આંખ-મોં ઉપર પાણીની છાલક મારી.

તેમના ચહેરાના ભાવને કંઈક પામી જતાં પત્ની શારદાબહેન બોલ્યાં : 'કેમ કંઈ બજારમાં થયું તો નથીને...'

પ્રમોદરાયે પાણીનો ઘૂંટડો ગળે ઉતારતાં બધી વાત કહી સંભળાવી, ને બોલ્યા : 'એક શાકભાજી જેવી વસ્તુ પણ ખરીદવા તું બજારમાં જઈ શકતી નથી, એ ય મારા માથા ઉપર. તને તો ખબર છે, મને બજારમાં પગ મૂકવો પણ ગમતો નથી...'

'હશે, એમાં શું થઈ ગયું ? એવાં છોકરા તો બોલ્યા કરે...' શારદાબહેન શાકની થેલી હાથમાં લેતાં બોલ્યાં.

'સાલો, છોકરોય કેવો ! જાણે મેં તેનું ખિસ્સું જ કેમ ન કાપી નાખ્યું હોય ! બસ એમ જ...' ઑફિસે જવાની તૈયારી કરતા પ્રમોદરાય બોલ્યા.

શારદાબહેન ફરી સ્પષ્ટતા કરતાં બોલ્યાં : 'એ તો રમાને સામા મહિના ચાલે છે એટલે હું બજારમાં નીકળી શકતી નથી... નહિ તો હું જ શાકભાજી લેવા જઉં છું ને ?'

શારદાબહેનની વાત પણ વાજબી હતી... તેમની દીકરી રમા હમણાં સુવાવડ કરવા આવેલ હોઈ, તેઓ તેની આળપંપાળ કરવામાંથી જ ઊંચાં આવી શકતાં નહોતાં.

થોડીવાર પછી પ્રમોદરાય જમવા બેઠા. જમતાં જમતાં બોલ્યા : 'બીજું તો કંઈ નહિ, પણ સાલો છોકરો એટલું પણ જોતો નથી કે સામે કોણ માણસ છે... ને એની સાથે કેમ વાત કરાય... મેં દિલગીરી વ્યકત કરી તો ઊલટો વધુ ને વધુ...'

શારદાબહેન ફરી તેમને ટોકતાં બોલ્યાં : 'એણે તમને બીજું તો કંઈ કહ્યું નથી, છતાં શા માટે તમે એના ઉપર આટલા બધા...'

'પણ તું જ કહે - ઉતાવળમાં હું તેને જરા ભટકાઈ જાઉં તો, એમાં મેં શું કાંઈ ગુનો કરી નાખ્યો કહેવાય... ?'

'હવે આવી વાતને તમે ગણીને ગાંઠે શા માટે બાંધો છો ? આવું તો ચાલ્યા કરે...' શારદાબહેન તેમને ગરમ ગરમ રોટલી પીરસતાં બોલ્યાં.

ને થોડીકવારમાં જ પ્રમોદરાય જમીને ઊભા થઈ ગયા. એટલે શારદાબહેન બોલ્યાં : 'કેમ આજે ખાસ જમ્યા નહિ ?'

'કોણ જાણે આજે મને ભૂખ જ લાગી નથી...' ને ઑફિસે જવા બહાર નીકળતાં તેમણે ઘડિયાળમાં જોયું, ને બબડી ઊઠ્યા : 'આજે હું શાક લેવા ગયો તેમાં મારે ઑફિસનું પણ મોડું...'

ઉતાવળ કરવા છતાં પ્રમોદરાય ઑફિસે દસેક મિનિટ મોડા પહોંચ્યા. સહી કરવા માટે મસ્ટર ખોલીને જુએ છે તો તેમના નામની બાજુમાં લાલ ચોકડી મુકાઈ ગઈ હતી. તેઓ અંદરખાને સમસમી ઊઠ્યા, પણ કશું જ બોલ્યા નહિ.

થોડીવાર પછી ઓ.એસ.એ તેમને પાસે બોલાવીને પૂછ્યું : 'હમણાં હમણાં તમે કેમ લેઈટ થઈ જાઓ છો ?'

પ્રમોદરાય કંઈક નારાજગીથી બોલ્યા : 'કુંટુંબવાળા માણસને હજાર કામ હોય, એમાં પાંચદસ મિનિટ મોડા આવવામાં તમે નામ સામે લાલ ચોકડી મારી દો એ વાજબી ન ગણાય...'

'જો કામ જ હોય તો પછી લાંબી રજા ઉપર કેમ ઊતરી જતાં નથી ? તમારા જેવા સિનિયર કર્મચારી જો મોડા આવે તો બીજાને હું શું કહી શકું ?' ઓ.એસ.એ પોતાનો મોભો જમાવ્યો.

ને કોઈ દિવસ નહિ ને, આજ પહેલી જ વખત પ્રમોદરાય રોષથી બોલી ઊઠ્યા : 'તો પછી ધારાધોરણ પ્રમાણે તમારાથી જે થતું હોય તે કરી લેવું...'

ઓ.એસ. પ્રમોદરાયના રૂઆબથી કંઈક અંજાઈ જતા હોય તેમ ઠંડા પડી ગયા. 'તમે નિવૃત્તિના આરે ઊભા છો એટલે હું તમને વધારે શું કહું ?'

'હું પણ મારી ફરજને સારી રીતે સમજું છું.' ને પ્રમોદરાય કામમાં પરોવાયા. પણ કામમાં તેમનું ચિત્ત ચોંટી શકયું નહિ. મસ્ટરમાંની લાલ ચોકડી કયાંય સુધી તેમના મનમાં ઘૂંટાયા કરી. નામની સામે મુકાયેલી લાલ ચોકડી જાણે તેમના અસ્તિત્વ ઉપર જ મુકાઈ ગઈ હોય તેમ તેમને આજે પહેલી વખત લાગ્યું !

રિસેસમાં તેમણે સ્ટાફના કેટલાક કર્મચારીઓ સમક્ષ ઓ.એસ.ની તુમાખીની થોડી ઝાટકણી કાઢી.

એટલે મહેતાભાઈ નામના એક પીઢ કર્મચારી બોલ્યા : 'ઓ.એસ. આપણા કરતા દસેક વર્ષ નાના છે, એટલે કદાચ તેમનામાં છોકરમત હોય, એમાં આપણે તેનું શા માટે માઠું લગાડવું જોઈએ ?'

'માઠું તો લાગે જ ને. એ આપણા કરતાં દસ વર્ષ નાના છે,ને આપણા જેવા સીનિઅરને...' પ્રમોદરાય બોલ્યા.

'એમાં ઓ.એસ.નો પણ દોષ નથી. એની ઉંમર જ મુગ્ધાવસ્થાની. ને તેમાં વળી પાછી સત્તા...' શાહભાઈ ઓ.એસ.નો કાંઈક બચાવ કરતા બોલ્યા.

'હા, તમારી વાત પણ સાચી છે, કોણજાણે નવી પેઢી હવે દિવસે દિવસે સાવ છીછરી જ થતી જાય છે.જરાક એની હડફેટે આવ્યા,એટલે મર્યા જ સમજો...'ને ચા પીતાંપીતાં પ્રમોદરાયે શાક માર્કેટમાં બનેલી ઘટના બધાને કહી સંભળાવી ને ઊમેર્યું : 'આજની નવી પેઢીના છોકરા પણ કોણ જાણે કેવા વિકૃત થઈ ગયા છે ! નહિતર આમાં તમને મારો કંઈ પણ દોષ દેખાય છે ? છતાંય પેલાએ તો મારું મોઢું જ તોડી લીધું.'

ત્યાં વ્યાસભાઈ તેમને પાનો ચઢાવતા બોલ્યા : 'તમારે એ વખતે જ છોકરાનો કાઠલો પકડવાની જરૂર હતી...આવા લોકો સામે ફૂંફાડો ન રાખીએ તો તો આપણને જીવવા જ ન દયે...'

'અરે, એટલે જ તો મેં ઓ.એસ.ને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું ને – થાય તે કરી લેવું. આમેય મારે હવે નોકરીમાં ક્યાં ઝાઝાં વર્ષો કાઢવાનાં છે...' પ્રમોદયરાય કંઈક ઉકળાટથી એકધારું બોલી ગયા.

અચાનક વચ્ચે વ્યાસભાઈ ફરી બોલ્યા : 'પછી તમે પેલા છોકરાને કશું જ ન કહ્યું ?'

'હું તેને વધારે કંઈ કહું એ પહેલાં તો તે ત્યાંથી ચાલ્યો ગયો હતો. નહિ તો થોડી એની પણ લેફ્ટ રાઈટ લેત...' ને ભમરી ભોણ ખોતરે તેમ સવારની ઘટના પ્રમોદરાયના ચિત્તમાં ઉંડિ ને ઉંડિ...

રાત્રિના પ્રમોદરાય વાળુ કરીને મોંમાં પાન ચઢાવીને પડોશના પોપટભાઈ સાથે વાતોના ગપાટા મારી રહ્યા હતા.

ત્યાં અચાનક પોપટભાઈ પોતાની હૈયાવરાળ ઠાલવતાં બોલ્યા : 'મારો છોકરો ગઈ સાલ તો એસ.એસ.સી.માં નાપાસ થયો હતો, ને આ વરસે ચોરી કરતાં ઝડપાઈ ગયો.'

'તમારે જરા એને દાબમાં રાખવો જોઈએ.' સૂચન કરતા પ્રમોદરાય બોલ્યા.

'નવી પેઢીના છોકરાઓને કેવી રીતે સમજાવવા અને તેમને કઈ રીતે લાઈન ઉપર લાવવા એ જ તો મને સમજાતું નથી...' પોપટભાઈએ પોતાની દ્વિધા રજૂ કરી.

'હું તો આવા છોકરાને એક દિ' પણ ઘરમાં ન સંઘરું... બહાર જ કાઢી મૂકું.' પ્રમોદરાય બોલ્યા.

'પણ મૂળ પ્રશ્નનું આ સોલ્યુશન તો નથી જ... ઊલટું આથી તો છોકરો ક્યાંક નાસી જાય, ને આપણને જ વધુ મુશ્કેલીમાં...' પોપટભાઈએ પોતાની લાચારી દર્શાવી.

'હા, તમારી વાત પણ વિચારવા જેવી તો ખરી જ. નવી પેઢીના છોકરાઓ પાસેથી કેમ કામ લેવું એ બાબત મને પણ ક્યારેક ક્યારેક મૂંઝવે છે...' ને પ્રમોદરાયે શાક માર્કેટમાં બનેલી ઘટના પોપટભાઈને કહી સંભળાવીને ઉમેર્યું : 'સાલો છોકરો મને પણ બરાબરનો ભટકાઈ ગયો...'

'એ તો તમે સજ્જન માણસ... બીજો કોઈ હોત તો છોકરાને બરાબર પદાર્થપાઠ ભણાવત.'

'આમ તો મને પણ બરાબરનો ગુસ્સો ચઢી ગયો હતો. એ તો વચ્ચે એક ભાઈ પડ્યા, નહિ તો હું તેને બરાબર...'

ત્યાં પોપટભાઈ પોતાની મૂળ દ્વિધા રજૂ કરતા બોલ્યા : 'મને મારા છોકરાનું વરસ બગડ્યું તેનો રંજ નથી, પણ ચોરી કરવા સબબ તેના ઉપર કોઈ ફોજદારી કેસ કે અન્ય કંઈ પણ પગલાં ન લેવાય તેમ ઇચ્છું છું. તમારા મોટા પુત્ર હાઈ સ્કૂલમાં શિક્ષક છે, તેમની વગ લગાડી તમે આમાં મને કંઈ પણ મદદ કરી શકો ?'

પ્રમોદરાયનો મોટો પુત્ર ગામમાં જ પોતાના કુટુંબ સાથે જુદો રહેતો હતો.

'તમે ચિંતા ન કરો... હું કંઈક રસ્તો કાઢીશ...' પ્રમોદરાય પોપટભાઈને આશ્વાસન આપતા બોલ્યા.

પણ ઉંડિ ઉંડિ ખુદ પ્રમોદરાયને લાગી રહ્યું હતું કે જાણે તેઓ પોતે જ ચિત્તની આંધળી ગલીમાં કેમ ભૂલા ન પડી ગયા હોય ! અલબત્ત, આવું કેમ અને શાથી લાગી રહ્યું હતું એની તો તેમને પણ ખબર પડી શકી નહોતી.

પ્રમોદરાયની પુત્રીએ પુત્રને આજે જન્મ આપ્યો હોઈ, તેમને બજારમાં ઘી લેવા જવાની ફરજ પડી. ઘીની ખરીદી માટે કોણ જાણે તેઓ પેલા કરિયાણાવાળાની જ દુકાને જઈ ચઢ્યા. ઘીની ખરીદી કરતાં કરતાં અચાનક તેમણે કરિયાણાવાળાને પૂછ્યું : 'તે દિવસે પેલો છોકરો મારી સામે લવારો કરતો હતો, તેને તમે ઓળખો છો ?'

'હા, પહેલાં હું તેમની સોસાયટીમાં રહેતો હતો, એટલે તેને – તેના કુટુંબને જરા જરા ઓળખું છું...'

'છોકરાનું શું નામ છે ? તેનો બાપ શું કરે છે ?' કંઈક ઉત્સુકતાથી પ્રમોદરાયે પૂછ્યું...

'છોકરાનું નામ તો ખાસ યાદ નથી, પણ મનોહર કે એવું કંઈક નામ છે. છોકરો હજુ દસમામાં કે અગીઆરમામાં ભણે છે.. પણ મગજનો જરા ટઇડ છે, એટલે એનું બહુ મનમાં ન લગાડવું...'

'ના... ના... એવું કંઈ નથી...' ઘીની બરણીને સંભાળીને થેલીમાં મૂકતા પ્રમોદરાય બોલ્યા.

ત્યાં જ કરિયાણાવાળો બોલ્યો : 'છોકરાનો બાપ સાવ સીધોસાદો માણસ છે. પોસ્ટ ઑફિસમાં એ કામ કરે છે...'

'એમનું શું નામ છે ?'

'એમના નામની પણ મને ખબર નથી.. પણ અટક કોટેચા કે એવી કંઈક છે...'

'સારું સારું... મારે એ બધું જાણીને શું કામ છે ?' બોલતાક અને પ્રમોદરાય જુદા પડ્યા.

ઘરે આવીને જુએ છે તો તેમનો પુત્ર મહેશ તેની પત્ની સાથે બેઠો હતો. બંને ભાણેજ માટે ઝભલું અને ભેટસોગાદો લઈને આવ્યાં હતાં.

પ્રમોદરાયે મહેશ સાથે થોડીક ઔપચારિક વાત કરતાં કરતાં પોપટભાઈના પુત્ર વિશે વાત છેડી.

મહેશ બોલ્યો : 'એમાં મારાથી કંઈ જ ન થઈ શકે. આવા તોફાની અને રેઢિયાળ છોકરાને તો સજા જ થવી જોઈએ.'

'તારી વાત તો સાચી છે જ, છતાંય બીજી કોઈ રીતે પોપટભાઈને મદદરૂપ થઈ શકે તો સારું...'ને અચાનક પ્રમોદરાય બોલ્યા : 'થોડા દિવસો પહેલાં તારી જ હાઈ સ્કૂલમાં અભ્યાસ કરતા એક છોકરાએ મારી સાથે એવું ઉદ્ધત વર્તન કર્યું હતું કે...'

'તો તમારે તેને એ જ વખતે તમાચો ઝીંકી દેવાની જરૂર હતી...'

'એ તો ઠીક... પણ નવી પેઢીના આવા બેજવાબદાર વર્તન માટે તમારા શિક્ષકોની કંઈ જવાબદારી ખરી કે નહિ ?'

'ના, અમારે ન લાગે કે ન વળગે. છોકરાવને ભણવું હોય તો ભણે નહિ તો...'

'તો પછી તમને લોકોને સરકાર પગાર શા માટે આપે છે ?'

હસતાં હસતાં મહેશે જવાબ આપ્યો : 'બસ, શાળામાં ત્રણ-ચાર કલાક પસાર કરવાનો જ.. બાકી નથી અમને વિદ્યાર્થીઓમાં રસ કે નથી અમને શિક્ષણમાં રસ...'

પ્રમોદરાય કંઈક રોષથી બોલ્યા : ''તમારા જેવી 'મેન્ટાલિટી' ધરાવતાં શિક્ષકોને કારણે જ આજે દેશમાં શિક્ષણનું નામ-નિશાન મટી ગયું છે.''

મહેશ મુદ્દાની વાત કરતા બોલ્યો : 'બાપુજી, આ તો આખા દેશનો સળગતો પ્રશ્ન છે, એમાં તમે શા માટે આટલી બધી ચિંતા કરો છો ?'

આજે પૂજામાંથી પ્રમોદરાય ઊભા થયા કે તરત જ શારદાબહેન બોલ્યાં : 'તમે ભાવનગર, આપણા જમાઈને પુત્રજન્મના સમાચારનો પત્ર લખી નાખ્યો ?'

'ના, એ તો હું સાવ ભૂલી જ ગયો હતો.'

'તમેયતે કેવા છો...! યાદ ન રાખવાનું કેટલું બધું યાદ રાખો ને યાદ રાખવાનું જ...' કાંઈક નારાજ થતાં શારદાબહેન બોલ્યાં.

'ખેર, તેં યાદ કરાવ્યું એ સારું કર્યું. આજે હવે હું પત્ર નહિ, પણ જમાઈને તાર જ કરી દઈશ...' ને પ્રમોદરાય તૈયાર થઈને ઝડપથી બહાર નીકળ્યા. ઓફિસે જવામાં મોડું ન થાય એટલે રિક્ષામાં જ પોસ્ટ ઓફિસે આવ્યા. જમાઈને વધાઈ આપતો ખુશાલીનો તાર કરી દીધો. એક મોટું કામ કરી નાખ્યું હોય તેવી તેમને નિરાંતની લાગણી થઈ. અચાનક તેમને પેલા છોકરાનો બાપ પણ પોસ્ટ ઓફિસમાં જ નોકરી કરે છે તે યાદ આવી ગયું. છોકરા અંગે તેમની સાથે થોડી વાત કરવાની પણ ઇચ્છા થઈ આવી. એટલે ઓફિસમાં તેમણે પૃચ્છા કરી.

કોઈકે જવાબ આપ્યો : 'હા, કોટેચાભાઈ નોકરી તો કરે છે, પણ અહીં નહિ, ખેતીવાડી કમ્પસમાં આવેલી પોસ્ટ ઓફિસમાં.'

'પણ એ તો બહુ દૂર... એમનો ફોન નંબર હશે ?'

'ફોન નંબર તો છે, પણ તેઓ ત્રણ-ચાર દિ'ની રજા ઉપર હોઈ, તમને મળી નહીં શકે. તમારે કંઈ કામકાજ હોય તો બોલો.'

'ના, કામ તો કંઈ જ નથી.' પ્રમોદરાયે ટૂંકો જવાબ આપ્યો.

આજે નવજાત શિશુનો છઠ્ઠીનો દિવસ હોઈ, ઘરમાં ઉત્સાહનું વાતાવરણ હતું. ગામમાંથી અને બહારગામથી પણ કેટલાંક મહેમાનો આવ્યાં હતાં. છોકરાંઓના શોરબકોરથી ઘરનું વાતાવરણ પણ ધમધમી ઊઠ્યું હતું. પણ કોણ જાણે પ્રમોદરાયને આ બધું જરાય ગમતું નહોતું. કરંડિયામાં પુરાયેલા સાપની જેમ તેમની ચેતના દિવસે દિવસે વધુ ને વધુ સંકોચાતી જતી હતી.

સારું ચોઘડિયું જોઈને અગીઆરેક વાગ્યે બાળકની નામકરણવિધિ શરૂ થઈ. સિંહ રાશિ ઉપરથી નામ આવતું હતું. એટલે 'મ' અને 'ટ' અક્ષરો ઉપરથી શું નામ રાખવું એની બધાં અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યાં. ત્યાં એક બહેન નામ સૂચવતાં બોલી ઊઠ્યાં : 'મને તો છોકરાનું નામ મનોહર જ સારું લાગે છે.'

મહેશની પત્ની આ નામને વધાવી લેતાં બોલી : 'હા, આ નામ જ સારું રહેશે. આમેય છોકરો આપણા મનને હરી લે તેવો રૂપાળો પણ છે !'

ને બધાંની પસંદગી આખરે આ નામ ઉપર જ ઊતરી. સૂતાંસૂતાં આ બધી ચર્ચા સાંભળતાં સાંભળતાં પ્રમોદયરાય ઝડપથી પથારીમાંથી બેઠા થઈ ગયા ને બધા પાસે આવના જરા ઊંચા અવાજે બોલી ઊઠ્યા : 'આવા ચીલાચાલુ તે નામ રખાતાં હશે ? તમને લોકોને કંઈ ખબર પડે છે કે નહિ ?' ☐

સાત વારનું અઠવાડિયું

પ્રફુલ્લ એ. પરીખ

રવિ પછી તો સોમ છે, ત્રીજો મંગળવાર,
ચોથો બુધ, ગુરુ પાંચમો, છઠ્ઠો શુક્રવાર,
શનિવાર તે સાતમો છેલ્લો વાર ગણાય,
એમ એક અઠવાડિયું સાત વારનું થાય.

પ્રાથમિક શાળાઓમાં કવિ દલપતરામની કવિતાઓ ભણાવાતી એ વખતની પેઢીને તો અઠવાડિયાના સાત વારની સમજ આપતી આ પંક્તિઓ આજે યે યાદ હશે. વર્ષ, માસ અને તિથિતારીખની જેમ કાળગણના માટે સાત વારનું આ એકમ આજે તો આપણા રોજિંદા જીવન સાથે ગાઢ રીતે વણાઈ ગયું છે. મહિના અને તારીખની વચ્ચેની એક કડી બની ગયું છે. દુનિયાના જુદાજુદા દેશો અને ત્યાંની પ્રજામાં પ્રચલિત વર્ષના ક્રમાંક જુદાજુદા જોવા મળે છે, મહિનાઓનાં નામોમાં પણ ભિન્નતા છે, પણ આ અઠવાડિયાના સાત વારનાં નામ બધેય એકસરખાં અને એકજ ક્રમમાં કેમ છે એ જાણવાનું આપણને સહેજે કુતૂહલ થાય.

હજારો વર્ષ પૂર્વે અઠવાડિયાનું ચલણ પ્રચલિત હોવાનું જાણમાં નથી. કારણ સાત દિવસના આ એકમને કોઈ કુદરતી ઘટના સાથે સંબંધ નથી. સમયના દિવસ જેવા ભાગ પાડ્યા પછી સાત દિવસના આ એકમની રચના કેમ અને ક્યારે થઈ હશે એ જાણવું રસમય થશે.

યહૂદીઓમાં સપ્તાહનો સાતમો દિવસ 'સાબાથ ડે' (Sabathday) તરીકે ઓળખાય છે. હિબ્રુ ભાષામાં સાબાથ નો અર્થ આરામ કરવો એવો થાય છે. સાબાથના દિવસે રોજિંદા કામકાજ છોડી એ દિવસ ધર્મધ્યાન અને આરામમાં વ્યતીત કરવાનો ઈશ્વરે આદેશ આપ્યો છે એવી એ પ્રજાની માન્યતા છે, અને આ ઈશ્વરી આદેશના પાલનમાં સર્વત્ર યહૂદી પ્રજા એટલી તો ચુસ્ત રહી છે કે તારીખવાર વગરની નૂતન વિશ્વકેલેન્ડરની યોજનાને સ્વીકારવા પણ તેઓ તૈયાર નથી. એમનો 'સાબાથ ડે' એ આપણા શનિવાર નો દિવસ છે.

પાંચ-છ દિવસના સતત રોજિંદા વ્યવહાર અને કામકાજ પછી એક દિવસ ધર્મધ્યાન માટે ફાળવવાની ભાવનામાંથી કે પછી હટાણાં માટે સાતઆઠ દિવસે ભરાતા બજારની પ્રથામાં અઠવાડિયાનું એકમ રચાયું હોય એમ મનાય છે.

કહે છે કે પશ્ચિમ એશિયામાંથી અઠવાડિયાની પદ્ધતિ વિકસીને યુરોપ અને ઉત્તર આફ્રિકાના પ્રદેશોમાં ફેલાઈ હતી. એ કાળે આફ્રિકાના કેટલાક ભાગોમાં ત્રણથી માંડી આઠ દિવસનું અઠવાડિયું પ્રચલિત હતું. મધ્ય એશિયામાં પાંચ દિવસનું અને પ્રાચીન મિસર (ઈજિપ્ત)માં દસ દિવસનું અઠવાડિયું પણ પ્રચલિત હતું. બેબિલોનમાં ચંદ્રની કળાગતિના આધારે મહિનામાં સાતસાત દિવસના ચાર સમયગાળાનું ચલણ હતું. પ્રાચીન રોમમાં દર આઠ દિવસે ગુજરી કે બજાર ભરાતાં એ પરથી અઠવાડિયું ગણાતું થયું હતું. પણ પ્રાચીન ભારતમાં નિશ્ચિત સંખ્યાના દિવસોવાળી અઠવાડિયા જેવી નાના એકમની ગણના પ્રચલિત હોવાનું જાણવા મળતું નથી. વૈદિક સાહિત્યમાં ત્ર્યહ, પંચાહ, ષહ, નવાહ વગેરે શબ્દો મળે છે. પણ તે કાળે અઠવાડિયા જેવી કોઈ ચોક્કસ ગણના પ્રચલિત હોવાનું જણાતું નથી તેમજ રવિવાર સોમવાર જેવા દિવસોનાં વારનામ રખાયાં હોવાની પણ માહિતી મળતી નથી. આમ, દુનિયાના જુદાજુદા દેશોમાં ત્યાંની પરંપરાઓ અને સગવડ પ્રમાણે ત્રણથી આઠ દિવસના અઠવાડિયાની પ્રથાઓ જુદાજુદા સમયે બનીને પ્રચલિત થઈ હોવાનું મનાય છે. વળી, જે દેશોમાં સાત વારનું અઠવાડિયું ગણાતું અને આજે યે પ્રચલિત છે તે દેશોમાં પણ અઠવાડિયાનો આરંભ એક જ દિવસ કે વારથી થતો હોય એવું નથી. મુસ્લિમ દેશો શુક્રવારથી, ખ્રિસ્તીઓ રવિવારથી અને આપણે ત્યાં સોમવારથી અઠવાડિયાનો આરંભ કરે છે. અલબત્ત, આંતરરાષ્ટ્રિય સંપર્કોના વધવા સાથે રવિવાર એ હવે સર્વત્ર રજાનો દિવસ બની ગયો છે, તો કેટલાક દેશોમાં શનિવારે અર્ધા કે આખા દિવસની રજા પણ પાળવામાં આવે છે. યહૂદીઓ એમના કેલેન્ડરમાં પહેલો વાર બીજો વાર અને એ પ્રમાણે આગળ દિવસો ગણે છે.

પ્રાચીન ઈજિપ્તમાં દસ દિવસ નું અઠવાડિયું અને ૩૬૫ દિવસનું (સૌર) વર્ષ ગણતા. દરેક મહિનાના ત્રીસ દિવસ ગણતા. આ રીતે વર્ષના અંતમાં પાંચ વધારાના દિવસો ઉમેરતા કાળાંતરે મહિના ઉપરાંત સાત દિવસનો ટૂંકાવેલો એકમ ગણી તેમાં સૂર્ય, ચંદ્ર અને પાંચ ગ્રહોનાં નામ ઉપરથી દિવસનાં નામ પણ નક્કી થયાં હતાં.

પ્રાચીન બેબિલોનમાં અમાસ પછીના દિવસથી મહિનાનો આરંભ ગણી તેમાં પહેલો, આઠમો અને બાવીસમો દિવસ ધર્મધ્યાન જેવાં ધાર્મિક કાર્યો માટે મુકરર થએલો. આ પ્રથા 'સાબાથ ડે'વાળી યહૂદી પ્રથાને મળતી આવતી હતી. પરંતુ ચાંદ્ર માસના ૨૯/૩૦ દિવસના આધારે મહિનાનું છેલ્લું અઠવાડિયું આઠ અગર નવ દિવસનું રહેતું.

ઈરાનમાં પ્રાચીન કાળમાં તો અઠવાડિયા જેવી કોઈ ગણતરી હતી નહિ, પણ મહિનાના દરેક દિવસના જુદાંજુદાં નામ રહેતાં અને સાતેક દિવસના આંતરે ધાર્મિક કાર્યો, પ્રાર્થના વગેરે માટે બેબિલોનના જેવી પ્રથા પ્રચલિત હતી. ઈરાનથી આવીને ભારતમાં સ્થાયી થએલા પારસીઓ પણ ઈરાનની એ અસલ પ્રથા જાળવી રહ્યા છે. એમના કેલેન્ડરમાં સાત દિવસના સાત નામવાળું અઠવાડિયું નથી.

" કહેવાય છે કે ખગોળશાસ્ત્રના પાયાના વિકાસ ઈ. પૂર્વે સાતમી સદીથી ઈસ્વીસનની ત્રીજી સદીના ગાળામાં, આજના ઈરાક નજીકના પ્રદેશમાં યુફ્રેટીસ અને ટીગ્રીસ નદીના ફળદ્રુપ વિસ્તારમાં વસેલી

ખાલ્ડીઅન પ્રજાના ખગોળશાસ્ત્રીઓને આભારી છે. એ અરસામાં કોઈ ખાલ્ડીઅને કે કોઈ ગ્રીક ખગોળશાસ્ત્રીઓએ જ્યોતિષ શાસ્ત્રને લક્ષમાં લઈને સાતવારના અઠવાડિયાની રચના કરી હશે. યહૂદીઓએ ખાલ્ડીઅન પ્રજાના સંસર્ગ પછી આ ગણના અપનાવી હતી.

ખાલ્ડીઅન પ્રજા માનતી હતી કે સૂર્ય, ચંદ્ર અને પાંચ ગ્રહો એ બધા દેવતાનાં સ્વરૂપો છે અને રાષ્ટ્ર તેમજ વિશ્વના તમામ લોકોના ભાવિનું એ સંચાલન કરે છે. આ સાત દેવતાઓ કોઈ એક પવિત્ર અજ્ઞાત ગુફામાં રહીને પોતાનું કર્તવ્ય બજાવે છે. આથી ખાલ્ડીઅન લોકો સાતના અંકને ગૂઢ ચમત્કારી અંક ગણતા, અને આ સાત દેવતાઓની કૃપાદૃષ્ટિ સમસ્ત માનવજાતના કલ્યાણ માટે જરૂરી સમજતા અને એથી એમની ગતિવિધિઓનો ઊંડો અભ્યાસ કરી તેનાં નિરીક્ષણોમાંથી તારણ કાઢી તેનું અર્થઘટન કરીને ભાવિ નક્કી કરતા.

સૂર્ય ચંદ્ર અને પાંચ ગ્રહોનું દેવસ્વરૂપ ગણી તેમનું આધિપત્ય સ્વીકારીને એ કાળની પ્રચલિત ગ્રહ જ્યોતિષ પદ્ધતિ તથા માન્યતાઓના આધારે એમને સાત વાર સાથે સાંકળી લેવાયા હતા. વારનામનો આ ક્રમ આ ગ્રહો પૃથ્વીથી કેટલા અંતરે દૂર છે તેના આધારે નક્કી કરાયો હતો. આ સાથેના કોઠામાં એ ગ્રહ અને દેવતાનાં નામ તથા તેમના કાર્યો દર્શાવ્યાં છે, જે બેબિલોનીઅન માન્યતા પ્રમાણે છે.

ગ્રહ	દેવતાનું નામ	દેવતાનું કાર્ય
Saturn (શનિ)	Ninib (નિનિબ)	દુર્ભાગ્ય અને મહારોગના દેવ
Jupiter (ગુરુ)	Murduk (મર્ડુક)	દેવોના રાજા
Mars (મંગળ)	Nergal (નરગલ)	યુદ્ધનો દેવ
Sun (સૂર્ય)	Shamash (શમસ)	ન્યાયનો દેવ
Venus (શુક્ર)	Ishtar (ઈશ્તર)	પ્રેમ અને વૃદ્ધિનો દેવ
Mercury (બુધ)	Nabu (નબુ)	લેખન કળા અને સાહિત્યસર્જનના દેવ
Moon (ચંદ્ર)	Sin (સીન)	કૃષિનો દેવ

કાળાંતરે દરેક રાત્રિસહિત વારદિવસના ચોવીસ સરખા ભાગ પાડવામાં આવ્યા. એ કાળે એવુ મનાતું કે ઉપર કહ્યા તે સાત દેવતાઓનું ક્રમવાર આ એકએક ભાગ ઉપર વર્ચસ હોય છે અને એ રીતે તેઓ પોતપોતાના સમયમાં આ સૃષ્ટિનું સંચાલન કરે છે. દા.ત. પહેલા દિવસના પહેલા ભાગ ઉપર શનિનું, બીજા ભાગ ઉપર ગુરુનું, ત્રીજા ઉપર મંગળનું, પછી સૂર્ય, શુક્ર, બુધ અને સાતમા ભાગ ઉપર ચંદ્રનું આધિપત્ય આવે. એ પછી આઠમા ભાગ ઉપર ફરી શનિનો ક્રમ આવે, અને ક્રમવાર આ ચક્ર ચાલતું રહે. આ રીતે આઠમા પંદરમા અને બાવીસમા કલાક ઉપર શનિનું વર્ચસ આવે. ત્રેવીસમા ભાગ ઉપર ગુરુ અને ચોવીસમાં ભાગ ઉપર મંગળનું વર્ચસ આવ્યા પછી આ જ ક્રમ આગળ ને આગળ લંબાતો રહે.

આમ, બીજા દિવસે તેના પહેલા ભાગ ઉપર ક્રમ પ્રમાણે સૂર્યનું, બીજા ભાગ ઉપર શુક્રનું વર્ચસ આવે અને એ જ રીતે આગળ ચાલે. દરેક દિવસના પહેલા ભાગ ઉપર જે ગ્રહનું વર્ચસ આવતું હોય તે ગ્રહના નામ ઉપરથી તે દિવસ ઓળખાય. આ રીતે પહેલો દિવસ શનિના નામ પરથી, બીજો દિવસ સૂર્યના નામથી, ત્રીજો ચંદ્રના નામથી, ચોથો મંગળ, પછી બુધ, ગુરુ અને સાતમો શુક્રના નામથી ઓળખાય અને એમ અઠવાડિયાના સાતેય દિવસ ઓળખાય. આ સાથેના કોઠા ઉપરથી ઉપર કહ્યો તે ક્રમ અને દિવસના કયા ભાગ ઉપર કયા દેવતાનું આધિપત્ય આવે તે સરળતાથી સમજાશે. દિવસના ચોવીસ ભાગને આપણે કલાક કહી શકીએ.


કલાક			શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર
૧	૮	૧૫	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર
૨	૯	૧૬	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ
૩	૧૦	૧૭	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર
૪	૧૧	૧૮	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૫	૧૨	૧૯	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ
૬	૧૩	૨૦	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ
૭	૧૪	૨૧	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય
		૨૨	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર
		૨૩	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ
		૨૪	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	સૂર્ય	ચંદ્ર

પ્રાચીન ગ્રીસમાં દસ દિવસનું અઠવાડિયું પ્રચલિત હતું, પણ સિકંદરે ઈજિપ્તમાં વિજય મેળવ્યા પછી મિસર (ઈજિપ્ત) સાથેનો સંપર્કસંસર્ગ વધવા સાથે ગ્રીક પ્રજાએ પણ સાત દિવસનું અઠવાડિયું અને ગ્રહો ઉપરથી પડેલાં દિવસનાં નામ અપનાવી લીધાં. પોમ્સેઈ(Pomseii)નાં ભીંતચિત્રો સાથેનાં ગ્રીક લખાણોમાંથી તેની પ્રતીતિ મળી રહે છે.

એવું મનાય છે કે સાત દિવસનું સળંગ અઠવાડિયું ઈસ્વીસન ની પહેલી સદીમાં પ્રચલિત બન્યું હશે. ખ્રિસ્તી ધર્મના નવા કરાર (ન્યૂ ટેસ્ટામેન્ટ)માં અઠવાડિયાના વાર બાબત કોઈ ઉલ્લેખ મળતા નથી. ખ્રિસ્તી માન્યતા પ્રમાણે જિસસ ક્રાઈસ્ટને વધસ્તંભ ઉપર ચડાવવામાં આવ્યા તે દિવસ શુક્રવાર હતો, જેના પરથી એમનો 'ગુડ ફ્રાઈડે' અને રવિવારે જિસસ ક્રાઈસ્ટનું સ્વર્ગારોહણ થયું તેના પરથી તેમના 'ઈસ્ટર'નું પર્વ નક્કી થયાં છે. હકીકતે આ બંને ઘટનાઓ બન્યા પછી લગભગ પાંચસો વર્ષ બાદ આ હકીકત નક્કી કરવામાં આવી હતી. છતાં 'નવા કરાર'માં એવો ઉલ્લેખ જોવા મળે છે કે હિબ્રુ પ્રજાના 'પાસ ઓવર'નું પર્વ હિબ્રુ કેલેન્ડરના નિસાન (Nisan) મહિનામાં આવતી પૂર્ણિમાના દિવસે મનાવાય છે. તેના આગલા દિવસે જિસસ ક્રાઈસ્ટને વધસ્તંભ ઉપર ચડાવવામાં આવ્યા હતા. અઠવાડિયાના કયા દિવસે (વારે) આ બન્યું તે વિશે ક્યાંય સ્પષ્ટતા થતી દેખાતી નથી.

કાળાનુક્રમે અઠવાડિયાનો સળંગ ક્રમ વારનાં નામ સહિત દુનિયાભરમાં ફેલાઈ ગયો. આશ્ચર્ય તો એ છે કે વર્ષ તેમજ મહિનાની ગણના માફક સાત દિવસના સમયના આ નાના એકમને ખગોળની કોઈ ઘટના સાથે કે સૂર્ય -ચંદ્રની ગતિકળા સાથે સંબંધ નથી અને છતાંય ધાર્મિક પર્વતહેવારોની ઉજવણી કે રજા, આરામ તથા અનેક સમાજિક પ્રવૃતિઓ માટે ખૂબ જ સરળ અને સગવડભરી પ્રથા લાગવાથી દુનિયાભરમાં તે સ્વીકૃતિ પામી ચૂકી છે. આ પહેલાં આવાં કાર્યો માટે ધર્મગુરુ કે જ્યોતિષીઓની વારંવાર સલાહ કે અભિપ્રાય માટે દોડવું પડતું અને કયારેક એમાં અનેક ગૂંચવાડા પણ ઊભા થતા.

આ સાથેની આકૃતિ ઉપર થી જણાશે કે અઠવાડિયાના સાત વારનો ક્રમ ગ્રહોનાં નામ ઉપરથી કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો હશે.



આ સપ્તકોણ તારકને ખ્રિસ્તી ધર્મની માન્યતા પ્રમાણે 'સીલ ઓફ સોલોમન' (સોલોમનની મુદ્રા) કહે છે. આ સપ્તકોણ તારકની રેખાઓ એવું સૂચવે છે કે મનુષ્યજીવનની શરૂઆત સૂર્યથી થાય છે. ત્યાંથી આરંભાઈને એ જીવનરેખા ચંદ્ર તરફ લંબાય છે. ત્યાંથી આગળ મંગળ, મંગળથી બુધ, બુધ થી ગુરુ, ગુરુથી શુક્ર અનેશુક્રથી શનિ સુધી એ લંબાય છે. શનિ એ મૃત્યુની સંજ્ઞા છે. અહીં જીવનનો અંત આવે છે અને પછી તે ફરી સૂર્ય તરફ જાય છે, જ્યાંથી જીવનની શરૂઆત થઈ હતી. અને સૂર્યથી ફરી જીવનમરણનો ક્રમ ચાલુ થાય છે. આમ, જીવનમરણનો સનાતન ક્રમ અનંતકાળ સુધી ચાલતો રહે છે.

ગ્રહોની ઓળખ માટે ખગોળશાસ્ત્રમાં જે ટૂંકી સંજ્ઞાઓ વપરાય છે તે પણ આ આકૃતિમાં જે તે ગ્રહોનાં નામ સાથે દર્શાવી છે. પ્રાચીન કાળથી આજ સુધી આ જ સંજ્ઞાઓ ગ્રહોની ઓળખ માટે વપરાતી રહી છે. આમાં સૂર્ય અને ચંદ્રની સંજ્ઞાઓ કદાચ સુવર્ણ અને ચાંદી ઉપરથી આવી હોય તેમ લાગે છે. બુધને સંદેશાવાહક ગણીને તેની સંજ્ઞા પાંખવાળા હેલ્મેટ (શિરટોપ) જેવી રખાઈ છે. શુક્ર અને મંગળની સંજ્ઞાઓ પંરપરાગત માન્યતાઓના આધારે સ્ત્રી અને પુરુષ અથવા હાથઆરસી અને ધનુષ બાણ ઉપરથી નકકી થયેલી લાગે છે. ગુરુની સંજ્ઞા આકાશી વીજળી અને શનિની સંજ્ઞા તેના પ્રાચીન નામ Kronos (ક્રોનોસ) ના પ્રથમાક્ષર K ઉપરથી રાખવામાં આવી છે.

આ માન્યતાઓ, હકીકતો અને પારંપરિક રૂઢિરસમો વગેરે ઉપરથી એમ કહી શકાય કે અઠવાડિયાની રચનામાં જ્યોતિષશાસ્ત્રનો પણ મોટો હિસ્સો રહેલો લાગે છે. સાત દિવસની અવધિનું અઠવાડિયું ગ્રીક, રોમન, ખ્રિસ્તી ધર્મમાં અને પ્રાચીન ભારતમાં પણ પ્રચલિત નહોતું. ખ્રિસ્તી દેશોમાં તેનું ચલણ ઈ. ૩૨૩ના અરસામાં રોમન સમ્રાટ કોન્સ્ટન્ટાઈનના શાહી ફરમાનથી શરૂ થયું હતું. તે સમયથી 'સાબાથ ડે' શનિવારને બદલીને 'લોર્ડ્સ ડે' (દેવોના દિવસ રવિવાર) નક્કી કરીને તે દિવસે પૂજાપ્રાર્થના ને ધર્મધ્યાન વગેરેમાં વ્યતીત કરવાનું ઠરાવાયું, અને આ દિવસ યહૂદીઓના 'સાબાથ ડે' શનિવાર પછીનો દિવસ રવિવાર નક્કી થયો.

આજે સાત વારનાં જે નામ પ્રચલિત છે તે મૂળ રોમન ગ્રહ દેવતાઓનાં નામ ઉપરથી છે અને તેમાંથી સેકસન તથા અંગ્રેજી ભાષામાં ઊતર્યાં છે. સાથેના કોઠા પરથી એ સમજી શકાશે :

દિવસ(વાર)નાં નામ

મૂળ દેવતા	ગ્રહ	અંગ્રેજી વાર નામ	ભારતીય નામ
૧ Sun (સૂર્ય)	Sun	Sunday	રવિવાર
૨ Moon (ચંદ્ર)	Moon	Monday	સોમવાર
૩ Tiw (યુદ્ધનો રોમન દેવ)	Mars	Tuesday	મંગળવાર
૪ Woden (ઓડીન, મુખ્ય ટ્યુટોનિક દેવતા)	Mercury	Wednesday	બુધવાર
૫ Thor (મેઘગર્જના વાળો ટ્યુટોનિક દેવ)	Jupiter	Thursday	ગુરુવાર
૬ Frigg (ઓડીનની પત્ની ફ્રીગ)	Venus	Friday	શુક્રવાર
૭ Setern (શનિ દેવ)	Saturn	Saturday	શનિવાર

રોમનોએ અઠવાડિયાના દરેક દિવસનું નામ ગ્રહોના નામ પરથી લીધું છે, જેમાં સૂર્ય અને ચંદ્રને પણ ગ્રહ ગણી લીધા છે. સેકસન નામો આ રોમન નામના ભાષાંતર જેવાં છે. Tiw એ Marsના બદલે, Woden (Wotan) Mercury માટે અને Thor એ Jupiter (Jove) માટે છે. Venus માટે Frigg અને Seterne એ Saturn માટે છે. આ સેકસન નામો અંગ્રેજીમાં અપનાવાયાં છે. સ્પેનિશ અને ઇટાલિયન નામોમાં સામાન્ય રીતે કેપિટલ અક્ષરો નથી વપરાતાં અને ફ્રેંચ

યુરોપના જુદા જુદા દેશોમાં વારનાં નામ

લેટિન	સેક્સન	અંગ્રેજી	ફ્રેંચ	ઈટાલીઅન	સ્પેનિસ	જર્મન
Dies Solis	Sin's day	Sunday	Dimanche	domenice	domingo	SONNTAG
Dies Lunae	Moon's day	Monday	Lundi	lunedi	lunes	MONTAG
Dies Martis	tiw's day	Tuesday	Mardi	martedi	martes	DIENSTAG
Dies Mercurii	Woden's day	Wednesday	Mercheedi	mercoledi	miercoles	MITTWOCH
Dies Jovis	Thor's day	Thursday	Jendi	giovedi	jueves	DONNERSTAG
Dies Veneris	frigg'sday	Friday	Vendredi	venedri	viernes	FREITAG
Dies Saturni	Seterne's day	Saturday	Sanedi	sapate	sabado	SONNABEND

નામો લેટિનમાંથી લેવાયાં છે. જર્મન નામો બે અપવાદ સિવાય સેકસન નામોની રીતે છે જેમાં Wednesday એ Mittwoch એટલે અઠવાડિયાનો વચલો દિવસ અને Saturday એ Sonnabend એટલે કે Sundayની પૂર્વસંધ્યા (eve) કહેવાય છે.

અગાઉ કહ્યું તેમ ભારતમાં ઉપરના સમયગાળા દરમિયાન ગ્રીક અને રોમન લોકોના સંપર્ક-સંસર્ગો પછી અઠવાડિયાની પ્રથા ધીરેધીરે પ્રચલિત બનતી ગઈ. વેદ અને મહાભારત જેવા ગ્રંથોમાં અઠવાડિયાનો ઉલ્લેખ મળતો નથી, ઈ. ૪૮૪ આસપાસના સમય પહેલાં તો નહિ જ. એટલે મનાય છે કે સિકંદરે ભારત ઉપર આક્રમણ કર્યા પછી મૌર્ય રાજવંશીઓ ગ્રીસના સેલ્યુસિડ વંશ સાથે ધીરેધીરે વધુ ને વધુ સંપર્કમાં આવતા જઈ છેક અંદરો અંદર લગ્નો કરવા જેટલા ગાઢ બન્યા હતા. સ્વાભાવિક છે કે આવા ગાઢ સંસર્ગને લઈને ગ્રીસની અન્ય અસરોની સાથેસાથે સાતવારના અઠવાડિયાની એમની સાથે આવેલી પ્રથા પણ ભારતમાં પ્રચલિત બનતી ગઈ હોય.

ભારતમાં પરંપરાગત ધાર્મિક પર્વ-ઉત્સવો વગેરે નક્કી કરવામાં અઠવાડિયાની ગણતરી કે પ્રથાનો હિસ્સો નથી, કારણ આપણા પર્વ-ઉત્સવો કે ધાર્મિક તહેવારો આપણે ત્યાં અઠવાડિયાની પ્રથા શરૂ થયા પૂર્વે નિર્ણિત થએલાં છે. પણ તે પછી ધાર્મિક તહેવારો અને સામાજિક કાર્યોનાં આયોજનોમાં અઠવાડિયાના વારનું યે મહત્ત્વ વિકસતું ગયું અને આજે જુદાજુદા દેવદેવીઓની ઉપાસના ને તેના વ્રત ઉત્સવો વગેરે મનાવવામાં પણ અઠવાડિયાના જુદાજુદા વારનું પણ મહત્ત્વ પ્રચલિત બની ગયું છે. એ જ રીતે જ્યોતિષને લગતી ઘણી બાબતોમાં પણ અઠવાડિયાના જુદાજુદા વારનો મહિમા વધી ગયો છે. રાત સહિત ચોવીસ કલાકના દિવસ (બાર)ના સમયગાળાને આઠ ભાગમાં વિભાજિત કરી ચોઘડિયાં નક્કી કરાયાં છે અને આ ચોઘડિયાંની લાક્ષણિકતાઓ સ્થાપી તેના શુભ અશુભ પ્રભાવો કલ્પીને દરેક કાર્યના આરંભમાં તેને પણ લક્ષમાં લઈએ છીએ. આમ, આજે તો જીવનનાં લગભગ બધાં પાસાં પર આ વિજ્ઞાનના યુગમાં પણ અઠવાડિયાના સાતેય વારનો પ્રભાવ છવાઈ ગયો છે. શનિવાર એ હનુમાનજીનો વાર અને સંકટવિમોચન માટે તે દિવસે તેની ઉપાસના અને વ્રત, સોમવાર શિવજીનો વાર, અનિષ્ટ દૂર કરવા મંગળ અને તેના વારે વ્રતઉપાસના, શુક્રવારે સંતોષીમાતાનું વ્રત વગેરેનું ચલણ આજે ઠીકઠીક પ્રચલન પામ્યું છે. આપણે ત્યાં જ નહિ, બીજા દેશોમાં પણ આવા અવનવા વહેમો અને માન્યતાઓ પ્રચલિત છે. ઉદાહરણ તરીકે અંગ્રેજીમાં અઠવાડિયાના દરેક વાર માટે આ ઉક્તિઓ જાણીતી છે-

Monday's Child has a smiling face,
Tuesday's child is full of grace,
Wednesday's child is full to woe,
Thursday's child has far to go,
Friday's child is loving and giving,
Saturday's child works hard for living
But the child that is born on the seventh day is merry and good in everything.

એટલે કે સોમવારે જન્મેલા હસમુખા હોય, મંગળવારે જન્મેલા મોહકતાથી ભર્યા હોય, બુધવારે જન્મેલાના નસીબમાં પીડા લખી હોય, ગુરુવારે જન્મેલાને નસીબે લાંબી મજલ લખી હોય, શુક્રવારે જન્મેલ પ્રેમાળ અને ઉદાર હોય અને શનિવારે જન્મેલાના તકદીરમાં ઢસરડો જ હોય. પણ સાતમે વારે એટલે કે રવિવારે જન્મેલા આનંદી અને બધી રીતે સારા હોય.

આમ, એક કાળે જેનું અસ્તિત્વ જ નહોતું એવું આ સાત વારનું અઠવાડિયું આજે તો આપણા ખ્યાલો, માન્યતાઓ, રસમો અને રોજિંદા કાર્યને વહેવારોમાં ઊંડે સુધી વણાઈ ગયું છે. અને એમાંયે કેટલાંક સ્થળે શનિ અને લગભગ સર્વત્ર રવિવારની આપણે આતુરતાપૂર્વક રાહ જોતા થઈ ગયા છીએ. બીજા બધા વાર કરતાં આ રવીવારની રજા અને વારતહેવારવાળી અન્ય વારની રજા આપણને કેવી વહાલી લાગતી થઈ ગઈ છે ! □

'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

ડૉ. જયકુાર ર. શુક્લ

જયંતીલાલ દલપતભાઈ મહેતા

જયંતીભાઈ શાહપુર વ્યાયામશાળામાં કામ કરતા હતા. તેઓ પોતાના વિસ્તારમાં એક ફરતું પુસ્તકાલય તથા અભ્યાસવર્તુળ ચલાવતા હતા. આ રીતે યુવાનોમાં જાગ્રતિ લાવવાની તથા બૌદ્ધિક વિકાસની પ્રવૃત્તિ દ્વારા પોતાના વિસ્તારના તેઓ જાણીતા કાર્યકર્તા હતા. હિંદ છોડો ચળવળમાં તેઓ બાબુભાઈ ઘેલાભાઈ શાહ (મહાત્મા)ની પ્રેરણાથી જોડાયા હતા. મુંબઈમાં તારીખ ૭ અને ૮ ઑગસ્ટના રોજ અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની (મહાસમિતિ) બેઠક મળી ત્યારે જયંતીભાઈ તેમાં હાજર રહેવા મુંબઈ ગયા હતા.

સારંગપુર તળિયાની પોળમાં રહેતા બાબુભાઈ મહાત્મા બૉંબ પ્રવૃત્તિ ચલાવતા એક જૂથના આગેવાન હતા. અમદાવાદના સારંગપુર, કાલુપુર અને શાહપુર વિસ્તારોમાં તેમનો પ્રભાવ નોંધપાત્ર હતો. તેઓ વખતોવખત બૉંબ બનાવવા માટેની સામગ્રી મંગાવતા હતા. બાબુભાઈ મહાત્માના કહેવાથી જયંતીભાઈ મહેતા પુરાતન બુચને મળ્યા અને તેમનો સંપર્ક કર્યો હતો. પુરાતનભાઈ પાસેથી જયંતીભાઈ ઘોડાગાડીમાં સલ્ફર લઈ આવ્યા અને જમાલપુરમાં એક મકાનમાં મૂકી આવ્યા હતા. ત્યાર બાદ થોડા દિવસમાં જમાલપુર, ખાંડની શેરીમાં પીયૂષકાંત ચૌધરી રાસાયણિક બૉંબ બનાવતા હતા ત્યારે મોટો ધડાકો થયો હતો.

ગુજરાતમાં ગામડાંઓમાં આંદોલનનો પ્રચાર કરવા માટે બાબુભાઈ મહાત્મા યુવાનોને ગામડે મોકલતા. એ રીતે તેમણે ચંદ્રકાંત નારણદાસ મહેતાને થામણા તથા વસંતભાઈ ઘેલાભાઈ શાહ અને કાંતિલાલ વ્યાસને શેરથા લડતના પ્રચાર વાસ્તે મોકલ્યા હતા. વસંતભાઈ ઘેલાભાઈ શાહ સાથે મોકલેલ યુવાનોની ટુકડીને કલોલ-સઈજ વચ્ચે રેલવેમાં ભંગાણ કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી. તેમાં તેઓ સફળ થયા હતા અને સઈજ ગામે મોટો રેલવે અકસ્માત સર્જાયો હતો. બાબુભાઈ મહાત્માએ તાર-ટેલિફોનનાં દોરડાં કાપવા માટે પંચમહાલ જિલ્લામાં દાહોદ અને ગોધરા તથા ખેડા જિલ્લામાં ધર્મજ તરફ પણ યુવાનોની ટુકડીઓ મોકલી હતી.

જયંતીભાઈ મહેતા સારંગપુર, તળિયાની પોળમાં વિદ્યાબહેનને ઘેરથી પત્રિકાઓ લઈ આવીને વહેંચી આવતા હતા. શાહપુર વનમાળી વાંકાની પોળેથી ૨૪મી ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ બાબુભાઈ મહાત્માની ધરપકડ કરવામાં આવી ત્યારે તેમની પાસે એક ડાયરી હતી. તેમાં આંદોલનમાં ભાગ લેનાર કેટલાક યુવાનોનાં નામ, સરનામાં તથા બૉંબ-પ્રવૃત્તિ અંગેની વિગતો નોંધેલી હતી.

સારંગપુર, તળિયાની પોળમાં રહેતા ગરીબ કુટુંબના નાથાલાલ સોમચંદ શાહની ચળવળ દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી. જેલમાં તેઓ માંદા પડ્યા અને ત્યાં જ તેમનું દુઃખદ અવસાન થયું હતું.

'શાહપુર, વનમાળી વાંકાની પોળમાં અમે ભેગા થયા હતા ત્યાં એકાએક પોલીસ આવી ગઈ. અમારામાંથી કેટલાકની ધરપકડ કરી. પરંતુ હું ત્યાંથી નાસી ગયો. મણિનગરના એક બંગલામાં રેલવેના પાટા ઉખાડવાના પાનાં વગેરે હતાં તથા પત્રિકાઓ પણ હતી, તેનો નિકાલ કરવા હું ત્યાં ગયો ત્યારે પોલીસે તે બંગલો ઘેરી લઈ, મને તથા મારી સાથેના કાર્યકરોને તા. ૨૪-૮-૧૯૪૨ના દિવસે પકડી લીધા.'

જયંતીભાઈ મહેતાને ૨૪ ઑગસ્ટ ૧૯૪૨થી ૧૩ સપ્ટેમ્બર ૧૯૪૨ તથા ૧૧ જાન્યુઆરી ૧૯૪૩થી ૨૮ ઑગસ્ટ ૧૯૪૩ સુધી, બંને વખત સાબરમતી સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા હતા. ચળવળ વિષે પોતાના વિચારો વર્ણવતાં તેમણે જણાવ્યું, 'આ આંદોલન દરમિયાન લોકમાં દેશપ્રેમનો આવિર્ભાવ થયો હતો. તે સમયે નવું નેતૃત્વ પ્રગટ્યું. દેશમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેનું વાતાવરણ જામ્યું. લોકોમાં અનહદ જાગ્રતિ આવી. પરંતુ દેશમાં (લડત)ની શિસ્ત નાશ પામી. આ લડતમાં ટોળાશાહી જેવું થઈ જતું. ૧૯૫૬માં (મહાગુજરાતની ચળવળ વખતે) પથ્થરબાજી થઈ તે ૧૯૪૨માં નેતાઓએ શીખવ્યું હતું, તેના કારણે થઈ હતી.'

મુલાકાત : ૨૮-૭-૧૯૭૦

પુરાતન જન્મશંકર બુચ

હિંદ છોડો ચળવળ શરૂ થઈ ત્યારે આરંભમાં હું અમદાવાદમાં હતો અને ૧૯૪૨ના અંતમાં મુંબઈમાં હતો. હિંદ છોડો લડતનો આરંભ થયો તે પહેલાં આઠેક દિવસ પહેલાં જ સરદાર વલ્લભભાઈ પટેલે લોકલ બોર્ડના કમ્પાઉંડમાં મળેલી એક સભામાં કહેલું કે, હવે જે લડત આવી રહી છે એ બ્રિટિશ સરકાર સાથેની આખરી લડત છે; એટલે અમે બધા પકડાઈને જેલમાં જઈએ તો પછી બહાર રહેલા દરેક નાગરિક પોતાની જાતને આગેવાન સમજીને પરિસ્થિતિ જોતાં, જેમ યોગ્ય લાગે તેમ લડતનું સંચાલન કરવું.

૧૯૪૨માં ગાંધીજીએ મુંબઈમાં આઠમી ઑગસ્ટે કૉંગ્રેસની મહાસમિતિમાં હાકલ કરી હતી. તેમાં પણ આ આખરી લડત છે, એવી સૂચના પ્રજાના તમામ પક્ષો તથા વર્ગોને તેઓએ કરી હતી. એનો અહેવાલ ૯-૧૦મીના છાપામાં મારા વાંચવામાં આવ્યો હતો. ગાંધીજીની સાથે મારે ૧૯૨૭થી નિકટનો તેમજ પત્ર વ્યવહારનો ઘનિષ્ઠ સંબંધ હતો. તેથી તેઓનું મુંબઈનું ભાષણ અમારા આશ્રમજીવનના સંદર્ભમાં સમજવાનો મેં પ્રયત્ન કર્યો.

૧૯૪૨ની નવમી ઓગસ્ટથી દેશભરમાં બ્રિટિશ સરકારે આપણા આગેવાનોની ધરપકડ કરી લીધી અને દમનનો કોરડો વીંઝવા માંડ્યો. તેનો સંપૂર્ણ ચિતાર સ્વર્ગસ્થ દેવદાસ ગાંધીના 'હિન્દુસ્તાન ટાઈમ્સ' પ્રેસે પ્રકટ કરેલા 'સમ રિસન્ટ જજમેન્ટ્સ' એ પુસ્તકમાં આપેલો છે.

૧૯૪૨ની લડતના પહેલા મહિનામાં જ મેં એક-બે પત્રો એ વખતે જેઓ લડતનું સંચાલન ભૂગર્ભમાં રહીને કરતા હતા તેઓને લખી મોકલ્યા હતા. જેમાં એ સમયનો પ્રત્યક્ષ પોલીસ તથા લશ્કરનો જુલમ જોયા પછી મેં સૂચના કરી હતી કે માણસોની હિંસા ન થાય એ માટે આગળથી ચેતવણી આપીને નાની-મોટી સરકારી કચેરીઓ સળગાવી મૂકીએ તો જ બ્રિટિશ સરકારના જુલમને અટકાવી શકાશે, અને આવું કાર્ય સંપૂર્ણ અહિંસક ગણી શકાશે.

મારો આ પત્ર યરવડા જેલમાં ગાંધીજી પાસે પણ પહોંચ્યો હશે એટલે દોઢ વરસની અટકાયત પછી હું સાબરમતી જેલમાંથી છૂટ્યો કે તરત જ ગાંધીજીએ મને પૂનામાં ડૉક્ટર દિનશા મહેતાના નેચર ક્યોર ક્લિનિકમાં મળવા બોલાવ્યો. હું તરત ત્યાં પહોંચી ગયો અને ગાંધીજી તથા સરદાર વલ્લભભાઈની સામે બેઠો ત્યારે ગાંધીજીએ મારા ભૂગર્ભમાંથી લખેલા પત્ર વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા. ત્યારે મેં સ્પષ્ટતા કરી કે બ્રિટિશ સરકારના બેફામ જુલમની સામે બચાવ કરવાના હેતુથી પ્રેરાઈને મર્યાદિત અહિંસા કહી શકાય એવી માન્યતાથી એ પત્ર લખાયેલો હતો. '૪૨ની લડત દરમ્યાન એક ગોરી લશ્કરી ટુકડીને અમદાવાદના કૉંગ્રેસ હાઉસમાં પડાવ નાખ્યો હતો, જેની પાછળનો ઇરાદો પ્રજામાં ગભરાટ ફેલાવવાનો હતો. ગાંધીજીએ મારી વાત સાંભળીને એટલો સંતોષ વ્યક્ત કર્યો કે સરકારના જુલમી વાતાવરણ વચ્ચે પ્રજાને કાયર ન થવા દેવાના ઇરાદાથી મેં જે કંઈ લખ્યું હતું તે મારી દષ્ટિએ બરાબર હતું.

ગાંધીજી સાથેની પૂનાની આ મુલાકાત પછી મેં અવારનવાર તેઓની સાથે હરિજન આશ્રમમાં સેવાકાર્ય કરતાં કરતાં પત્રવ્યવહાર કર્યો હતો. એટલે છેવટે તેઓએ મને ૧૯૪૮ના જાન્યુઆરીમાં જ દિલ્હીમાં મળવા બોલાવ્યો હતો. પરંતુ હું ત્યાં પહોચું તે પહેલાં જ તેઓનું અવસાન થયું.

'સન ૧૯૪૨ના અંતમાં વિલા-પારલા મુંબઈમાં મારી ધરપકડ થઈ હતી, જ્યાંથી મને સાબરમતી જેલમાં લાવીને 'સી' વર્ગમાં અટકાયતમાં રાખ્યો હતો.... આ લડતને હિંસક ગણી જ ન શકાય કારણ કે પ્રજાના જીવનમરણનો સવાલ આમાં હતો. આ લડતથી દેશને સૌથી મોટો લાભ એ થયો કે એના દ્વારા પ્રજામાં બ્રિટિશ સરકારનો સામનો કરવાનું બળ કેળવાયું. આ લડત પૂરેપૂરી સફળ થઈ, કારણ કે બ્રિટિશ સરકારે દેશમાં રાષ્ટ્રિય સરકાર રચવાનું માન્ય રાખ્યું.' ❑

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

અસહિષ્ણુતાની પરાકાષ્ટા

તા. ૩-૧-૭૧. આપણે ત્યાં કેટલાક લોકો મૅંગ્લોરીઅન તરીકે ઓળખાય છે. આ લોકો મુખ્યત્વે ક્રિશ્ચિયન છે, પણ મૂળ તો હિંદુ સંસ્કૃતિમાં ઉછરેલાં એટલે તેમનાં ઘણાં રીતરિવાજો હિંદુઓ જેવાં છે. તેમનાં ઘરઆગણાંમાં કે દીવાલો ઉપર જેમ બાઈબલના પ્રસંગો આલેખાયેલા હોય તેમ રામાયણ-મહાભારતના પ્રસંગો પણ આલેખાયેલા હોય. લગ્નપ્રસંગે જાન જોડવાનો તથા વરઘોડો કાઢવાનો પણ રિવાજ, વગેરે. આ લોકો મૂળ ગોવાના. ઈ.સ. ૧૬૨૦ના અરસામાં ગોવામાં પોર્ટુગીઝ રાજ્ય કાયમ થયું, ત્યારે આ બધાં ક્રિશ્ચિયન થયેલાં, પણ તેમણે તેમના હિન્દુ રિવાજો છોડ્યા નહીં. એટલે ફિરંગી સત્તાવાળાઓએ એક ખાસ કાયદો (Inquisition Act) બનાવ્યો. જે મુજબ રાજ્યનો સત્તાવાર ધર્મ ક્રિશ્ચિયન અને તે ધર્મ પાળનારાં બીજા કોઈ પણ ધર્મનાં રીતરિવાજ રાખે તો સજાને પાત્ર થાય. આમ, આ લોકો ઉપર રાજ્યના જુલ્મો શરૂ થયા. ખ્રિસ્તી રાજ્યના ખ્રિસ્તી ધર્મ પાળનાર ઉપર જ રાજ્ય તરફથી જુલમ ! અસહિષ્ણુતાની પરાકાષ્ટા !

આપણો ધર્મ આપણી ભૌગોલિક તથા સામાજિક પરિસ્થિતિ પ્રમાણે ગોઠવાયેલો છે. આપણા ધાર્મિક પ્રસંગો, વાવણી, લણણી વગેરે પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. ગોવાનાં ક્રિશ્ચિયનો પણ ભૂમિ સાથે સંકળાયેલાં તેથી ભૂમિ સાથે સંકળાયેલા બધા જ રિવાજો પાળે. ફિરંગીઓને તેમાં તેમના ધર્મનું અપમાન લાગે. ઇસુ ભગવાને જેને આશરો આપ્યો તેણે તે વળી નાસ્તિકના રિવાજો પાળવાના એ તો કેમ બને ? સંઘર્ષ ઊભો થાય. રાજ્યસત્તા સામે જનતા શું કરી શકે ? અને વિશ્વના ધાર્મિક ઝગડાઓમાં જોટો ન જડે તેવી હિજરત શરૂ થઈ. રાજ્યનો જ જે ધર્મ છે તે જ ધર્મ પાળવાવાળાં રાજ્યના ધાર્મિક જુલમથી ત્રાસીને હિજરત કરે તેવું કોઈ ધર્મના ઈતિહાસમાં બન્યું નહિ હોય. ધર્મ અને સંસ્કૃતિને તેના યોગ્ય સ્વરૂપમાં જોઈ શકનાર ગોવાનાં આ ખ્રિસ્તી કુટુંબો નજીકના પ્રદેશમાં હિજરત કરી ગયાં. ત્યાંની પ્રજાએ અને રાજાએ તેમને આવકાર્યાં અને સમુદ્રકિનારાના કારવાર અને મૅંગલોર પ્રદેશમાં તેમને જમીન આપી વસાવ્યાં. આમ, ઈસુ ખ્રિસ્તને ભજનારાં અને છતાં નૈસર્ગિક રીતે જૂના ભારતીય રિવાજો જાળવી રાખનારાં આ લોકો મૅંગ્લોરીઅન કહેવાયાં.

આ લોકોમાંથી જેઓ હજી જમીન સાથે તથા સમુદ્ર સાથે સંકળાયેલાં છે તેઓ આજે પણ ભારતીય રિવાજો પાળે છે. અલબત્ત, જેઓ શહેરમાં આવી વસ્યાં છે તેઓ પશ્ચિમને રંગે રંગાયાં છે. સદોબા પાટિલને મુંબઈમાં ચૂંટણીમાં હરાવનાર જ્યોર્જ ફરનાન્ડીસ મૅંગ્લોરીઅન છે.

આ મૅંગ્લોરીઅનોના ઇતિહાસ સાથે મૅંગલોરી નળિયાંનો ઇતિહાસ પણ સંકળાયેલો છે. મૅંગ્લોરી નળિયાં (વિલાયતી નળિયાં)નો ઉદ્યોગ ભારતમાં શરૂ કરનાર એક જર્મન પાદરી હતો. પોતાનો કીમિયો કોઈ જાણી ન જાય માટે જે ગામમાં તેણે કારખાનું કાઢેલું તે આખું ગામ તેણે ખરીદી લીધેલું અને અત્યંત ગુપ્તતા નીચે તે નળિયાં બનાવતો. દેશી નળિયાં કરતાં સફાઈદાર અને વધુ કાર્યદક્ષ હોવાને લીધે આ નળિયાંની માંગ પણ ઘણી ઊભી થઈ.

તેના કારખાનામાં એક એફસલ પાઈ નામનો મૅંગ્લોરીઅન કામ કરતો હતો. તેણે અને કારખાનાના ચોકીદારે મળીને એક યોજના કરી તે પ્રમાણે એક રાત્રે એફસલ પાઈ નળિયાં બનાવવાનું ઓઠું (મોલ્ડ mould) લઈને ભાગ્યો. બાજુના ગામમાં જઈ, આખી રાત મહેનત કરી તે ઓઠાં જેવું જ બીજું એલ્યુમિનિયમનું ઓઠું બનાવી લીધું અને વહેલી સવારે કારખાનામાં જઈને મૂળ ઓઠું તેની જગ્યાએ ગોઠવી દીધું.

પેલા જર્મન પાદરીએ બધાંને ઠસાવેલું કે આ નળિયાં માટે ગમે તે માટી ન ચાલે. તે માટે તો ખાસ માટી જોઈએ, જે આ ગામમાં જ છે એટલે તો આખું ગામ ખરીદી લીધું છે. પણ ભારતમાં બેવકૂફો વસે છે, એવું માનનારા જ આવી વાત કરે. એફસલ પાઈએ બાજુના ગામમાં તે ઓઠા ઉપરથી નળિયાં પાડવા માંડ્યાં અને, આમ, સર્વપ્રથમ ભારતીય કારખાનું, મૅંગ્લોરીઅન ટાઈલ્સ ઉત્પન્ન કરવા લાગ્યું.

ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાન

તા. ૧૬-૯-૭૩. અત્યારે તો ગુજરાતની નાનીમોટી નદીઓનાં પૂરની અસર વર્તાઈ રહી છે. નુકસાનના અંદાજ કઢાઈ રહ્યા છે અને રાહત માટે નાણાં ઉઘરાવાઈ રહ્યાં છે. આ અતિવર્ષા અને પૂરને કારણે કળાના ક્ષેત્રનો એક આંતરરાષ્ટ્રિય પ્રસંગ અટવાઈ પડ્યો તે વિષે લોકોનું ધ્યાન ગયું નથી. ૧૯૭૨ના સપ્ટેમ્બરની ૬ઠી તારીખે ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાનનું ૧૧૧ વર્ષની ઉંમરે અવસાન થયું. આ વર્ષે ૬ઠી સપ્ટેમ્બરે તેમની પહેલી સંવત્સરી આવતી હતી અને તે પ્રસંગે અમેરિકા, જર્મની, ઈંગ્લંડ અને અલબત્ત ભારતના સંગીતવિદોની એક ટુકડી મધ્યપ્રદેશના મઈહર ગામે જઈને ઉસ્તાદને અંજલિ અર્પવાની હતી. (અલ્લાઉદ્દીનખાન છેલ્લેછેલ્લે મઈહરના મહારાજાના રાજ્યાશ્રમમાં વસતા હતા.) પરંતુ અતિવૃષ્ટિને કારણે મધ્યપ્રદેશ સમગ્ર ભારતથી લગભગ છૂટું પડી ગયું હતું અને બધી યાતાયાતબંધ હતી તેથી આંતરરાષ્ટ્રિય સંગીતજ્ઞોનું જૂથ મઈહર પહોંચી શક્યું નહિ.

ભારતીય શિષ્ટ સંગીત ભારતની બહાર આટલું બધું કેમ જાણીતું થયું અને તેમાં ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાનનો શો હિસ્સો એમ સ્હેજે પ્રશ્ન થાય. ભારતીય સંગીતમાં છેલ્લાં સો વર્ષોમાં ઉસ્તાદની ગહરી અસર

પડી છે. અલ્લાઉદ્દીનખાન પોતે દરેક જાતના વાદ્ય વગાડી શકતા. મૂળ તો ૧૫ વર્ષની ઉંમરે નુલ ગોપાળ નામના સંગીતવિશારદ પાસે તેમણે તાલીમ લીધી. નુલ ગોપાળની એક શરત હતી કે પહેલાં બાર વર્ષ કોઈ પણ રાગરાગિણી શીખવશો નહિ. તેટલો સમય તો ફક્ત જુદી જુદી સરગમ અને પલટાનો જ અભ્યાસ કરવો પડશે. અલ્લાઉદ્દીને તે શરત કબૂલ કરી અને સાત વર્ષ સુધી આવો રિયાઝ કર્યો ત્યાં તો ગુરુનું અવસાન થયું ! પણ આ રિયાઝની અલ્લાઉદ્દીનના મન પર એવી અસર થઈ કે કોઈ પણ સંગીત સાંભળે કે તરત જ તેની સરગમ (તેનાં નોટેશન) મનમાં તૈયાર થઈ જાય અને પછી તેને વાદ્ય ઉપર ઉતારવાનું કામ સરળ થઈ જાય.

અત્યારના પ્રખ્યાત સરોદવાદક અલીઅકબરખાન તેમના શિષ્ય અને તેમના પુત્ર પણ ખરા. એ જ પ્રમાણે પંડિત રવિશંકરના સિતારવાદનના તે ગુરુ અને સસરા પણ ખરા.

ભારતીય સંગીતમાં બાબાના હુલામણા નામથી પ્રસિદ્ધ ઉસ્તાદે જે બહુમુખી પ્રતિભા વિકસાવી તેનાં ફલસ્વરૂપ ભારતીય વાદ્યો તબલાં, સિતાર અને સરોદ વિશ્વભરનાં સંગીતવાદ્યોમાં પ્રચારમાં આવ્યાં છે.

કેરળ

તા. ૮-૧૨-૭૭. ત્રણ દિવસથી હું કેરળમાં છું. અંગ્રેજી જોડણીને કારણે આપણે તેને ઘણીવાર કેરાલા કહીએ છીએ ! મહાકવિ વલ્લાથોલનું આ કેરળ અહીં સાક્ષરતાનું પ્રમાણ ભારતભરમાં સૌથી વધુ છે અને તેમાં પણ પુરુષો અને સ્ત્રીઓમાં લગભગ સરખું પ્રમાણ છે. ૭૦ ટકાથી વધુ લોકો લખીવાંચી શકે છે. આપણે ત્યાં શાકવાળો કે દાતણવાળી ટ્રાન્ઝીસ્ટર લઈને બેસે ત્યારે અહીં તે છાપું લઈને બેસે ! કેરળની ભાષા મલયાળમ અને વસ્તી લગભગ સવા બે કરોડ. આમ, મલયાળમ બોલનારાની સંખ્યા ભારતની અન્ય ભાષાને ધોરણે ઘણી ઓછી છતાં ભારતનાં સૌથી વધારે ફેલાવો ધરાવનાર છાપાંમાં કેરળનું છાપું 'મલયાળમ મનોરમા' આવે.

સાક્ષરતાનું પ્રમાણ વધારે હોવાથી દેશના અન્ય ભાગો કરતાં અહીં સામાજિક પ્રક્રિયા જુદી. કુટુંબનિયોજન માટે જાગ્રતિ આણવી એ સમાજવિજ્ઞાનીઓ માટે વિકટ જવાબદારી છે અને આ જવાબદારી સમજપૂર્વક અદા ન થાય તો ઈમર્જન્સી દરમિયાન સંજય ગાંધીની દાદાગીરીથી ફરજિયાત વંધ્યીકરણના પ્રસંગો થયા અને પરિણામે અત્યારે કુટુંબનિયોજનના કાર્યમાં તદ્દન મંદી આવી છે. પણ આ તો કેરળ સિવાયના ભારતને લાગુ પડે છે, જ્યાં સાક્ષરતાનું પ્રમાણ ૫ થી ૩૦ ટકા જેટલું છે. કેરળમાં એવા કોઈ પ્રચાર-સૂત્રો કે પોસ્ટરોની જરૂર નથી. સ્ત્રીઓ વાંચતી-લખતી થાય એટલે અનાયાસે કુટુંબનિયોજનનો પ્રચાર થાય છે. ભારતનો સરેરાશ જન્મદર હજારે ૩૧ થી ૩૨ છે. તમને આશ્ચર્ય થશે કે ગુજરાતમાં આ દર ૩૭ થી ૩૮ છે ! પણ કેરળમાં આ દર હજારે ૨૧ છે ! કેરળમાં રોમન કથોલિક ધર્મ પાળનારની વસ્તી વધુ છે અને તે ધર્મમાં સંતતિ-નિયમનના નિષેધ હોવા છતાં અહીં જે ગામોમાં કેથોલિક વસ્તી વધુ છે તે ગામો પણ કુટુંબ-નિયોજનમાં ખૂબ આગળ પડતાં છે.

ભૌગોલિક રીતે કેરળ અરબી સમુદ્ર અને પશ્ચિમ ઘાટ પર્વતમાળાની વચ્ચે આવેલી સાંકડી પટ્ટી છે; અને તેથી તેની વસ્તી પાઘડીપને ફેલાયેલી છે. તમે હાઈવે ઉપર નીકળો તો આખે રસ્તે માઈલોના માઈલો સુધી વસ્તી જ વસ્તી, કારણ કે સાંકડી પટ્ટીમાં સવા બે કરોડ લોકોને વસવું તે પાઘડીપને જ ફેલાય ને? એટલે એક ગામ ક્યારે પૂરું થયું અને બીજું ક્યારે શરૂ થયું તે ખબર જ ન પડે. સરકારી વર્તુળોમાં તો એમ કહેવાય છે કે આખું કેરળ જ એક ગામ છે.સગવડ ખાતર પછી તેમાંથી જિલ્લા, તાલુકા, ગામડાં વગેરે બનાવીએ છીએ !

જેમ ગુજરાતી દુકાનદાર (વેપારી) ભારતભરમાં દેખાય તેમ કેરળનો કારકુન, (સ્ટેનોગ્રાફર, એકાઉન્ટન્ટ, મૅનેજર) તમને ભારતભરમાં જોવા મળે. અને હવે આરબો પાસે ડોલર આવ્યા તેના હિસાબો રાખવા અને ઑફિસ ચલાવવા હજારો કેરળવાસીઓ અખાતના દેશોમાં જાય છે. કેરળથી આરબ દેશોનો હવાઈ ટ્રાફિક એટલો બધો વધી ગયો છે કે હવે એર ઈન્ડિયા ત્રિવેન્દ્રમથી સીધી દુબઈની રોજની ફ્લાઈટ જાન્યુઆરી ૧૯૭૮થી શરૂ કરવાની છે.

કેરળમાં શિક્ષણના આટલા બધા પ્રચારની અસર તો ઠેરઠેર વર્તાય છે. રાજ્યના મુખ્ય ઇજનેર (Chief Engineer) એક બહેન છે. હાઈ કોર્ટના જજમાં પણ એક મહિલા જજ છે !

આ રાજ્યને ગુજરાત સાથે પણ સામ્ય છે. ત્રાવણકોરના રાજાનો પદ્મનાભપુરમાં આવેલો ૪૦૦ વર્ષ જૂનો મહેલ જોયો તો તેમાં લાકડાના દાદર અને દાદરને ઉપરથી બંધ કરવાના દરવાજા તો અમે ભાવનગરમાં જે ઘરમાં રહેતા હતા તેના જેવા જ જોયા. રાણીવાસમાં ગુજરાત જેવા જ હિંચકા હતા. રાજા રવિ વર્માનાં ચિત્રોથી તો તમે બધાં પરિચિત છો. રવિ વર્મા આ રાજવી કુટુંબના.

સૈન્યમાં ખેલદિલી

તા. ૧૧-૧-૭૨. ૧૪ દિવસના યુદ્ધમાંથી ભારતીય જનતા અને ભારતીય સૈન્ય અગ્નિપરીક્ષામાં પસાર થઈ વધુ વિશુદ્ધ સ્વરૂપ પામ્યાં છે. ૧૪ દિવસના ટૂંકા ગાળામાં બાંગ્લાદેશ જેવા વિશાળ પ્રદેશ ઉપર ફરી વળી સૈનિક કબજો જમાવવો એ સહેલી વાત નથી, અને ભારતીય સૈન્ય આ કાર્ય કરી શક્યું તેથી દેશવિદેશના મિલિટરી નિષ્ણાતો મોંમાં આંગળાં નાખી ગયા છે. ખાસ કરીને અમેરિકન વિદેશનીતિ-નિષ્ણાતો, મિલિટરી નિષ્ણાતો અને તેમની જાસુસી એજન્સી (CIA) તો તેમની ગણતરીમાં સાવ જૂઠાં પડ્યાં છે. તેમણે ધાર્યું નહોતું કે ભારતીય સેના વ્યૂહમાં અને શૌર્યમાં આટલી નિપુણ હશે.

આપણા સૈન્યની બહાદુરી અને ખેલદિલીની એક વાત એક સૈનિકને મોંઢે સાંભળવાનો મને પ્રસંગ મળ્યો. મારી આંખના ચશ્માના નવા નંબર કઢાવવા હું સિવિલ હૉસ્પિટલ ગયો હતો ત્યાં આ સૈનિકની મને ડૉક્ટરે ઓળખાણ કરાવી. તે સૈન્યમાં કેપ્ટન હતો અને કચ્છસરહદે

દુશ્મનના પ્રદેશમાં ૩૦ કિલોમીટર અંદર લડાયેલા યુદ્ધમાં તે ઘવાયો હતો. કચ્છ સરહદ પરના રણમાં કેપ્ટનની ૪૦ જવાનોની અગ્રિમ ટુકડી પર દુશ્મન સેનાએ છાપો માર્યો. છાપો એટલે AMBUSH. તમારી આખી હરોળ ઉપર બંદૂકની ગોળીઓનો વરસાદ થાય. દુશ્મને ઊંચાણવાળા સ્થાન ઉપરથી ગોળીઓની બૌછાર શરૂ કરી. સામાન્ય રીતે એમ્બુશ શરૂ કરતાં પહેલાં સેનાપતિ સંકેત (સિગ્નલ Signal) આપે છે. પણ આ ભારતીય સૈનિકે કહ્યું કે 'પાકિસ્તાની સરદારનું પ્લાનિંગ એટલું સરસ હતું કે તેણે ક્યારે સિગ્નલ આપ્યો તેની પણ અમને ખબર ન પડી અને એકાએક ગોળીઓના વરસાદમાં અમે બધા ચાળીસે જણ ઘેરાઆ ગયા.' તે ચાળીસમાં ચાર અફસર હતા. તેમાંના ત્રણ માર્યા ગયા, આ કેપ્ટન એક જ બચ્યો. તે સૌથી આગળ હતો. તેણે જોયું કે હવે મૃત્યુ સિવાય બીજું કાંઈ બાકી નથી તેથી તેણે તેનાં દસ સાથીઓને હુકમ આપ્યો કે હવે એમ્બુશ સામે દુશ્મનો પર હુમલો કરો. હુમલામાં જેટલા દુશ્મનોને ઠાર કરી શકાય તેટલા કરીને મરો. આ હુમલામાં કેપ્ટનને એક ગોળી વાગી. તે જમણા લમણામાં દાખલ થઈ જમણી આંખને ભેદી નીચે ઊતરી ડાબી આંખ પાછળથી પસાર થઈ ડાબા ગાલમાંથી બહાર નીકળી ગઈ ! કેપ્ટનને તો ખબર નહોતી પણ જમણી આંખમાં દેખાતું બંધ થયું એટલે તે આંખ હાથ વડે ઢાંકી આગળ વધ્યા એટલામાં પાછળથી સૈન્યની કુમક આવી ગઈ અને ઘાયલ સૈનિકોને પાછા કેમ્પમાં લઈ ગયા, સૈન્યની સાથે જ ADS (Advanced Dressing Service) સમરાંગણની મલમ-પાટા સેવા) હોય છે. રણમેદાન ઉપર જ તાત્કાલિક સારવાર તથા જરૂરી ઓપરેશન કરવામાં આવે છે. ઘવાયાને પંદરમે દિવસે એક આંખ ગુમાવી બેઠેલા આ સૈનિકનો ઘા રુઝાઈ ગયો હતો.

તેણે જે ધીરજથી આ વાત કરી અને કોઈ પણ જાતના ગર્વ વગર ગોળીઓની બૌછાર સામે દુશ્મનો પર હુમલો કરવાનું તેણ વર્ણન કર્યું ત્યારે થયું કે ખરેખર આવી પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લઈ શકે તે જ બહાદુર. વળી, દુશ્મનોના જે હુમલાથી ૪ અફસરોમાંથી ૩ અફસરોનાં મૃત્યુ થયાં તથા ૪૦ જવાનોમાંથી ફક્ત ૬ જ જીવતા બચ્યા તે દુશ્મનોના હુમલા (એમ્બુશ)ની વાત કરતાં પણ 'પાકિસ્તાની અફસરના પ્લાનિંગ માટે તો કહેવું પડે. ખરેખર સરસ પ્લાનિંગ કરી તેણે એમ્બુશ કર્યું' એમ કહેનાર ભારતીય જવાનની ખેલદિલી કેવી ઉદાત્ત ?! ❑

અનુસંધાન) રાજેન્દ્ર શાહ (પૃષ્ઠ ૪૭૨ પરથી

નવી જ દિશા ઊઘડી ગઈ. અહીં આવ્યા પછી જ છંદશાસ્ત્રનું સાચું જ્ઞાન થયું. 'રણપિંગળ'નો અભ્યાસ શરૂ કર્યો, અને આમ છંદો પર હથોટી જામવા લાગી. ૧૯૩૭માં 'કુમાર'માં એમનું પહેલું કાવ્ય પ્રકટ થયું અને પછી ઉત્તરોત્તર એકએકથી ચઢિયાતી રચનાઓ આવવા લાગી. જોતજોતામાં એમનાં કાવ્યોમાંની વિચારપ્રૌઢિ, છંદોલયની સફાઈ, બાનીસૌંદર્ય, અભિવ્યક્તિના સૌંદર્યકલાનિષ્ઠ નાવીન્યથી તે વખતની નવી કવિપેઢીમાં એ ઉચ્ચ સ્થાને પહોંચી ગયા, અને ભાવકો તેમજ કાવ્યમર્મજ્ઞોના પ્રીતિપાત્ર બની ગયા. ૧૯૫૧માં એમનો અમે આપણી ભાષાનો સીમાસ્તંભરૂપ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' પ્રકટ થયો અને એ સર્વત્ર છાયી ગયા.

એમની આવી ઉત્તમ સર્જકપ્રતિભાનું પ્રથમ પ્રોક્ષણ ૧૯૪૭નો 'કુમાર ચંદ્રક' એનાયત થયો ત્યારે થયું. ત્યાર પછી ગુજરાતી સાહિત્યનો શ્રેષ્ઠ 'રણજિતરામ ચંદ્રક' ૧૯૫૬માં એમને એનાયત થયો. ૧૯૬૪માં એમના કાવ્યસંગ્રહ 'શાન્ત કોલાહલ'ને દિલ્હી સાહિત્ય અકાદમીએ પુરસ્કાર્યો. ૧૯૬૮માં એમના કાવ્યસંગ્રહ 'ક્ષણ જે ચિરંતન'ને 'ન્હાનાલાલ પારિતોષિક' એનાયત થયું. ૧૯૭૭માં પ્રકટ થએલા 'મધ્યમા' કાવ્ય સંગ્રહને 'નર્મદચંદ્રક' મળ્યો. ૧૯૮૦માં પ્રકટ થએલા દશપદી રચનાઓના સંગ્રહ 'ઇક્ષણા'ને ગુજરાતી સાહિત્ય પરિષદનો અરવિંદ 'સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થયો, તો ૧૯૮૩માં ત્યાર સુધીના એમના સકલ કાવ્યસંગ્રહોનો સમાવતો 'સંકલિત કવિતા' ગ્રંથ બહાર પડ્યો તેને ૧૯૮૫નો કલકત્તાની 'ભારતીય ભાષા પરિષદ'નો અવોર્ડ એનાયત થયો. ૧૯૮૬માં ગુજરાત સાહિત્ય સભા તરફથી 'ધનજી કાનજી સુવર્ણ-ચંદ્રક' અપાયો તો ગત વર્ષે જ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી મૂર્ધન્ય સાહિત્યકારના સન્માનની યોજના અન્વયે એમનું સમુચિત સન્માન થયું. અને વળી આ વર્ષે હમણાં જ ગુજરાત સરકાર દ્વારા રૂપિયા એક લાખના 'નરસિંહ મહેતા' ગૌરવ પુરસ્કારથી એમની પ્રતિભાને નવાજમાં આવી. ગુજરાતી સાહિત્યમાં જેટલાં માનપાન-ચાંદઅકરામ છે તો સૌ રાજેન્દ્ર શાહને સહજ રીતે પ્રાપ્ત થયાં છે.

આજ સુધીમાં બાળકાવ્યોના સંગ્રહસમેત બાવીસેક જેટલા કાવ્યસંગ્રહોમાં એમણે સૉનેટ, ગીત, ગઝલ, સંવાદકાવ્ય, હાઈકુ, ખાંયણાં એમ અનેક પ્રકારો અજમાવ્યાં છે અને સૉનેટ તથા ગીતોમાં તો આ નામી પેઢી પર ભૂરકી નાખી છે એટલું સાફલ્ય પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત બંગાળીમાંથી રવીન્દ્રનાથના 'બલાકા'નો, સંસ્કૃતમાંથી 'ગીતગોવિંદ'નો તો વળી અંગ્રેજીમાંથી વ્હિટમનનાં કેટલાંક કાવ્યો અને દૅન્ટિના ઇટાલિયન મહાકાવ્ય 'ડિવાઈ કૉમેડિ'નો અનુવાદ આપ્યો છે. એક પ્રમુખ કવિની પ્રતિભા ધરાવતા રાજેન્દ્ર શાહ સ્વભાવે સાલસ, સંવેદનશીલ, સરળ છે તો કવિકર્મે પૂરા સંપ્રજ્ઞાત કલાકાર છે. એમની કવિતા એ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યની સિદ્ધિ અને ઉપલબ્ધિ છે. જીવનનો સદાય જય ગાનાર અને ગુજરાતી કવિતાને દશાંગુલ ઊંચે લઈ જનાર રાજેન્દ્ર શાહનું હોવું એ આપણા સાંસ્કૃતિક સમાજ માટે ગૌરવપ્રદ ઘટના છે. - ધી.પ.

— ભૂમધ્યને બે કાંઠે - ૨૮ —

નાબલ ગામે

— પ્રીતિ સેનગુપ્તા —


કાર્થાજથી ટ્યુનિસ જવા માટે લોકલ ટ્રેન ખરી. મારાં યજમાન ક્યારેય એમાં ફરે નહીં, પણ મારે સદ્ભાગ્યે એ ટ્રેનનું સ્ટેશન એમના ઘરની સાવ પાસે જ હતું. હું તો એકલી જ ફરનારી, એટલે માહિતી મેળવી લેતાં તકલીફ ના પડે, ને ભય વળી શેનો ? આ ટ્રેનલાઈનનું નામ 'ટિ.જિ. એમ.' હતું. અંગ્રેજીના આ ત્રણ અક્ષર ત્રણ શહેરોનાં નામ પરથી લીધા છે. ટ્યુનિસથી 'ગૂલે' થઈ આ ટ્રેન 'લા માર્સા' ગામ સુધી જાય છે - ટ્યુનિસ, ગૂલે, માર્સા પરથી ટિ. જિ એમ.. ત્રણ ડબ્બાની ટ્રેન હોય - એક ફર્સ્ટ ક્લાસનો, ને બે સેકન્ડ ક્લાસના. ટ્યુનિસ જવા, અને સીદી બૂ સઈદ જવા મેં ઘણી વાર ઓ ટ્રેન લીધેલી. બને ત્યાં સુધી સેકન્ડ ક્લાસની જ ટિકિટ લઉં. ક્યારેક બહુ જ ભીડ પણ જોયેલી-ખાસ કરીને શનિ-રવિવારે, ત્યારે ફર્સ્ટની લીધેલી. પૈસા તો નામના જ હતા, પણ સ્થાનિક લોકોની જેમ વર્તવા મળે તો ગમે.

કાર્થાજ વચમાં - એક તરફ, ઉત્તરે લા માર્સા, ને બીજી તરફ ટ્યુનિસ. અર્ધો અર્ધો કલાક થાય, વચમાં સાત-આઠ સ્ટેશને ઊભી રહેતીરહેતી ગાડી જાય. મોટરના રસ્તાની લગભગ સમાંતરે જ પાટા. ટ્યુનિસ જવાને રસ્તે બહુ વસ્તી નથી; એ બારાનો વિસ્તાર છે. દૂર મસ્જિદનો એકાદ મિનાર દેખાય. નજીકમાં પડતર જમીન પસાર થતી જાય. ક્યારેક અમદાવાદના મણિનગર જેવું લાગે. ફાટક પાસે બહુ ભીડ ના થાય. ના કોઈ હોર્ન મારે, ના કોઈ ધસારો કરે. દર પંદર પંદર મિનિટે ગાડી જતી-આવતી હશે. તે દરમિયાન બધાં શાંતિથી પ્લેટફોર્મ પર ઊભાં રહે. વારંવાર ફાટક બંધ થાય-ઊઘડે, તેની પણ અકળામણ નહીં. સભ્ય વર્તન મનને બહુ સારું લાગે છે, અને સુઘડતા આંખોને. ટ્યુનિશિયા ત્રીજા વિશ્વનો દેશ ભલે હોય. એનો સમાજ અને એની વસ્તી સભ્ય, સુઘડ અને રુચિકર છે, એમાં કશી શંકા નથી.

એક વાર હું નાબલ નામે ગામ જવા નીકળી. દર શુક્રવારે ત્યાં ઊંટ-બજાર ભરાય છે. ઊઠીને, તૈયાર થઈને, ટ્રેન લઈને ટ્યુનિસ જાઉં; ત્યાં ટ્રાવેલ એજન્સીનું જે કામ હતું તે પતાવું પછી ટ્રેન-સ્ટેશને જાઉં- એમાં ધાર્યા કરતાં વધારે સમય ગયો. ટ્રેનને એક કલાકની વાર હતી, તેથી બસ-સ્ટેશને જવાનો વિચાર કર્યો. ટ્રેન-સ્ટેશને આ બધું પૂછતી હતી ત્યાં જ એક યુવાન પણ આવી ઊભો-જાણે એનેપણ નાબલ અંગે જ જાણવું ના હોય. હું બસ-સ્ટેશન તરફ ચાલવા માંડી ત્યારે એ પણ પાછળ આવ્યો, મારી સાથે થઈ ગયો, ને મને કહ્યું કે એને પણ ત્યાં જ જવું હતું. હંમેશ મુજબ મેં એણે કહ્યું તે માની લીધું. વિચાર્યું, ભગવાન દાતાર છે, હંમેશાં મદદ મોકલે છે !

બસને થોડી વાર હતી. અમે ગામના દક્ષિણ ભાગમાં ચાલીને ત્યાં પહોંચ્યાં હતાં. દૂર પહાડના ઢોળાવ પર કબ્રસ્તાન દેખાતું હતું- ટાઈલ્સવાળી અગાશી પરથી મેં એ જોયું હતું. એક ખાસ્સા ભીડવાળા રસ્તા પર ભીડ વધારતા ઘણાં લોકો ઊભાંઊભાં એક મકાનને તૂટતું જોઈ રહ્યાં હતાં. દરેક જણ ઊંચું મોઢું કરીને એ તરફ તાકીને ઊભું હતું- સ્ત્રી, પુરુષ, રાહદારી, ધંધાદારી, વિદ્યાર્થીઓ, દુકાનદારો. આમ બધાંને ઊભાં રહી ગયેલાં જોતાં મને નવાઈ લાગી હતી. પછી થયું, કદાચ આમ મકાન તૂટતું જોવું એમને માટે નવાઈભરેલું હતું. હું ઊભી ના રહી. આગળ ચાલતી રહી, પણ પાછું વળીને એ દશ્ય તરફ જોયા વગરના રહેવાયું. એમ પાછળ જોતાં જોતાં આગળ બે ડગલાં ચાલવા ગઈ, ને એક જાડા પેટવાળા સાથે ભટકાઈ ! બસ-સ્ટેશન પર થોડી હલચલ હતી. ટ્યુનિસ માટે કદાચ એ પૂરતી હતી, પણ ભારતનો વિચાર કરીએ તો સાવ ઓછી લાગે. ભીડના ને ધક્કામુક્કીના અભાવને લીધે ફરવું, ચાલવું, રસ્તા વળોટવા-બધું એવું સારું ને સરળ લાગે છે. સાધારણ રીતે તો કોઈ હોર્ન પણ મારતું નથી. જોકે શહેરી ચાલકો ક્યારેક અધીરા થઈ જતા દેખાય ખરા.

'માનો-ના માનો, મૈં તુમ્હારા સાથી', જાણે એમ કહેતા, પરાણે પણ મારી સાથે થઈ ગયેલા યુવાન નાસરે મને ઊભાંઊભાં કૉફી પીવડાવી. અરબીમાં એણે માગી. નાના કપમાં સરસ ફીણવાળી ગરમ કૉફી આવી બસ-સ્ટેશનની હાટડી. ત્યાં જ ઊભાં રહીને પી લેવાની.



નાબલ ગામનો એક માર્ગ. ત્યાંની સ્ત્રીઓના પહેરવેશની લાક્ષણિકતાનો ખ્યાલ પણ તેમાંથી મળી રહે છે.



દક્ષિણ ટ્યુનિશિયાના રણપ્રદેશનું એક લાક્ષણિક દશ્ય

મને પૈસા આપવા ના દીધા. મેં જોયું કે સાવ થોડા જ પૈસા થયા હતા. એ દિવસે મેં નોંધ્યું કે ટ્યુનિશિયાની જનતા સાધારણ રીતે ખીસ્સામાં ઘણું બધું પરચૂરણ લઈને ફરતી હોય છે. ચલણી નોટ તો ભાગ્યે જ કોઈની પાસે હોય. એક કે બે દિનાર હોય તો કોઈનો પણ દિવસ સરસ રીતે પસાર થઈ શકે – નિરાંતે ખાઓ, ત્રણ-ચાર વાર કોફી પીઓ. બસ લઈને શહેરભરમાં ફરો કે નજીકના કોઈ ગામે જાઓ. એક વાર મેં લાંબી ફ્રેંચ બ્રેડની અડધી સાઈઝની સેન્ડવીચ ખરીદી. શાકાહારી ચીજો જ મુકાવી હતી. તો ચારસો મિલિમ આપ્યા. કૉફીના તો દોઢસોથી પણ ઓછા થાય. સેકન્ડ ક્લાસની ટિકિટ કાર્થાજથી ટ્યુનિસના અઢીસો, ને ફર્સ્ટક્લાસના સાડા પાંચસો મિલિમ થતા જોયા. એક દિનારના હજાર મિલિમ થાય; એ પ્રમાણે જોતાં સમજી શકાય છે કે રોજિંદા જીવનમાં બહુ નાણાંની જરૂર કોઈને પડતી નથી. જ્યાં સહેલાણીઓ જ વધારે જતાં હોય ત્યાં ભાવ પણ વધારે હોય. દા.ત. કાર્થાજ સંગ્રહાલયનું પ્રવેશ-શુલ્ક દોઢ દિનાર જેટલું હતું.

ટ્યુનિશિયાના સિક્કા સરસ ને વજનદાર હતા. ફક્ત પાંચ મિલિમનો સિક્કો એલ્યુમિનિયમનો બનેલો, હલકો ને ફિસ્સો હતો. ભારત, અને ક્યારેક ઇટાલિ, જેવા દેશમાં પરચૂરણની કેટલી બધી તંગી હોય છે, ને અહીં ? બસમાં નાબલ જતાં મેં જોયું કે બસનો કંડક્ટર ઢગલે ઢગલા સિક્કા કોટના ખીસામાં ભર્યે જતો હતો. મને થયું કે એ ફાટશે. એનો પોતાનો કોટ હશે કે સરકારી ?! બસના ચાલકની ઉપર સિગારેટ પીવાની મનાઈની એક સૂચના હતી, પણ કોઈને એ નડતી નહોતી, કે નહોતો કંડક્ટર કોઈને સિગારેટ પીતાં અટકાવતો. ભારતની લાંબે જતી બસોમાં પણ આ જ સ્થિતિ જોઈ છે. બાકી, ટ્યુનિસની બહારના રસ્તાઓ પર ઠેર ઠેર પોલિસને શિસ્ત માટે તત્પર જોયેલા.

બૂ કોર્નિન પર્વત સિવાયનો બધો ભૂભાગ સપાટ હતો. સૂકા લીલા રંગની વનસ્પતિ દેખાતી હતી – મોટા મોટા થોર. ઑલિવ ને લીંબુનાં ઝાડ, બારમાસી ને ક્યારેક સૂકા ઘાસના ભારા સરસ રીતે ગોઠવી રાખેલા હોય તેવાં ખેતરો આવતાં ગયાં. લાંબી, બે ભાગની બસ હતી, ને બરાબરની લોકલ. છેવટે, સાડા બાર-પોણા વાગ્યે નાબલ આવ્યું. મને ચિંતા હતી કે સાપ્તાહિક ઊંટ-માર્કેટ વિખેરાઈ ગઈ હશે. નાસર 'કેમલ-માર્કેટ'માંથી કેવળ માર્કેટ શબ્દ જ સમજેલો, તેથી એ મને બે બાજુ દુકાનોવાળા બજારના માર્ગ પર લઈ આવ્યો. મેં જુદીજુદી રીતે કેટલીક વાર એ શબ્દનું ઉચ્ચારણ કર્યું પછી એ સમજ્યો, ને એણે કોઈને પૂછ્યું. એ જગ્યા રસ્તાને છેડે, ચારે બાજુ દીવાલોથી બાંધેલા ખુલ્લા, મોટા મેદાનમાં હતી. ઊંટ તો બધાં જતાં રહ્યાં લાગ્યાં. સવારે પાંચ વાગ્યે બજાર શરૂ થાય, પછી એક વાગતાંમાં તો બધાં ભાથું ખાવા કે ઘર તરફ જવા નીકળી જ જવાનાં. થોડી વસ્તુઓનું વેચાણ ચાલતું હતું. ચામડાની ચીજો, સિરેમિક -તપાવેલી માટીની મોટી મોટી થોડી વસ્તુઓ હતી. મેં તો મેંદીનાં બેએક પૅકેટ લીધાં. લાલા રંગ ને કાળો રંગ – એમ બે-ત્રણ જાતની મેંદી મળતી હતી. હરિસ્સા કહેવાતું સૂકું લાલ મરચું પણ વખણાય. એનું પણ નાનું પડીકું બંધાવ્યું. ઘેર પહોંચીને રસોઈ કરીશ ત્યારે સ્વાદ સાથે સ્મરણ પણ ખીલશે, એમ વિચારેલું.

ઊંટ-માર્કેટમાં લોકસંગીત ને ઘોડાના ખેલ પણ થાય છે, એમ પછી જાણવામળેલું. પહેલેથી એવીખબર હોત તો પ્રયત્ન કરીને પણ વહેલી નીકળત. ખેર, એ સિવાયનું બજાર હજી ભરેલું હતું. નાબલ કાચ, માટી, સિરામિકની અનેકવિધ ચીજો ને સુચિત્રિત ટાઈલ્સ માટે વિખ્યાત છે. માટીકામની શરૂઆત ત્યાં ૧૬મી સદીથી થઈ. ૧૭મી સદીમાં ત્યાં દક્ષિણ સ્પેઈનનાં થોડાં લોકો આવી વસ્યાં, ને ત્યારથી સિરામિક, ટાઈલ્સ વગેરેની કળા શરૂ થઈ. પીળા રંગનાં વાસણ પર કથ્થઈ કે લીલા રંગની ચિત્રાકૃતિ કરી હોય તેવો રંગમેળ નાબલની મૃત્તિકા-કળાની વિશિષ્ટતા ગણાય છે.

બજારની હાટડીઓ ને દુકનોમાં લોભામણી ચીજોનો પાર નહીં. મારે સિરામિક ને પોટરીની થોડી ચીજો તો ખરીદવી જ હતી, પણ તરત ભાર વધી જાય, એટલે ઇચ્છા હોય તેટલી તો ના જ લેવાય. જે લેવું હતું તે બે હાટડીઓ ને એક દુકાનમાંથી લઈ લીધું. થોડો ભાવ કર્યો, પણ આમેય કિંમત બહુ હતી જ નહીં. ચામડાની પર્સથી તો મનને સંભાળી લીધું, પણ એક જોડી સૅન્ડલ તો લીધાં જ. ત્યાં સુધીમાં તો રસ્તા શાંત થઈ ગયા હતા. સહેલાણીઓ ને પરદેશીઓ જતાં રહ્યાં હતાં. બપોર પડી એટલે સૂવાનો સમય થયો હશે.

હું ને નાસર 'બૂર્ગીબા બુલવાર્ડ' પર ચાલ્યાં. સરસ, પહોળો, ઝાડના છાંયડાવાળો રસ્તો હતો, દરિયા-કિનારા તરફ જતો હતો, તેથી હોટલો પણ થયેલી હતી. થોડાં કાફે પણ આવ્યાં. બધી ખુરશીઓ રસ્તા તરફ ગોઠવેલી હોય-જાણે સાથી સાથે વાત કરવા કરતાં રસ્તાનાં લોકોને જોવા વધારે રસપ્રદ ના હોય ! થોડા બંગલા હતા ત્યાં આપણે ત્યાંની 'સોસાયટી' જેવું લાગતું હતું. દરિયાનો રંગ ગળી બ્લૂ હતો. કિનારો લાંબો જતો હતો. રેતી હતી ખૂબ ચોખ્ખી, પણ બહુ સુંવાળી નહીં. પિરામીડ હૉટેલે છાપરીઓ નાંખી હતી. લોકો પાણીને ને તડકાને માણતા હતા.

નવા બૂટથી નાસરના પગ છોલાતા હતા, ને એને થાક લાગ્યો હતો. સ્ટેશનના કાફે પાસે ઝાડ હતાં, ને નીચે ખુરશીઓ મૂકેલી હતી. આઠ-નવ વર્ષના છોકરાઓ ટેસથી સિગારેટનો કશ લેતા હતા. બીજા ત્રણ પુરુષો લાકડાના હેન્ડલવાળો હુક્કો પીતા હતા. કશો અવાજ, શોરબકોર નહોતો. શાંતિમાં બેસી ફરી કૉફી પીધી. નાસર સાથે વાત તો થાય એમ હતું જ નહીં, કારણ કે અમારી વચ્ચે ભાષાનો અને વિચારોનો સેતુ નહોતો. પાછી કાર્થાજ હું બીજે રસ્તેથી ટ્રેનમાં જતી હતી. વચમાં બિર બૂ રેકબા પર ટ્રેન બદલવાની હતી. નાસરે ત્યાંથી એને પોતાને ગામ જતી ટ્રેન લીધી. મેં કાર્થાજ જતી. છવ્વીસેક વર્ષનો હતો એ. પૂરેપરો સભ્ય હતો. ટ્રાવેલ એજન્સીમાં કામ કરતો હતો, એમ એણે કહેલું. હું પહેલી જ ભારતીય વ્યક્તિ હતી, જેની સાથે થોડો જાહેર સમય વીતાવવાનો એને મોકો મળ્યો હતો. કદાચ ગામના મિત્રોને એ ઈર્ષાપાત્ર લાગશે ! ❑

ઇતિહાસધારા

અશોક હર્ષ

દિલ્હીની લૂંટ અને કત્લેઆમ માટે કુખ્યાત ઇરાનનો શાહ નાદિરશાહ મૂળે તો તાર્તાર જાતિનો એક લૂંટારો હતો. ખોરાસાનનો ધ્વંસ કરીને સત્તા અને ઐશ્વર્ય મેળવ્યા બાદ તેણે ઈરાનના શાહ તેહમુસ્પને ટેકો આપીને તુર્કોએ પચાવી પાડેલા પ્રદેશો પાછા મેળવી આપ્યા હતા. પરંતુ પાછળથી શાહ તેહમુસ્પને ગાદીએથી ઉથલાવી પાડી તેનો વધ કરાવીને પોતે ગાદીએ ચડી બેઠો.

ઇરાનની સીમાઓને ચારેબાજુ વિસ્તારતો રહીને તે આ દેશ પર પણ ધસી આવેલો અને દિલ્હીને લોહીથી રંગીને આગથી તારાજ કર્યું હતું. તે કેટલો ક્રૂરકર્મા હતો અને કેવા અંતને ભેટ્યો એ વિષે વિશ્વવિખ્યાત શોધક સ્વેન હેડિને તેના 'માય લાઈફ એઝ એન એકસપ્લોરર'માં નોંધ મૂકી છે :

"આ કરપીણ આદમીએ પોતાના સગા દીકરાની આંખો ફોડાવી નાખી હતી. મસીદો પર માનવમસ્તકોના પિરામિડો ઊભા કર્યા હતા. પોતાના પડાવેલા સિક્કાઓ પર તેણે આ લખાણ અંકાવેલું : 'અય સિક્કા, તું આખી દુનિયાને જાણ કર કે આ નાદિરનું રાજ્ય છે, સારીએ જહાંના શાહોનો તે શાહ છે.' ઇ. ૧૭૪૭માં તેણે પોતાના કેટલાક ઇરાની લશ્કરી અફસરો પર ખફા થઈ તેમને ખત્મ કરી દેવાનો હુકમ છોડ્યો. પરંતુ એ હુકમ અમલમાં આવતાં પહેલાં તો તુર્ક, તાર્તાર, ઉઝબેક અને તુર્કોમાન સૈનિકો સજ્જ થઈ ગયા, અને સાબે બેક નામના સેનાપતિએ રાતે ચોરીછૂપીથી નાદિરના તંબૂમાં દાખલ થઈ તેનું માથું ઉતારી લીધું. તેનું શબ મશહદમાં જ્યાં દફનાવવામાં આવેલું ત્યાંથી આગા મોહમ્મદખાને સત્તા પર આવ્યા બાદ ઇ.સ. ૧૭૯૪માં ખોદાવી કાઢ્યું અને શબ કૂતરાંને મોઢે નંખાવી દીધું. આ મહાન વિજેતાનાં જે હાડકાં બાકી રહ્યાં તે [illegible] વૃક્ષોથી ભરચક એક ટેકરી નીચે દાટવામાં આવેલાં છે."

અંગ્રેજોએ આ દેશમાં પોતાની હકૂમત ઊભી કરીને અહીંની પ્રજાની જે બરબાદી કરી તે સામે પહેલો વિદ્રોહ ૧૮૫૭માં નહિ, પરંતુ તેનાથી યે લગભગ એક સૈકા પહેલાં જાગેલો અને તે પણ સંન્યાસી ને ફકીરો દ્વારા. કોઈ રાજા-મહારાજામાં તો તેવી હિંમત જ રહેવા નહોતી પામી.

મંદિરો અને મસ્જિદો, આશ્રમો ને દરગાહો, જંગલો ને પર્વતો છોડીને મેદાને પડેલી આ જમાતમાં સંન્યાસીઓના નેતા હતા ભવાની પાઠક, જ્યારે ફકીરોના નેતા હતા મજનૂ શાહ. આ વિદ્રોહી જમાતમાં કેટલીક સંન્યાસિનીઓ ને ફકીરણો પણ હતી. સારી યે જમાત બંદૂક, તલવાર, લાઠી, તીર ને ભાલાં વાપરવામાં કુશળ હતી. જેટલી પ્રવીણતા ઘોડેસવારીમાં એટલી જ નૌકાનયનમાં, અને જેટલી કુશળતા તરવામાં એટલી જ પર્વતારોહણમાં ધરાવતી આ જમાતના સરફરોશ વિદ્રોહીઓ કેવળ લાઠીમાર ચલાવીને અંગ્રેજી ફોજ પાસેનાં બંદૂકો, તલવારો અને અન્ય શસ્ત્રો પડાવી ચૂકયા હતા. લાઠી એવા તો વેગથી અને એટલા જોરથી તે ઘુમાવતા કે શત્રુનું કોઈ શસ્ત્ર તેમનાં શરીરને અડકી પણ શકતું નહિ.

ઈ.સ. ૧૭૬૦માં અંગ્રેજો સામે પદ્ધતિસરનું યુદ્ધ શરૂ કરી આ જમાતે અંગ્રેજ સેનાપતિઓના નાકે દમ આણી દઈ તેમને કાં તો ભગાડેલા અથવા પૂરા કરી દીધેલા, તેમની કોઠીઓ હાથ કરી લીધેલી, સાથે આત્મરક્ષણ માટે કેટલાક કિલ્લાઓ પણ ઊભા કરી દીધેલા, જેમાંનો જલપાઈ ગુડીખાંનો, 'સંન્યાસી કોટ' તો આજે પણ એ જમાતની વીરતાના પ્રતીક શો ખડો છે. નેપાળની સરહદથી માંડી બંગાળ, બિહાર અને ઓરિસા સુધી આ વિદ્રોહ વિસ્તરેલો. લડવા ઉપરાંત અંગ્રેજભકત બની ગયેલા જમીનદારો ને દેશદ્રોહીઓના ખજાના લૂંટી તેઓ ગરીબ લોકોમાં તે વહેંચી દેતા.

ઈ.સ. ૧૭૭૦માં આ તમામ વિદ્રોહી સંન્યાસીઓ ને ફકીરોએ અંગ્રેજો સામે વ્યવસ્થિત આક્રમણની એક યોજના રંગપુર મુકામે તૈયાર કરી. અંગ્રેજી હકૂમતને આની જાણ થતાં એણે તેમને જેર કરવા પ્રથમ કીથની ને પછી ટોમસની સરદારી નીચે લશ્કરો મોકલી આપ્યાં. પણ બંને સેનાપતિઓ ને તેમની સેનાઓ કપાઈ મરી. એ પછી ઈ.સ. ૧૭૭૩માં એથી વિશાળ સેના સાથે તુમુલ યુદ્ધ જામતાં બંને સેનાપતિઓ અને મેજર ડ્ગ્લાસ ને કેપ્ટન એકવર્ડ વિદ્રોહીઓના હાથે માર્યા ગયા અને બાકીનું સૈન્ય ભાગી છૂટ્યું.

સંન્યાસીઓ ને ફકીરોનો આ વિદ્રોહ ઈ.સ. ૧૭૬૦થી ૧૮૦૦ સુધી એટલે કે ૪૦ વર્ષ ચાલુ રહ્યો. આ ચાલીસ વર્ષમાં અંગ્રેજોને એમણે હંફાવી દીધા હતા, પરંતુ દેશવાસીઓનાં કશાં સહાય કે સહકાર વિના તેઓ પોતે જ હાંફી ગયા ને વિદ્રોહ ઓસરી ગયો, પણ તેમણે જગાવેલો આવડો મોટો સ્વયંભૂ વિદ્રોહ આ પહેલો જ હતો.

અંગ્રેજ અમલ નીચે આ દેશના વાઈસરોયોમાં બાહોશમાં બાહોશ કોઈ વાસરોય હોય તો તે લોર્ડ કર્ઝન હતો. રોજના સત્તરસત્તર કલાક તે કામ કરતો, પણ નખશિખ સામ્રાજ્યવાદી હોવા સાથે તે એટલો તો ગુમાની હતો કે ભલભલા અફસરોને જાહેરમાં ઉતારી પાડતો. તેના શાસનકાળ દરમિયાનના ભારતના સરસેનાપતિ લોર્ડ કિચનર સાથેનો તેનો ઝઘડો તો જાણીતો છે. આ ઝઘડામાં લંડનમાંની હિંદી વઝીરની કચેરીએ લોર્ડ કિચનરનો પક્ષ લેતાં કર્ઝને પોતાના હોદ્દાની મુદત પૂરી થતાં પહેલાં જ વાઈસરોયપદનું રાજીનામું ધરી દીધેલું.

લોર્ડ કર્ઝનની પત્ની મેરી અમેરિકાના એક સંપન્ન અને પ્રતિષ્ઠિત પરિવાર ભાઈટર'માં જન્મેલી. ઈ.સ. ૧૮૯૦માં યુરોપની પોતાની ચોથી

(અનુસંધાન પૃષ્ઠ ૪૯૫ પર)

કથાસરિત્સાગર

(લંબક ૨; તરંગ ૬)

સાપનો ક્રોધ ડેંડવે !

કનુભાઈ જાની

પૂર્વે રુરુ નામે એક મુનિકુમાર હતો. મન થયું, ને ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં એણે એક કન્યા જોઈ. જોઈ જ રહો એવી રૂપાળી. અદ્દ્ભુત ! મેનકાની કૂખે વિદ્યાધર દ્વારા જન્મેલી, અને સ્થૂલકેશા નામે મુનિએ પોતાના આશ્રમે ઉછેરેલી એ પ્રમદ્દવરાને¹ જોઈ, એવી જ ગમી ગઈ, એટલે પેલા સ્થૂલકેશાઋષિ પાસે જઈને રુરુએ પ્રમદ્દવરાની માગણી મૂકી. સ્થૂલકેશાએ પણ વિવાહ કબૂલ્યો; પણ વિવાહ પ્રસંગ આવતાં જ કન્યાને અકસ્માત કોઈ એરું આભડ્યો.² રુરુનું હૃદય વિષાદમાં ડૂબ્યું. ત્યાં જ એને આકાશવાણી સંભળાઈ :

'આનું છે આયખું ઓછું, અર્ધું દેને જિવાડ તું !'

સાંભળીને તરત એણે એને પોતાનું અડધું આયુષ્ય આપી દીધું. એ પુનર્જીવન પામી, અને રુરુ એને પરણ્યો.

ત્યારથી³ રુરુ જ્યાં જ્યાં સાપ ભાળે ત્યાં ત્યાં ગુસ્સે થઈને 'આય મારી પત્નીને ડસ્યો હતો તે જ' કહીને એને પૂરો કરે. એમાં⁴ એક વાર એક ડેંડવું⁵ જોયું, ને જેવું એને મારવા જાય છે કે એ ડેંડવાને માનવ જેવી વાચા ફૂટી : 'ભૂદેવ ! ક્રોધ તો તમારો છે સર્પો પર; પણ તમે (આમ) ડેંડવાને કાં મારો ? તમારી ભાર્યાને તો ડસ્યો હતો સર્પ. આ ડેંડવા તો તદ્દન જુદા જ ગણાય :

અહિ બધા ય ઝેરાળા; ડેંડવે ઝેર હોય ના !'

(બેયની જાત જ જુદી !)

સાંભળીને રુરુએ સામું પૂછ્યું : 'મિત્ર, તું છો કોણ ?' ત્યારે ડેંડવે જવાબ વાળ્યો : 'બ્રહ્મન, હું છું શાપને કારણે આ અવદશા પામેલો એક મુનિ. (બસ,) આપની સાથેના આ સંવાદ સુધીનો જ મારા પરના એ શાપનો અવધિ હતો !' એમ કહીને એ અંતર્ધાન થઈ ગયો. અને ત્યારથી રુરુએ⁶ ડેંડવા મારવાનું છોડી દીધું.

'માટે જ, હે દેવી, મેં તમને આ દૃષ્ટાંત આપ્યું કે આપનો ક્રોધ છે સાપ પર ને મારો છો બિચારા ડેંડવાને !' એમ મીઠું હસીને, એવાં મીઠાં વેણ મધુર હાસ્ય સાથે સંભળાવીને, વસંતક અટકી ગયો; ત્યારે પતિને પડખે બેઠેલી વાસવદત્તા એની ઉપર ખુશખુશ થઈ ગઈ.

આ પ્રમાણે રાણી રિસાય તો વત્સરાજ મીઠાંમધ વચનોથી એને ચરણે બેસીને એને રીઝવે; (વળી,) પ્રેમમગ્ન રાજા વસંતકની વિવિધ કુશળતાથી પણ રાણીને સતત પ્રસન્ન રાખ્યાં કરે. એમ તે રાજા સદાય સુખી હતો. એની રસના હતી મદિરારસે સદાય ભીનીભીની; એની શ્રુતિ વીણાના ઝંકારમાં (સદાય) લીન; ને એની દૃષ્ટિ દયિતાના મુખ પર જ મંડાયેલી !⁷

ઇતિ

મહાકવિસોમદેવ ભટ્ટવિરચિત
કથાસરિત્સાગરના કથામુખલંબક નામે
બીજા લંબકનો છઠ્ઠો તરંગ થયો સંપૂર્ણ. (ક્રમશઃ)

પાદટીપ

૧ : ટોની-પેન્ઝરમાં 'પ્રિશદ્દવરા' નામ અપાયું છે તે પાઠભેદ હશે ? જગદીશલાલ શાસ્ત્રી સંપાદિત અને મોતીલાલ બનારસીદાસ પ્રકાશિત સંસ્કૃત 'ક.સ.સા.'માં તેમજ બિહાર રાષ્ટ્રભાષા પરિષદના સંપાદનમાં 'પ્રિશદ્દવરા' નથી.

૨ : મૂળ પાઠ છે 'દષ્ટવાન્ અહિ:', સાપ જોયો, સાપ આંખે ચડ્યો. 'એરું' માંનો 'રું' સાનુનાસિક કર્યો તે કોશ પ્રમાણે; બોલવામાં એમ નથી.

૩ અને ૪ : બંને સ્થળે મૂળમાં છે 'અથ'.

૫ : મૂળમાં શબ્દ છે 'ડુણ્ડુભ'. એટલે જળનો નાનો સાપ. એ બિનઝેરી હોય. ગુજરાતીમાં એને કહે ડેંડવું. હિંદીમાં 'ડેંડહા'. આપ્ટેમાં છે : 'નિર્વિષાઃ ડુંડુભાઃ સ્મૃતાઃ'

૬ : રુરુની કથા મહાભારતથી યે જૂની લાગે છે. મહાભારતના આદિપર્વમાં આ કથા આ પ્રમાણે છે : એ ભૃગુકુળનો. પિતા ઋષિ નામે પ્રમતિ, માતા અપ્સરા નામે ઘૃતાચી. એ ઋષિ સ્થૂલકેશની પુત્રી પ્રમદ્દવરાને પરણ્યો. પણ એ ઊંઘતી હતી ત્યારે એને સર્પ ડસ્યો ! ત્યારે રુરુએ એને પોતાના સંકલ્પથી પોતાનું અર્ધું આયુષ્ય આપીને સજીવન તો કરી, પણ, પછી સાપને જ્યાં દેખે ત્યાં મારવા લાગ્યે. એમાં એક વાર એક ડુંડુભને મારવા જતો હતો ત્યાં એને વાચા ફૂટી : 'જરા વિચારીને માર. અમે ડુંડુભ તો જાતે જ નિર્વિષ.' ત્યારે રુરુએ એનું વૃત્તાંત પૂછ્યું. ત્યારે ડુંડુભ કહે : 'પૂર્વાવતારમાં હું સહસ્રપાત નામે ઋષિ હતો. મેં એક વાર મારા મિત્રને વસ્ત્રનો સાપ કરીને બિવડાવ્યો. એટલે એણે શાપ આપ્યો કે જા, તું સાપ થા ! મેં ઉશાપ માગ્યો. ત્યારે તેણે કહ્યું કે તને જ્યારે ઋષિ રુરુ મળશે ત્યારે તારો શાપ ટળશે'. – એ રુરુનો પુત્ર હતો, શુનક. આ કથા બહુ થોડા ફેરફારે સોમદેવે પણ અહીં વણી લીધી છે.

૭ : પુરુ-યયાતિની કથામાં પણ, અહીં છે તેમ, અડધું આયખું આપીને યયાતિને યૌવન બક્ષવાની વાત છે. (પટાંતરે એક વાત કહી દઉં : આપણી અનેક પૌરાણિક કથાઓમાં એ કથા – યયાતિની – એવી ચમત્કારપૂર્ણ અને અર્થગર્ભ છે કે એને લઈને આજ સુધી સર્જકો એને કવિતામાં, નાટક-નવલ-નવલિકામાં ઢાળતા રહ્યા છે. આપણી પૌરાણિક કથાઓમાંથી જે થોડીક આપણે જાણવી જ જોઈએ તેમાંની

એ એક ગણાય. ક્યારેય અલગ એની વાત.) પંચતંત્રમાં પણ અર્ધ-આયુષ્ય બક્ષવાની વિગતવાળી કથા છે. યુરોપમાં પણ એડ્‌મેટોસ અને આલ્કેસ્ટિસની કથા આવી છે. પેન્ઝર યાદ કરે છે ટ્રેબિસોડનું બેલડ. એમાં પુત્રને માટે અડધું આયખું જરૂરી બને છે. કોણ આપે ? મા-બાપને વિનંતી કરાય છે, તો એ નકારે છે. ત્યારે વાગ્દત્તા પોતાનું અડધું આયખું આપે છે. અહીં રુરુની કથામાં એથી ઊલટું જ છે !

એક બીજો વિચાર પણ અહીં કરી લઈએ. ટૉની-પેન્ઝર સંપાદિત 'કથાસરિત્સાગર'નાં અંગ્રેજીમાંનાં દસ વૉલ્યૂમમાંનું પહેલું વૉલ્યૂમ અહીં પૂરું થાય છે. એ યાદચ્છિક નથી. મૂળમાં પણ બીજા લંબકના આ છ તરંગો પૂરા થતાં, જાણે એક વિભાગ પૂરો થતો હોય તેમ, પછીના ત્રીજા લંબકને આરંભે કૃતિના મંગલારંભવાળો પેલો શિવસ્તુતિનો શ્લોક ને પછી ગણેશસ્તુતિ છે ! એટલે ટૉની અહીં પણ મૂળને અનુસર્યાં છે.

પહેલું વૉલ્યૂમ (એની બીજી સુધારા-વધારાવાળી આવૃત્તિ) ૧૯૨૩માં બહાર પડેલું. એના આરંભે ટૉનીનું ટૂંકું જીવનચરિત્ર છે અને સર રિચાર્ડ સી. ટેમ્પલની પ્રસ્તાવના છે. બીજી સંવર્ધિત આવૃત્તિ ૧૯૨૪માં બહાર પડી. એની પ્રસ્તાવના સર જ્યૉર્જ ગ્રિયર્સને લખેલી છે. ૧૯૬૮માં કેન્દ્રના ઉદાર અનુદાનથી જે ભારતીય આવૃત્તિનાં દસ વૉલ્યૂમ બહાર પડ્યાં હતાં તે દસે દસ ત્યારે માત્ર રૂપિયા ૯૦ની જૂજ કિંમતે મળતાં. સર જ્યૉર્જ ગ્રિયર્સનની માફક ઘણા વિદ્વાનો આ કૃતિને 'magnum opus' - એક મહાન કૃતિ ગણે છે. સામાન્ય-અસામાન્ય બધી જાતની કથાના ખડકલા, અત્યંત સંક્ષેપે પદ્યમાં પ્રત્યેક કથાની રજૂઆત કરવાની હોવાથી ક્યાંક આવતી કૃત્રિમતા, ક્યાંય અત્યલંકૃત ભાષા, ક્યાંક અભદ્ર લાગતાં, ચિત્રો, ક્યાંક સીધું કથન તો ક્યાંક સમાસમઢ્યાં વેણના જટાજૂટ, ક્યાંક કાવ્યત્વની બહાર તો ક્યાંક સાવ નીરસ નિરૂપણ, કોઈ એક સળંગ કથાનો અભાવ આવી આવી મર્યાદાઓનેય સહી લેવાનું મન થાય એવડો મોટો લોકકથાસંગ્રહ અહીં મળે છે. એટલે જ આપણા શિષ્ટ સાહિત્યનું આ એક મોટું નજરાણું છે. એક વાર ગુજરાતીમાં એ મૂળ પ્રમાણે જ ઊતરે પછી એનાં સાર-સંક્ષેપ-સરલીકરણવાળાં રૂપાંતરો પણ થઈ શકે. 'વાતોની નદીઓનો દરિયો' એવે નામે એનો પ્રયોગ કરી જોયો છે. આમાંથી અનેક અનેક દૃષ્ટિએ ટાળી-ચાળીને જુદા કથાસંગ્રહો કોઈપણ કરી શકે. અહીં એના ઉપલબ્ધ અંગ્રેજી-ગુજરાતી-હિંદી અનુવાદો અને અભ્યાસોનો પણ ઉપયોગ થાય છે. તેમાંય ટૉની-પેન્ઝરનો ઊંડો-વ્યાપક અભ્યાસ - અનુકરણીય, ઉદાહરણીય, અવિસ્મરણીય. □

કુમાર ૮૦૦મો અંક

૧૯૯૪ના વર્ષમાં 'કુમાર'નો ૮૦૦મો અંક આવી રહ્યો છે. 'કુમારે' અત્યાર સુધીમાં ૬૬ વર્ષની મજલ કાપી છે, જે નોંધપાત્ર ઘટના કહી શકાય. આથી આગામી ૮૦૦મા અંકનું વિશિષ્ટ રૂપે આયોજન કર્યું છે. 'કુમાર'ના ૬૬ વર્ષના અંકોમાંથી કાવ્યો, વાર્તાઓ, ચરિત્રો; વિજ્ઞાન, સ્થાપત્ય, સંગીત, ખગોળ, રમતગમત, કલા વિષયક લેખોમાંથી ચૂંટીને શ્રેષ્ઠ રચનાઓ આ અંકમાં સંગૃહીત કરવામાં આવશે. પ્રસ્તુત અંકોમાંથી રંગીન ચિત્રો, એકરંગી ચિત્રો, ફોટોગ્રાફ્સ વગેરેને પણ પસંદ કરીને આ અંકમાં સમાવવામાં આવશે. 'કુમાર'ના વિવિધ સ્થાયી વિભાગોમાંથી પણ ચૂંટેલી સામગ્રી આમાં સમાવિષ્ટ થશે. લગભગ બસોએક પાનાંના આ દળદાર અંકનું સ્વરૂપ ચયન વિશેષાંકનું હશે. 'કુમાર'નાં ૬૬ વર્ષો દરમિયાન પ્રકટ થયેલી શ્રેષ્ઠ સામગ્રી આ રીતે પ્રથમવાર જ સંગૃહીત થશે. સહુ 'કુમાર' પ્રેમીઓને માટે આ સંઘરી રાખવાલાયક મહામૂલું નજરાણું હશે અને આ દળદાર ચયન વિશેષાંક પાછો નિયત લવાજમમાં જ ગ્રાહકોને મળશે.

૧૯૯૪ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના ચાલુ ગ્રાહકોને આ ૮૦૦મા અંકનો લાભ તો મળશે જ, પણ વર્ષની અધવચ્ચે જેમનું લવાજમ પૂરું થતું હશે તેમણે પોતાનું લવાજમ તરત જ ભરી દેવા આગ્રહ છે. વળી, ૧૯૯૪ના વર્ષ માટે નવા થનારા ગ્રાહકોને જો આ અંકનો લાભ જોઈતો હશે તો તેમણે પોતાનું લવાજમ રૂ. ૧૦૦ માર્ચ ૩૧ ૧૯૯૪ સુધીમાં ભરી દેવું પડશે. માર્ચ ૩૧ ૧૯૯૪ પછીથી જે નવા ગ્રાહકોનું લવાજમ અમને મળશે તેમણે ૮૦૦મા અંકની છાપેલી કિંમત કરતા અર્ધી રકમ પોતાના વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની આપવાની રહેશે, તેની સહુ નવા થનાર ગ્રાહકોએ ખાસ નોંધ લેવા વિનંતી છે.

– તંત્રી

ઈશાન–૨

પ્રાચીન સ્થાપત્ય–એક દિશાસૂચક વારસો

હેમંત વાળા

૧

સ્થાપત્યમાં વર્ષોથી વિવિધ કાર્યહેતુ માટેની 'જગ્યાઓ' નિર્ધારિત થતી આવી છે. મકાનની આવી આંતરિક કે બાહ્ય નિર્ધારિત 'જગ્યાઓનો' મૂળ આશય જે તે કાર્યહેતુ માટે જરૂરી સગવડ આપવાનો હોય છે. સગવડને લગતી આવી જરૂરિયાતો માત્ર ભૌતિક ન રહેતાં જીવનનાં સૂક્ષ્મ પાસાંને પણ સ્પર્શે છે અને સ્થાપત્યની સીમા તેનાં ભૌતિક પરિમાણોથી વિશેષ વિસ્તરે છે. જેમ માનવીનું અસ્તિત્વ માત્ર ભૌતિક નથી, તેમ સ્થાપત્યને લગતી તેની જરૂરિયાતો પણ માત્ર ભૌતિક નથી રહેતી. માનવી પોતાની વ્યક્તિગત ઓળખ, માનસિક શાંતિ, બુદ્ધિમત્તાના વિકાસ માટે, આધ્યાત્મિક તૃપ્તિ માટે હંમેશાં સજાગ રહે છે, અને એવી પરિસ્થિતિ ઝંખે છે કે જે તેની આવી જરૂરિયાતો સંતોષે અને તેની લાગણીઓને યોગ્ય પ્રતિભાવ આપે. માનવીની આવી અભૌતિક જરૂરિયાતો સ્થાપત્યની રચનામાં સંતોષાય તે જરૂરી છે.

સ્થાપત્ય માનવીની ચોક્કસ પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ઉદ્ભવતી ભૌતિક જરૂરિયાતો પૂરી પાડવા માટે માત્ર નથી, પરંતુ તેની લાગણીઓને યોગ્ય રીતે પોષી તેનાથી મળતા આંતરિક આનંદની અનુભૂતિ માટે પણ છે. સ્થાપત્ય વડે સર્જાયેલી જગ્યાઓ માત્ર ગાણિતિક ગણતરી અને વૈજ્ઞાનિક અભિગમ પ્રમાણેની ન રહેતાં માનવીય મૂલ્યો સાથે સંકળાયેલી હોવી જરૂરી છે. આ જગ્યાઓની સંપૂર્ણ અનુભૂતિનાં ભૌતિક પરિમાણોની સમજ ઉપરાંત સમય અને સંજોગોના સંદર્ભમાં ક્રમશ: ઉદ્ભવતી પ્રત્યક્ષ અને સૂક્ષ્મ અનુભૂતિની હારમાળા પર અવલંબે છે. અહીં સખેદ નોંધવું પડે છે કે અર્વાચીન સ્થાપત્ય આવી અનુભૂતિ સર્જવામાં મહદ્ અંશે નિષ્ફળ નીવડ્યું છે. સ્થાપત્ય વડે માનવીની લાગણી કેવી રીતે સંતોષાય અને આવી અનુભૂતિ કેવી રીતે સમૃદ્ધ બને તે સમજવા પ્રાચીન પરંપરાગત તેમજ ઐતિહાસિક સ્થાપત્યો પર નજર માંડવી પડે.

આજનો પ્રવેગમાન સમાજ માનવ પ્રત્યે તેની શક્તિ કરતાં પણ વધુ અપેક્ષાઓ રાખે છે. પ્રત્યેક માનવીએ વિવિધ આર્થિક, સામાજિક તેમજ રાજકીય પરિબળોના માળખામાં રહી સમાજની અપેક્ષાઓ સંતોષવાની હોય છે. તે ઉપરાંત માનવી પોતે પણ પોતાની પાસેથી વધુ ને વધુ અપેક્ષાઓ રાખે છે. આવી પરિસ્થિતિમાં સ્થપતિ પણ ફસાયેલો છે, તેથી સ્થપતિ તરીકેની સર્જનાત્મક શક્તિ ઘણીવાર અન્ય પરિબળો આગળ અર્થહીન બની જાય છે અને તે પોતાના સર્જનને યોગ્ય ન્યાય આપવામાં અસફળ નીવડે છે. ઓછા સમયમાં અને ઓછા પ્રયત્ને આગળની હરોળમાં આવવાની તેની મહેચ્છા પણ ઘણે અંશે તેને તેની સામાજિક ફરજથી દૂર ધકેલે છે. આવી પરિસ્થિતિમાં તે પોતાના સર્જનમાં માનવીય મૂલ્યોને પ્રતિબિંબિત કરી શકતો નથી અને માનવનિર્મિત વાતાવરણની ગુણવત્તા નિમ્ન કક્ષાની બને છે. પહેલાના સમયમાં સ્થપતિની સર્જનાત્મક શક્તિ તેની સંવેદનશીલતા પર વધુ અવલંબિત રહેતી અને અનિચ્છનીય પરિબળોની અસર સ્થાપત્યની રચનામાં નહિવત્ રહેતી. વળી, સ્થપતિ જે તે સમાજનું જ એક અંગ હોઈ તે સમાજનાં મૂલ્યો અને રહેણીકરણીથી સંપૂર્ણ માહિતગાર રહેતો અને તેને અનુરૂપ સ્થાપત્યનું સર્જન કરી શકતો.

સ્થાપત્ય રચનાઓમાં લોકોની જીવનસરણી પણ પ્રતિબિંબિત થાય છે. એકબીજાની નજીક નજીક આવેલાં રહેણાકોવાળી એક પોળ દ્વારા તેમાં વસતાં લોકોના જીવનની જરૂરિયાતોનાં અનેક પાસાંનો પણ પ્રભાવ રહેલો છે.



આથી જ પ્રાચીન સ્થાપત્ય વધુ મૂલ્યવાન બની શકયું. ગુજરાતના આ પ્રાચીન સ્થાપત્યની યથાર્થતા સમજવા અહીં પ્રયત્ન કરીશું.

ગુજરાત વિવિધ પ્રકારની આબોહવાવાળો પ્રદેશ છે. અહીં રણની આબોહવાવાળા પ્રદેશ પણ છે અને દરિયાકિનારાની આબોહવાવાળા પ્રદેશ પણ. આબોહવામાં રહેલી વિવિધતા ઉપરાંત અહીંની ભૌગોલિક પરિસ્થિતિ પણ બધી જગ્યાએ સમાન નથી અને કુદરતી રીતે મળતી બાંધકામની સામગ્રીમાં પણ વિવિધતા રહેલી છે. તે ઉપરાંત, ગુજરાતની પ્રજાનાં રીતરિવાજોમાં પણ વૈવિધ્ય છે. આવી અસમાનતાની અસર ગુજરાતના વિવિધ ભાગોમાં વિકસેલ પરંપરાગત આવાસ પર પડે છે. અહીં ગરમ તથા ભેજવાળી આબોહવાવાળા પ્રદેશમાં પવનની અસરકારક આવનજાવન માટે પરંપરાગત આવાસમાં વધુ પ્રમાણમાં બારીબારણાં રાખવામાં આવ્યાં છે, જ્યારે ગરમ અને સૂકી આબોહવાવાળા પ્રદેશમાં બહારના વાતાવરણની ગરમી આ વાસમાં સીધી પ્રવેશતી અટકાવવા બારીબારણાં પ્રમાણમાં ઓછાં રખાયાં છે. અમદવાદની પોળોના પરંપરાગત આવાસોની રચનામાં આવાસની મધ્યમાં હવાની નિયંત્રિત આવનજાવન માટે ચોકની રચના થતી, જેના વડે આવાસની અંદરના ભાગ સુધી પ્રકાશ પણ પહોંચતો. વળી, સમાંતર આવેલ લાંબી મકાનની હારનો ભાર ઝીલનાર મુખ્ય દીવાલ બે આવાસ વચ્ચે સામાન્ય હોવાથી આવાસની અંદર ગરમીનો પ્રવેશ નહિવત્ બનતો અને આવાસની અંદરનું તાપમાન યોગ્ય આંક પર જળવાઈ રહેતું. આવા પરંપરાગત આવાસો સામાન્ય રીતે એકાકી ન રહેતાં આવાસ-સમૂહના એક ભાગ બની જતા આવા આવાસ-સમૂહમાં સામાન્ય રીતે ચોક્કસ સંપ્રદાયનાં કુટુંબો વસતાં અને સમગ્ર આવાસ-સમૂહ એક કુટુંબની જેમ ઐકય ધરાવતો. આવા આવાસ-સમૂહની વચ્ચે ખુલ્લી જગ્યાઓ [illegible]નની ભાવનાનું દઢીકરણ કરવામાં અગત્યનો ભાગ ભજવતી. આવી જગ્યાઓમાં તેના પ્રકાર, પ્રમાણમાપ તથા સ્થાન પ્રમાણે વિવિધ કૌટુંબિક, સામાજિક તેમજ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ થતી. સ્થાનિક પ્રાપ્ય સામગ્રીનો ઉપયોગ કરી સ્થાનિક આબોહવાનાં વિપરીત પરિબળો સામે યોગ્ય રક્ષણ મળી રહે તે પ્રમાણે આવાસ અને આવાસ-સમૂહની સામૂહિક જગ્યાઓની રચના થતી હોવાથી તેનો અસરકારક ઉપોયગ થતો.

૨

પરંપરાગત આવાસની રચનામાં માનવીનું વ્યક્તિત્વ તેમજ તેની સાંસ્કૃતિક અને વ્યાવસાયિક જરૂરિયાતો યોગ્ય રીતે પ્રતિબિંબિત થતી. અહીં સ્થાનિક સંજોગો પ્રમાણે નિર્મિત થતી વિવિધ સંપ્રદાયની જીવનસરણી મહત્ત્વનું પરિબળ બનતી. ને કોઈપણ બાબતમાં અતિશયોક્તિને સ્થાન ન રહેતું. હકીકતને હકીકત તરીકે સ્વીકારી તેને કળાત્મક રીતે આવાસની રચનામાં એવી રીતે સમાવાતી કે જેથી જે તે પ્રયોજન માટે નિર્ધારિત થતી જગ્યાઓ કાર્યક્ષમતાની દૃષ્ટિએ અસરકારક બને. ગુજરાતના વિવિધ પ્રાંતમાં થતી આવાસની રચના



પરંપરાગત આવાસની રચનામાં સ્થાનિક આબોહવાનું એક નિર્ણાયક પરિબળ હતું. કચ્છમાં તેરા ગામના આવા એક પરંપરાગત આવાસની મધ્યમાં આવેલા ચોકની રચનામાં સ્થાનિક જીવનસરણી, સ્થાનિક આબોહવા અને પ્રાપ્ય સાધનોની સ્પષ્ટ અસર જોઈ શકાય છે.

સ્થાનિક આબોહવા, પ્રાપ્ય સામગ્રી તથા પ્રચલિત રહેણીકરણી મુજબની થતી હોવાથી આવાસની રચનામાં પ્રાદેશિક વિવિધતા રહેતી. તે છતાં પણ પ્રત્યેક પ્રકારના આવાસમાં નિર્ધારિત થતી વિવિધ આંતરિક તથા બાહ્ય જગ્યોનો બહુહેતુક ઉપયોગ શકય રહેતો. પરંપરાગત આવાસમાં નિર્ધારિત થતી વિવિધ જગ્યાનો જે વિવિધ પ્રકારે ઉપયોગ શકય બનતો તેનાથી જે તે પ્રદેશમાં આવાસની બાંધણી એક જ સિદ્ધાંત પર અવલંબતી હોવા છતાં તેની અનુભૂતિમાં વિવિધતા શકય બનતી. ચોક્કસ કાર્યના ઉપયોગ માટે નામકરણ નહીં પામેલી જગ્યાઓની રચનાથી મળતું વૈવિધ્ય અને ઊભી થતી અસમંજસતા પરંપરાગત આવાસનું જમા પાસું હતું. આવાસની અંદરના ભાગ સુધી પહોંચવા માટેના પથ અને તેના પરનાં વિવિધ પરિમાણોથી ઉત્પન્ન થતી અનુભૂતિ આવાસને બહારની દુનિયાથી ક્રમશ: ભિન્ન બનાવતી. તે ઉપરાંત, આવાસની અંદરની જુદીજુદી જગ્યાઓમાં પ્રકાશની વિવિધતાથી આવાસની અંદરની જગ્યાઓ એકબીજાથી અલગ પડતી. વળી, આવાસની રચનામાં વિવિધ ભાગોનું પ્રયોજન માત્ર ભૌતિક ન રહેતાં તેની સાથે સૂક્ષ્મ અનુભૂતિ પણ જોડાતી-જેમ કે,

અમદાવાદની પોળના આવાસનું દૃષ્ટાંત જોતાં માલૂમ પડશે કે વચમાં આવેલ ચોકની આજુબાજુની જગ્યા સિવાય ઘરમાં સામાન્ય રીતે પ્રકાશનું સ્તર નીચું રહેતું, જેના વડે ચોક અને મકાનના અન્ય ભાગ વચ્ચે દેખીતો વિરોધાભાસ સર્જાતો. ભારતીય સ્થાપત્યના પ્રાચીન સિદ્ધાંતો અનુસાર મકાનની વચ્ચેનો ભાગ બ્રહ્મ માટે નિર્ધારિત થયેલ છે. આ સિદ્ધાંત ચોકની રચનામાં બિનસભાનતાપૂર્વક અનુસરાયો છે. ચોકમાં પ્રવેશતા પ્રકાશના વિપુલ જથ્થાથી આવાસનો બ્રહ્મભાગ નિર્ધારિત થતો અને આધ્યાત્મિક અનુભૂતિ પોષાતી. કુટુંબનાં જુદાંજુદાં સભ્યો વચ્ચે સંબંધ વિકસાવવામાં તથા વિવિધ પ્રકારની કૌટુંબિક પ્રવૃત્તિનો સમાવેશ કરવામાં પણ ચોકની ભૂમિકા મહત્ત્વની રહેતી. વળી, ચોક વડે આવાસની આંતરિક આબોહવાનું અસરકારક નિયંત્રણ શક્ય બનતું. આમ, આવાસનો ચોક આધ્યાત્મિક, સામાજિક તથા કૌટુંબિક જરૂરિયાતો સંતોષવા ઉપરાંત સ્થાનિક આબોહવાના સંદર્ભમાં પણ મહત્ત્વનો પુરવાર થતો.

પરંપરાગત આવાસના વિવિધ ભાગો ઉપરાંત સમગ્ર આવાસ પણ જે તે સંસ્કૃતિ તથા સંજોગોને યથાર્થ રીતે રજૂ કરતો. અમદાવાદના પરંપરાગત આવાસની રસ્તા પરની પહોળાઈ કરતાં ઊંડાઈ વધુ રહેતી, જેનાથી આવાસની અંદરના ભાગમાં જરૂરી ગોપનીયતા મળી રહે. અમદાવાદનાં લોકો સંપત્તિની બાબતમાં વધુ સજાગ હોવાથી અને અહીં મુસ્લિમ શાસકો તરફથી તે સમયે સતત અસલામતીની ભાવના રહેતી હોવાથી એવા પ્રકારનાં આવાસ તથા આવાસ-સમૂહની રચના પ્રચલિત થઈ, જેમાં ગોપનીયતા તથા સંઘભાવના જળવાય અને સલામતીની ભાવના વિકસે. તેની સરખામણીમાં પાટણ જેવા સ્થળોએ બનેલ બ્રાહ્મણોના પરંપરાગત આવાસની રચનામાં ધાર્મિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું વિશેષ મહત્ત્વ રહેતું. આ આવાસ સામાન્ય રીતે વિવિધ પ્રકારના ઉપયોગમાં લઈ શકાય તેવા વિશાળ ચોકની આજુબાજુ રચાતો. આ ચોક તેની ઉપયોગિતામાં ભિન્નતાને કારણે અમદાવાદના આવાસના ચોક કરતાં પ્રમાણમાં તથા પ્રકારની દૃષ્ટિએ અલગ બનતો. વળી, આ આવાસમાં પૂજાના સ્થાનનું પણ વિશેષ મહત્ત્વ રહેતું, અને ઘણીવાર આવાસ આવા પૂજાસ્થાનના થયેલ વિકાસ તરીકે જ જોવાતો. કચ્છમાં બન્ની પ્રાંતમાં આવાસની રચના તદ્દન ભિન્ન પ્રકારની રહેતી. અહીંના આવાસો વર્તુળાકાર હોઈ કોઈપણ ચોક્કસ દિશાને સૂચિત ન કરતા. વર્તુળ એ દિશાશૂન્ય આકાર હોવાથી તેના પ્રયોજનમાં તટસ્થતા પ્રતીકાત્મક રીતે રજૂ થતી. વળી, આવા બાંધકામમાં સાદગી અને કરકસરભર્યો સ્થાનિક સામગ્રીનો ઉપયોગ આબોહવા અને રહેણીકરણી અનુસાર થતો. ગુજરાતના વિવિધ પ્રાંતમાં બનેલ પરંપરાગત આવાસો, આમ, જે તે સાંસ્કૃતિથી ઉદ્‌ભવતી જીવનસરણી, સ્થાનિક આબોહવા અને પ્રાપ્ય સાધનોને યોગ્ય ન્યાય આપતા હોવાથી આડંબરથી દૂર રહ્યા અને સમયના સંદર્ભ વગર સ્થાપત્યની અમૂલ્ય રચના તરીકે સ્થાન પામ્યા.

૩

પરંપરાગત આવાસની સરખામણીમાં ધાર્મિક સ્થાનકોની બાંધણીમાં ચોક્કસતા તેમજ સંપૂર્ણતા અગત્યની રહેતી અને બાંધકામના સિદ્ધાંતો સંજોગો તથા સ્થળ પ્રમાણે બદલાતા નહિ. આવાં સ્થાનો ઈશ્વર માટે નિર્મિત થતાં હોવાથી તેમની રચનામાં છૂટછાટ શક્ય ન હતી. આ પ્રકારનાં મકાનોમાં હિંદુ મંદિરની બાંધણી ખાસ ઉલ્લેખનીય રહી છે. સ્થાપત્યની સામાન્ય ખાસિયતો ઉપરાંત મંદિરની રચનામાં ઘણી સમૃદ્ધતા રહેલી છે અને વ્યવહારુ સિદ્ધાંતોથી વધીને ગૂઢાર્થ રહેલા છે. જેમ કે મંદિરમાં સભામંડપથી ગર્ભગૃહ સુધી પહોંચવાના માર્ગમાં વિવિધ સ્થળે મળતી અનુભૂતિ પરોક્ષ રીતે આધ્યાત્મિકતાને પોષે છે. આ પથમાં આવતા મંદિરના વિવિધ ભાગોના પ્રમાણમાપ તથા આકાર ક્રમશ: કેન્દ્રવર્તી બને છે અને પ્રકાશનું સ્તર તથા બહારની દુનિયા સાથેનો સંપર્ક ક્રમશ: ઘટતો જાય છે. તે ઉપરાંત જે તે ભાગમાં આવતી કોતરણીથી દૃશ્ય અનુભૂતિ મારફતે ચોક્કસ સંદેશો પ્રતીકાત્મક રીતે પહોંચાડાય છે. આ બધાં કારણોથી મંદિરના પ્રવેશ આગળ જ્યાં 'ઉત્સવ'નો ભાવ ઉત્પન્ન થાય છે તે ક્રમશ: બદલાઈને ગર્ભગૃહમાં ઈશ્વર

મંદિરની રચનામાં રજૂઆતનું વિશેષ મહત્ત્વ રહ્યું છે.



સાથેના 'તાદાત્મ્ય'માં પરિણમે છે. ગર્ભગૃહમાં પ્રવેશ્યા પછી માનવી બહારની દુનિયાથી દૂર થઈ જાય છે – આમ પણ ઈશ્વરની નજીક પહોંચવા ભૌતિક દુનિયાથી વિમુખ થવું જરૂરી છે – અને ત્યાંના અંધકારમાં પ્રકાશ માટે દિવાની નાની જ્યોત પૂરતી ગણાય છે. કારણ કે ત્યાં આત્માના પ્રકાશની અનુભૂતિ અગત્યની છે. આમ, મંદિર જે ભૌતિક પરિમાણોથી બને છે તે આધ્યાત્મિક વૃત્તિને યોગ્ય રીતે સંતોષે છે અને પ્રતીકાત્મક રીતે મોક્ષનો માર્ગ સૂચવે છે.

મંદિરની સરખામણીમાં મસ્જિદની રચનામાં આધ્યાત્મિક ગૂઢતા એટલી સમૃદ્ધ જણાતી નથી. મસ્જિદની રચનામાં સામાન્ય રીતે મુસ્લિમ સમાજની વ્યવસ્થા અને ધાર્મિક ક્રિયાકાંડની જરૂરિયાત વધુ સચોટ રીતે રજૂ થાય છે. અહીં વ્યક્તિગત પૂજા કરતાં સામૂહિક બંદગીનું મહત્ત્વ હોવાથી સમાનતાના સિદ્ધાંતોનો અસરકારક રીતે અમલ કરાયો છે. મંદિર તેમજ મસ્જિદની રચનામાં સ્થાનિક સંસ્કૃતિ તેમજ સાધનોને યોગ્ય ન્યાય મળ્યો છે, જ્યારે ગિરજાઘરની રચનામાં અનુસરતા સિદ્ધાંતો સામાન્ય રીતે 'બહારના' હોવાથી અહીંની સૈદ્ધાંતિક વિચારસરણીને પ્રતિબિંબિત કરતા નથી.

ગુજરાતમાં વહીવટી પ્રયોજન માટે અને રક્ષણાર્થે બનેલાં પ્રાચીન બાંધકામ સામન્ય રીતે મોટાં પ્રમાણમાપવાળાં અને દળદાર બન્યાં હતાં. આ પ્રકારના બાંધકામથી જે તે મકાનની સત્તા પ્રતીકારાત્મક રીતે રજૂ કરાઈ છે. અહીં મંદિર તથા મસ્જિદની રચનામાં ભૌમિતિક સિદ્ધાંત જેવી ચુસ્તતાથી પળાયા છે તેવી ચુસ્તતાથી પળાતા નહોતા, અને કાર્યસરળતાને વધુ મહત્ત્વ અપાતું. વળી, આ મકાનોમાં સ્થાનિક સંજોગોની અસર પણ દેખીતી રીતે સ્પષ્ટ રહેતી. રાજવી કુટુંબના આવાસોની રચનામાં તેમની સત્તા પ્રતીકાત્મક રીતે રજૂ કરવા કરતાં તેમની રહેણીકરણી તેમજ તેમનો બહારની દુનિયા સાથેના સંપર્કનો પ્રકાર મહત્ત્વનો રહેતો. આવા આવાસની રચનામાં જે તે કુટુંબની રાજકીય તેમજ સામાજિક ભૂમિકા માત્ર તેના બાહ્ય દેખાવમાં પ્રતિબિંબિત કરવા પ્રયત્ન થતો.

ગુજરાતના સામાજિક જીવનમાં વધુ મહત્ત્વ પણીનો સંગ્રહ કરનારાં બાંધકામોનું છે. પણી એ કુદરતી રીતે પ્રાપ્ય બહુમૂલ્ય સંપત્તિ હોવાથી અહીંના સમાજે પાણીને લગતાં વાવ, કુંડ કે ઘાટ જેવા બાંધકામની રચનામાં પાણીનું મહત્ત્વ અને મૂલ્ય યોગ્ય રીતે રજૂ થાય તેની કાળજી રાખી હતી. પાણીને માનવનિર્મિત ગંદકીથી મુક્ત રાખવા આ પ્રકારના બાંધકામને ધાર્મિક મહત્ત્વ પણ અપાતું. વળી, આવા સ્થાને ધાર્મિક તેમજ સામાજિક ઉત્સવો તથા મેળાવડા નિયમિતપણે યોજી પાણીને યોગ્ય પ્રાધાન્ય અપાતું. જ્યાં જરૂરી હોય ત્યાં પાણીના પ્રવેશ તથા નિકાલની રચનામાં ઇજનેરી અભિગમ અપનાવાતો અને તે બાંધકામના વિવિધ ભાગોને કોતરણીથી કંડારી સંવાદી અનુભૂતિ સર્જવામાં આવતી. વળી, પાણી સુધી પહોંચવાનો રસ્તો પણ અનુભૂતિની દૃષ્ટિએ સમૃદ્ધ તથા અમુક અંશે શ્રમદાયક પણ બનાવાતો, જેથી પાણી સુધીનું અંતર કાપ્યા પછી ચોક્કસ જગ્યાએ પહોંચ્યાની અનુભૂતિ થાય.આવી અનુભૂતિને કારણે પાણી માટે નિર્ધારિત થતી 'જગ્યા'નું મહત્ત્વ બનતું. આવી 'જગ્યાઓ' યથાયોગ્ય રીતે નિર્ધારિત થતી હોવાથી પ્રાચીન સ્થાપત્ય મૂલ્યવાન ગણાય છે.

બાંધકામનો કોઈ પણ પ્રકાર હોય અને તેનો જે પણ કંઈ હેતુ હોય, પ્રાચીન સ્થાપત્યમાં માનવીની અનુભૂતિને વધુ મહત્ત્વ અપાયું છે. આ અનુભૂતિ સાથે સ્થાનિક આબોહવા, પ્રાપ્ય સાધનો, સંજોગો તથા માનવીની સ્થૂળ તથા સૂક્ષ્મ જરૂરિયાતો અને મૂલ્યો પણ યોગ્ય રીતે પ્રતિબિંબિત થયાં છે. એ વાત સાચી છે કે બાંધકામના પ્રકાર પ્રમાણે આ પરિબળોનો અગ્રતાક્રમ બદલાતો રહ્યો છે, પણ અગ્રતાક્રમમાં આ ફેરફાર સમાજની જે તે અપેક્ષાને અનુરૂપ જ થયો છે. મંદિરની રચનામાં જીવનના જે પાસાંને વધુ મહત્ત્વ આપવાની જરૂર છે તે પાસાં વાવની રચનામાં એટલા મહત્ત્વનાં નથી રહેતાં. માનવીની અપેક્ષામાં આ રીતે થતા ફેરફાર પ્રાચીન સ્થાપત્યમાં કળાત્મક રીતે ધ્યાનમાં રખાયા છે અને ઘણીવાર પ્રાચીન સ્થાપત્ય માત્ર આવી અપેક્ષાઓ સંતોષવાને બદલે સમાજને તેવી અપેક્ષા રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

સ્થાપત્ય એ સાંસ્કૃતિક વારસો, ધાર્મિક માન્યતા અને રીતિ-રિવાજો, સામાજિક મૂલ્યો અને રહેણીકરણી, તકનિકી જાણકારી અને સાંદર્ભિક સંજોગોનો સમન્વય છે. તેની અસર માત્ર ભૌતિક પરિમાણો સુધી સીમિત ન રહેતાં સમાજ તેમજ માનવીના જીવનનાં સૂક્ષ્મ પાસાંઓ સુધી પહોંચે છે. આ પ્રકારની અસર સમજવા આપણને મળેલ સ્થાપત્યના વારસા તરફ નજર દોડાવવી પડે, અને આ વારસાને સમજી તેમાં રજૂ થયેલાં મૂલ્યોનું જતન કરવું પડે. (ક્રમશઃ)

નાટ્યાનુભાવન-૧૫

રંગભૂમિની ભાષા-૪

હસમુખ બારાડી

'પાત્રનું પૃથક્કરણ, એના મનોભાવો કે આંતર ચેતનાની સ્થિતિઓ રજૂ કરવા માટે માત્ર મુદ્રાઓ કે આંગિક અભિનય, નૃત્ય કે સંગીત કરતાં વાક્ (શબ્દ) બળવત્તર છે એ હું જાણું છું; પરંતુ આજની રંગભૂમિમાં જેના નામના સિક્કા પડે છે તે પ્રેમ અને ફરજ વચ્ચેના સંઘર્ષો પેશ કરવા, પાત્રનું પૃથક્કરણ કરવા કે સાંપ્રત ને મનોવૈજ્ઞાનિક પ્રશ્નોની પ્રસ્તુતિ કરવી એ રંગભૂમિનું કામ છે એવુંય કોણે કહ્યું ?'

ના સાહેબ, આ સાપ્રંત ગુજરાતી રંગભૂમિ વિશે નથી લખાયું. એ લખાયું હોત તો એમાં દ્વિઅર્થી સંવાદો, જોક્સનો શંભુમેળો, કાકતાલીય પ્રસંગોની હારમાળા, દશ્યે દશ્યે બદલાતી વેશભૂષા, આંસુ-રહસ્ય-હાસ્ય અને આદર્શોય વેચતી નાટ્યપ્રવૃત્તિની જિકર હોત ! અને તો, કદાચ ઉપર કહ્યું તેવું વાચિક અને વાચિકેતર રંગભૂમિનું ગંભીર વિશ્લેષણ ન કરવું પડયું હોત ! એ વિશ્લેષણ છે ૧૯૩૦ની ફ્રેન્ચ રંગભૂમિનું. ત્યારે ત્યાંય થીએટર શબ્દાળુતા અને વાચાળતાથી પિડાતું હતું, 'લેખકની ધૂંસરીનાં ચાઠાં એની કાંધે પડી ગયાં હતાં !' અને તો ય એ દેશની રંગભૂમિના નાટ્યકારો સામે એ વિદ્રોહ હતો જ્યાં મોલિયેર, રેસિન, ગિરોદો, રોસ્તાં જેવા શબ્દસ્વામી નાટ્યકવિઓ પાકયા હતા ! ૧૮૯૮માં રશિયામાં સ્તાનિસ્લાવ્સ્કી અને દાન્શેન્કોએ પણ તત્કાલીન રંગભૂમિનો લગભગ એવો જ-શબ્દાળુતા, આડંબર, ફેશનિયા નટો સામે-વિરોધ કર્યો હતો અને નવું 'મોસ્કો આર્ટ થીએટર' સ્થાપ્યું હતું; એમાં અન્તોન ચેહફનાં નાટકો રજૂ કર્યાં હતાં; 'અભિનય'ની શકવર્તી પદ્ધતિ (સ્તાનિસ્લાવ્સ્કી પદ્ધતિ)નો એમાંથી ઉદય થયો હતો !

ટૂંકમાં જમાને જમાને, દરેક રંગભૂમિમાં-જો એ જીવતી, ધબકતી હોય તો 'સૂકું' બાળ્યું જ છે, થોડું 'લીલું' બાળીનેય ! સૂકું એટલે 'શબ્દની ધૂંસરી' મનાય એવી તત્કાલીન રંગભૂમિના નટ-દિગ્દર્શકોની ગુલામી, થીએટર-પ્રક્રિયા વિશેની એમની અણસમજ, 'શબ્દ'થી ચલાવી લેવા જેવી કલ્પનાહીનતા અને આળસ, કદાચ લેખકની જોહુકમી વગેરે. અને 'લીલું' એટલે ઉપર લખ્યા તે નાટ્યકારોની કૃત્તિઓ થોડો વખત ન ભજવાય, વિદ્રોહ કરનારનો નવોન્મેષ થીએટર આત્મસાત્ કરે, નવી રંગભાષા સર્જાય-પ્રયોજાય, પ્રેક્ષકો એને સ્વીકારે અને ફરી પાછું થીએટર નવા નાટકે ને જૂનાના નવા અર્થઘટને ધબકવા માંડે ! ફ્રાન્સમાં, જર્મનીમાં, રશિયામાં, ઈંગ્લંડમાં બધે આ સદીમાં એવું બન્યું છે, બની રહ્યું છે.

એ બધાનું પરિણામ એ આવે છે કે થીએટરમાં પ્રયોજાતો/પ્રયોગાતો/સ્વીકારાતો નવોન્મેષ નિહાળી નાટ્યકાર નવી રંગભાષા સાથે પ્રવેશે-(દા.ત. ફ્રાન્સમાં જ આદામોવ, આરાબાલ, બેકેટ, આયોનેસ્કો, જ્યાં જીને વગેરે) અને થીએટરને નવી દિશા ચીંધી આપે ! 'શબ્દની ધૂંસરી' સામેનો વિરોધ, ટૂંકમાં, ખરેખર લેખકના સામે નથી હોતો, લેખકના 'શબ્દનો અભિનય' (ચારેય પાસાંઓ-આંગિક, વાચિક, આહાર્ય, સાત્ત્વિક)નટ-દિગ્દર્શકો કેવી રીતે કરે છે એ સામે ખરી રીતે તો હોય છે. કારણકે, પુનરુક્તિ કરીને કહું છું કે, લેખક માત્ર શબ્દ નથી આપતો, ઉપર કૌંસમાં મૂકયા તે લેખકોએ તો એ નથી જ કર્યું, અને એમણેય 'શબ્દ'નો અભિનય કરાવવાનો આગ્રહ નથી સેવ્યો. એમણે જીવનમાંથી નાટ્યક્ષણો પકડીને એને રંગભાષામાં ઢાળી હોય છે, એની સમગ્ર વિભાવના એવા શબ્દમાં મૂકી હોય જેને નટ-દિગ્દર્શક તખ્તા પર સમય/સ્થળમાં 'પ્રસ્તુત' કરી શકે !

એટલે તો એન્તોનીન આર્તુ (૧૮૯૬-૧૯૪૮)એ ૧૯૨૫માં માત્ર કથા કહેતા વર્ણનાત્મક થીએટરનો અને રહસ્યભૂખ્યા પ્રેક્ષકોની મનોવૃત્તિનો વિરોધ કર્યો હતો ! અલબત્ત, એની પહેલાંના ત્રણેક દાયકામાં સ્તાનિસ્લાવ્સ્કી (૧૮૯૮)થી માંડી આપિયા (૧૯૦૧), ક્રેગ (૧૯૧૧), મેયર હોલ્દ (૧૯૨૦), રેઈન હાર્ડ (૧૯૨૦-૨૨) સુધીના અલગ અલગ યુરોપીય દેશોમાં, નવી રંગભાષાની ખોજમાં ભારે મથામણો કરીને, નાટ્યપ્રસ્તુતિને કલાસર્જન તરીકે સ્થાપી હતી, અને એને નાટ્યલેખને ચરિતાર્થ કરતા અભિનય માત્ર બની જાય એમાંથી ઉગારી લીધી હતી ! એ માટે તેઓએ સમાનપણે નટ-પ્રેક્ષક-સંબંધ નવે રૂપે સ્થાપ્યો હતો, એટલે કે 'નટની જગ્યા', નટપ્રેક્ષકનું અંતર, એની આંતર-પ્રક્રિયાને ફેરતપાસી હતી. આ સ્પેસ (સ્થળ)માં જેટલું ઘટ્યું ત્યાં એ નવી રંગભાષાનો ઉદય થયો.

રૂસી નટ-દિગ્દર્શક મેયર હોલ્દે શું કહ્યું છે ? ''પહેલાં લેખકનો વિચાર સમજો, આપણે એને 'રંગભાષા'માં ઢાળવાનો છે; ત્યારબાદ હું એની આજુબાજુ મારી નાટ્ય-પ્રસ્તુતિ-પ્રક્રિયા સર્જું છું !'' ઉદાહરણ તરીકે ઇબ્સનના 'હેડા ગેબ્લર' નાટકની પ્રસ્તુતિમાં પાત્રોના મિજાજ મુજબનાં રંગો અને મુદ્રાઓ નિશ્ચિત કર્યાં, એને પ્રોસેનિયમ આર્ક વિનાની રંગભૂમિમાં નટ-પ્રેક્ષકને વધુ નજીક લાવી વ્યકત કર્યાં. ચીન-જાપાનનાં નૃત્યોમાંથી મેયર હોલ્દ એટલું શીખ્યો હતો કે પ્રેક્ષકોને એમની કલ્પનાનો ઉપયોગ કરવા નટે અવકાશ આપવાનો છે ! એકથી સો સુધીનું બધું ગણવા બેસવાનું નથી ! એટલે તો એણે નવા લેખકોને કહ્યું હતું કે મને વિચાર કહો, હું નટો સાથે એ મુજબ કામ કરું, પછી તમે ઘટના કહેતાં જાઓ- મારે જરૂર પડશે ત્યારે 'સંવાદો' લખવા તમને બોલાવી લઈશ ! તમારી 'સંવાદો અને રંગસૂચનોમાં બદ્ધ નાટ્યકૃતિ'ની મારે કોઈ જરૂર નથી !' રંગભાષા સમજતા કોઈ લેખકને એનું માઠું લાગ્યું નથી; મેયર હોલ્દ સાથે કવિ માયકોવ્સ્કીએ એ રીતે કામ કર્યું, અને ત્રણ સુંદર નાટકોનું એણે એ દરમ્યાન સર્જન કર્યું હતું !

ભારતીય થીએટર એટલે કે સંસ્કૃત થીએટરના અભ્યાસી, 'શાકુન્તલ'ના દિગ્દર્શક અલેકઝાન્દ્ર તૈરોવે તત્કાલીન ઓપેરા અને બાલે (Ballet)ના લય અને તાલ મુજબ નટોને અભિનયની તાલીમ આપી. તખ્તાની જગ્યાનો આ દિગ્દર્શક પિયાનોના કી-બોર્ડની જેમ ઉપયોગ કરતો, અનેક પ્રકારનાં લેવલ, રોસ્ટ્રમ વગેરે વાપરી નટની રમણભૂમિને સુંદર સ્થાપત્ય એ બનાવતો.

સ્તાનિસ્લાવ્સ્કીના બીજા શિષ્ય નટ-દિગ્દર્શક વખ્તાન્ગોવે ૧૯૧૮માં કહ્યું હતું કે, 'જીવનના ઉપરછલ્લા અનુકરણને ભૂલો; થીએટરનું ખુદનું આગવું વાસ્તવ છે, અલાયદું એનું સત્ય છે-

અનુભૂતિ અને લાગણીઓનું સત્ય, જે કલ્પનાશીલતા અને રંગભાષાથી તખ્તે પ્રસ્તુત થાય છે !' અન્તોન ચેહફ આ નટથી ખૂબ પ્રભાવિત હતા; 'હેમ્લેટ'ના પાત્રસર્જન માટે એ જાણીતો હતો; આજે એના શિષ્યોનાય શિષ્યો રશિયામાં રંગભૂમિ ગજાવે છે.

દિગ્દર્શક ક્રેગને પણ તત્કાલીન વાસ્તવ રજૂઆત પ્રત્યે ચીડ હતી : વાસ્તવ એટલે તો માત્ર મુખવટો કાઢવો, પડદો હટાવવો; જ્યારે કલા એટલે દર્શન કરાવવું ! ઈબ્સનના 'રોસ્મરશોમ' અને 'ઘોસ્ટ્સ' નાટકોમાં દીવાનખંડોના સેટ્સને બદલે ભૂખરા પડદાઓ અને એના પર આછા પ્રકાશનો ઉપયોગ કર્યો હતો. ક્રેગ માનતો હતો કે આવાં મહાન નાટકોનું ખુદનું કલ્પનાસભર એક લોકાલ, સેટિંગ હોય છે, સામાન્ય રીતે સમજાતી જગ્યા (ફલાણાનો દીંકણો ખંડ) કરતાં જુદું. એણે કહ્યું છે : આપણે માત્ર તસ્વીરકારો નથી, કલાકારો છીએ !

અજવાળાના અભિનયનો કલાકાર એડોલ્ફઆમિયા અનુભૂતિ કરતાં ગતિને વધુ મહત્ત્વ આપતો. 'હેમ્લેટ'ની એની રજૂઆતમાંય મહાકાય પડદાઓ, રહસ્યમય ખૂણાઓ, ગલી-કૂંચીઓ, ઘેરા પડછાયા, પ્રકાશના પૂંજનો ઉપયોગ થયો છે. પિતાના ભૂતનો ભૂખરો ઓવરકોટ એવી પ્રકાશછાયામાં રહેતો કે શબ્દેશબ્દે દેખાય અને વિલીન થાય ! આમિયાને પણ નટની રમણભૂમિ અને પ્રેક્ષાગારના નિશ્ચિત અંતરવાળા થીએટર-સ્થાપત્યથી ભારે અસંતોષ હતો. આપણી કર્મશાળાને માથે છાપરું હોવું જોઈએ. બસ, અંદરનું સ્થાપત્ય દરેક નાટકનું અમે અવનવું રચીશું, એ કહેતો !

અને એ બધાની હરોળમાં બેસે તેવો એન્તોનીન આર્તુ એટલે તો એવું માનતો હતો કે ભાવિ રંગભૂમિ 'કલ્પનાસભર દર્શનો'ની ભૂમિ હશે, સૂત્રો/મુદ્રાલેખો/સુવાક્યોને એમાં ભૂમિવટો મળ્યો હશે !

આ બધા પ્રયોગવીરો કે રંગભાષકોમાં લેખકની અવમાનનાનો કોઈને સ્વપ્નેય ખ્યાલ નથી; તેમ માત્ર પ્રયોગખોરીનોય ચસકો નથી. એમને જો નવાં નાટકો મળ્યાં હોત તો કંઈ અજલ જ બન્યું હોત; કેટલાકે એવું કર્યું ખરું; પણ મોટા ભાગનાંઓએ ઉપલબ્ધ અને પ્રશિષ્ટ નાટકો પર જ કામ કર્યું હતું. મારે મન એનું મૂલ્ય એટલે છે કે 'શબ્દબદ્ધ' કૃતિઓનું તેઓએ નવી રંગભાષાની ખોજમાં શું કર્યું ? એટલે કે રંગભાષા ક્યાંય બહારથી, એ નટ-દિગ્દર્શકોના ભેજામાંથી નીકળી અને એનો નાટ્યકૃતિ પર અત્યાચાર થયો ? કે નાટ્યકૃતિના હાર્દમાં વ્યક્ત જીવનના અર્થઘટનમાં , 'પ્રસ્તુતિ'વેળાએ એ ઊપસી આવી ? 'હેમ્લેટ'ની કવિતાને એમાં હાનિ થઈ ? ચેહફનાં પાત્રોની નવજીવનની ઝંખાનાને એમાં અભિવ્યક્તિ ન મળી ? નટ અને પ્રેક્ષક વચ્ચેનો પડદો, મંચ અને અંતર નીકળી ગયાં પછી, પ્રેક્ષકો નટને ઘેરીને કે અડકીને બેઠાં પછી, પેલી 'અભિનયના સૌંદર્યશાસ્ત્ર'નું, 'કલાત્મક દૂરી'નું કે 'નટની રહસ્યમય કલાના જાદુ'નું શું થયું ?

ગોર્કીની નવલકથા 'મા'ના નાટ્યાંતરમાં દિગ્દર્શક ઓખ્લોપ્કોવે આવું દશ્ય રચ્યું હતું : દીકરો જેલમાંથી છૂટીને આવવાનો છે, મા એને માટે બ્રેડ શેકે છે, ''કેવો રળિયામણો દિવસ છે, દીકરોય મારો વ્હાલો વ્હાલો છે' એવું બબડતી મા પાસે બેઠેલા પ્રેક્ષકોનેય બે-ત્રણ બ્રેડ પકડાવી દે છે ! બીજા પ્રેક્ષકને એ ટેબલક્લોથ પાથરવા ઊભો કરે છે, ત્રીજાને સૂપનું તપેલું ઉતારવામાં સાંકળી લે છે !

કઈ વાસ્તવિકતા અને કેવો આભાસ ! કથા, પાત્ર, પ્રસંગ, કટોકટી, પરાકાષ્ઠા, સંઘર્ષ, નિર્વહણ વગેરેની અહીં જિકર ન થાય; નટ, પ્રેક્ષક, પડદો, પ્રોસેનિયમ, સ્થળ, સમય બધું અસંગત બની જાય-; એમ્પથી, સિમ્પથી, એન્ટિપથી વગેરે ઔષધશાસ્ત્રની કોઈ શાખા જેવું લાગે - પ્રેક્ષકો તો અહીં આ માદીકરાનાં જાણે પડોશીઓ છે; દીકરો જાણે સહુનો પાછો આવવાનો છે; અથવા દીકરો બનીને સહુ પ્રેક્ષકો આવવાના છે !

અને એ રંગભાષા નહીં તો બીજી શું છે ? □

અનુસંધાન) ઇતિહાસધારા (પૃષ્ઠ ૪૮૭ પરથી

ફરમાં ઇંગ્લંડ આવેલી ત્યારે વેસ્ટમિન્સ્ટરની ડચેસે યાજેલા એક ભોજનસમારંભમાં કર્ઝનનો તેને પહેલો ભેટો થયેલો, જે ત્યારે પાર્લામેન્ટનો સભ્ય બની ચૂકેલો. પૂર્વના અનેક દેશોના પ્રવાસ તે ખેડી ચૂકેલો ને તે પર પુસ્તકો પણ લખી ચૂકેલો. આ દેશના પ્રવાસે પણ તે આવી ગયેલો અને અહીંનો કાંઠો છોડતી વખતે કહેતો ગયેલો કે, 'આ ભૂમિ પર હું ફરી પગ મૂકીશ - અહીંના વાઈસરોય તરીકે !'

અને તેની મહત્ત્વાકાંક્ષા ઇ.સ. ૧૮૯૮માં પાર પડી. તે વખતની તેની ઉંમર જોતાં તેને મળેલું વાઈસરોયપદનું સન્માન અસામાન્ય ગણાય. પહેલાં ઇ.સ. ૧૮૯૫ના એપ્રિલની ૨૨મીએ વૉશિંગ્ટન મુકામે મેરી સાથે તેનાં લગ્ન થઈ ચૂકેલાં. લગ્નપ્રસંગે મેરીના પિતા લેવી ભાઈટરે પોતાની પુત્રીને ૧ લાખ ૪૦ હજાર પૌન્ડ આપવા ઉપરાંત વર્ષે ૬૦૦૦ પૌન્ડની બીજી આવક ઊભી કરી આપેલી. કર્ઝનની વાર્ષિક આવક ત્યારે માત્ર ૩૦૦૦ પૌન્ડ હોઈને કેટલાક તરફથી એવો પ્રશ્ન પણ ચગાવવામાં આવેલો કે, 'કર્ઝનને મેરીનો પ્રેમ જોઈતો હતો કે પૈસો ?'

ઇ.સ. ૧૮૯૮ના ડિસેમ્બરની ૧૦મીએ કર્ઝનદંપતી હિંદ આવવા ઊપડ્યું ત્યારે મેરીને વિદાયમાન આપવા જે ખ્યાતનામ રૂપવતી મહિલા આવેલી તે હતી ઇંગ્લંડના વિખ્યાત રાજપુરુષ વિન્સટન ચર્ચિલની માતા. તેમના આ દેશમાં સ્વાગત અર્થે ઇંગ્લંડના રાષ્ટ્રધ્વજ સાથે અમેરિકાનો રાષ્ટ્રધ્વજ પણ ફરકાવવામાં આવેલો. મેરી અહીં આવીને સૌની સાથે નિખાલસતાથી હળતીમળતી. દેશની પ્રજાના હિતમાં તેણે ઘણાં કાર્યો કરેલાં, જેમાં સૌથી નોંધપાત્ર છે દેશમાં સ્ત્રી ડૉક્ટરોની તાલીમ માટે તેણે ઊભી કરેલી વિક્ટોરિયા સ્કોલરશિપ. અહીંથી તેની એક સાહેલી પર લખેલા પત્રમાં તેણે જણાવેલું; અહીંથી તેની એક સાહેલી પર લખેલાં પત્રમાં તેણે જણાવેલું; 'વાઈસરોય તેના દરજ્જાને લઈને અહીં સૌથી અલગ પડી જાય છે. એનો પ્રભાવ સૌના મનમાં ધાક ઊભી કરે છે. હું પોતે યાન્કી (અમેરિકન) હોઈને મને તો આમાંનું કશું સમજાતું નથી, પણ અમે બંને જ્યારે જાહેરમાં સાથે દેખાઈએ ત્યારે મારે પણ આવશ્યક પ્રમાણમાં એવો દેખાવ કરવો પડે છે. □

પાચનતંત્રના કેટલાક રોગો

માધવ ચૌધરી

આંતરડાની નબળાઈ કે આંતરડાનું સંકોચન સારી રીતે ન થવાથી કબજિયાત થાય છે. મળાવરોધ, મળબંધ, વિબંધ કે બંધકોશ કબજિયાતનાં અન્ય નામો છે. કાયમી કબજિયાતથી હરસ-મસા જેવા રોગો થાય છે. વધારે પડતા ગરમ મસાલા ખાવાથી ખાટા ઓડકાર (અમ્લપિત્ત), દાહ-બળતરા, હોજરીનું ચાંદું (અલ્સર) વગેરે રોગો થાય છે.

કબજિયાત : સવારે એક પ્યાલા ઠંડા કે ગરમ પાણીમાં, તેમજ રાત્રે દૂધમાં એક ચમચી જેટલું મધ મેળવી પીવાથી મળાવરોધ ઘટે છે. એક પાકા લીંબુનો રસ ઠંડા કે ગરમ પાણીમાં સવારે અથવા રાત્રે સૂતી વખતે પીવાથી કબજિયાત મટે છે. દશ ગ્રામ લીંબુનો રસ અને દશ ગ્રામ ખાંડને પાણીમાં મેળવી રોજ રાત્રે સૂતી વખતે એક માસ પીવાથી જૂની કબજિયાત મટે છે. હરડેચૂર્ણ બેથી અઢી ગ્રામ રોજ સવારે લેવાથી કબજિયાત મટે છે. સોનામુખી(મીંઢી આવળ)નાં પાન, વરિયાળી અને સાકર સમાન ભાગે લઈ, ખાંડી પાંચ ગ્રામ સવાર-સાંજ ખાધા પછી લેવાથી કબજિયાત મટે છે.

ગરમાળાનો ગોળ દશ ગ્રામ, હરડે પાંચ ગ્રામ અને બી કાઢેલી દ્રાક્ષ પાંચ ગ્રામ લઈ તેનો ઉકાળો કરી સવાર-સાંજ પીવાથી કબજિયાત મટે છે. બકરીના મૂત્રમાં હળદર મેળવીને પીવાથી કબજિયાત મટે છે. ત્રીસ-ચાલીસ ગ્રામ કાળી દ્રાક્ષને રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખી, સવારે મસળી, ગાળી થોડા દિવસ પીવાથી પણ કબજિયાત મટે છે.

ગોળો (ગુલ્મ) : હિંગની ચણા જેવડી ગોળી કરી ઘી સાથે ગળવાથી વાયુનો ગોળો મટે છે. અજમો હિંગ, સિંધવ અને હિંગ સમાન ભાગે લઈ વાટી તેની ફાકી કરીને લેવાથી ગોળો મટે છે.

કાંકચ(કરકચ)ને શેકી ઉપરની છાલ-ફોતરી કાઢી નાંખી તેની અંદરના મગજને ખાંડી, તેની ભૂકી કરી તેમાં ગોળ મેળવી ખાવાથી વાયુનો ગોળો મટે છે. પાવલી-પાવલીભાર (અઢીગ્રામ) હરડેનું ચૂર્ણ લેવાથી પણ અપાનવાયુની છૂટ થઈ વાયુનો ગોળો કે ગેસ મટે છે.

આફરો (આનાહ) : અજમો અને સંચળ એકત્ર કરી પાંચ-પાંચ ગ્રામ ફાકવાથી આફરો મટે છે. અજમો ફાકી ઉપર ગરમ પાણી પીવાથી પણ આફરો મટે છે.ઉપરાંત તેનાથી મોળ, અજીર્ણ, પેટની પીડ-ચૂંક, નળબંધવાયુ ઈત્યાદિ પણ મટે છે.

જીરું અને સિંધવ સમાન ભાગે લઈ લીંબુના રસમાં સાત દિવસ સુધી પલાળી ભીંજવી રાખી, સૂકવી, ખાંડીને સવાર-સાંજ ફાકવાથી આફરો મટે છે. સુવાના પાનની ભાજીનો દશ ગ્રામ જેટલો રસ પીવાથી પણ આફરો મટે છે.

અમ્લપિત્ત : આમળાંનો રસ દસ ગ્રામ, પાણી સાથે પીસેલી દસ ગ્રામ કાળી દ્રાક્ષ અને મધ પાંચ ગ્રામ એકત્ર કરી ચાટવાથી અમ્લપિત્ત મટે છે. આમળાં અને ખડીસાકરના સમભાગ બારીક ચૂર્ણની ફાકી લેવાથી પણ અમ્લપિત્ત મટે છે.

ગંઠોડાં અને સાકરનું ચૂર્ણ એક મહિનો લેવાથી અમ્લપિત્ત મટે છે. કૂમળા મૂળા સાકર મેળવીને ખાવાથી અથવા તેના પાનના રસમાં સાકર મેળવી પીવાથી અમ્લપિત્ત મટે છે. કોળાના રસમાં સાકર મેળવી પીવાથી અમ્લપિત્ત મટે છે. ગળોના દસ ગ્રામ રસમાં અઢી ગ્રામ મધ મેળવી પીવાથી અમ્લપિત્ત મટે છે. દરરોજ સવારસાંજ દસ દસ ગ્રામ (સારી ફાર્મસીનું) અવિપત્તિકર ચૂર્ણ લેવાથી અને ગરમ મસાલા ખોરાકમાં બંધ કરવાથી પણ અમ્લપિત્ત મટે છે.

ઉદરકૃમિ રોગ : ઉદરકૃમિ એટલે પેટમાં થનારાં કૃમિ - કરમિયાં. કાળીજીરી બે વાલ જેટલી (છસાત ગ્રામ જેટલી) પાણી સાથે પીવાથી ઉદરકૃમિ રોગ મટે છે. પેટનાં કરમિયાં મટે છે. એક-એક વાલ (બે ગ્રામ) કીરમાની અજમો ત્રણ દિવસ ખાવાથી પણ પેટનાં કરમિયાં નાબૂદ થાય છે.

પિત્તપાપડો અને વાવડીંગનું બે-બે વાલ (ચાર-ચાર ગ્રામ) ચૂર્ણ ફાકવાથી કૃમિરોગ મટે છે.

અર્શ કે હરસ-મસા : મઠ બાફી તેમાં ડુંગળીનું છીણ મેળવી ખાવાથી ઝાડામાં પડતું રકતાર્શનું લોહી બંધ થાય છે. પાંચથી દસ ગ્રામ કડાછાલને ખાંડી, છાશમાં મેળવી પીવાથી રકતાર્શ-દૂઝતા મસા-મટે છે. અઘેડાનાં બી ચોખાના ઓસામણમાં વાટીને પીવાથી પણ લોહી પડતા - દૂઝતા મસા મટે છે.

નાગકેસરનું અઢી-અઢી ગ્રામ ચૂર્ણ સાકર અને માખણ સાથે અથવા તાજી છાશમાં લેવાથી તથા ઉપવાસ કરવાથી (ખોરાક લેવો બંધ કરવાથી) દૂઝતા મસા મટે છે. તલને બારીક વાટી માખણ સાથે એકત્ર કરી ખાવાથી પણ દૂઝતા મસા-હરસ મટે છે.

લીંડી પીપર એક ભાગ, કાળાં મરી બે ભાગ, સૂંઠ ચાર ભાગ, ચિત્રકમૂળ આઠ ભાગ અને સૂરણ સોળ ભાગ લઈ, તેનું ચૂર્ણ કરી, તેમાં બત્રીસ ભાગ ગોળ મેળવી તેના ચારચાર તોલાના લાડવા બનાવી ખાવાથી સર્વ પ્રકારના અર્શ હરસ-મસા મટે છે. ❑

નવું લવાજમ

આ અંક સાથે 'કુમાર'નું ૬૬મું વર્ષ પૂરું થાય છે. આપનું લવાજમ જો આ અંક સાથે પૂરું થતું હોય તો ૧૯૯૪ના નવા વર્ષનું લવાજમ રૂપિયા ૧૦૦ સત્વરે મોકલી આપો અને દળદાર ૮૦૦મા અંકનો લાભ મેળવો. લવાજમ એમ.ઓ.થી અથવા 'કુમાર કાર્યાલય લિ.'ના નામના ડ્રાફ્ટથી મોકલી શકાશે. બહારગામની બેંક પરના ચેકથી લવાજમ મોકલનારે બેંક કમિશનના રૂપિયા ૧૩ વધુ મોકલવા.

રોમેન્ટિક કવિઓ

વર્ડ્ઝવર્થ

ડૉ. મધુસૂદન પારેખ

કવિ વર્ડ્ઝવર્થની ઊંચી સર્જકતા પામવા માટે એનાં કેટલાંક સોનેટો અને ઊર્મિકો તો છે જ; પરંતુ 'ટિન્ટર્ન એબી' (Tintern Abbey) અને 'ધ પ્રેલ્યુડ' (The Prelude) એ વર્ડ્ઝવર્થની કીર્તિદા કૃતિઓ છે. એ બે કાવ્યોના પરિચય વિના કવિ વર્ડ્ઝવર્થનું મૂલ્યાંકન અધૂરું જ ગણાય. 'ટિન્ટર્ન એબી' ઇ. ૧૭૯૮માં લિરિકલ બેલડ્ઝ (Lyrical Ballads)માં પ્રકાશિત થઈ હતી. અઢારમી સદીની ચિંતનાત્મક કવિતાને વર્ડ્ઝવર્થે પોતાની સર્જકપ્રતિભાના બળે કેવી ઊંચે ઉઠાવી, ચિંતન અને ઊર્મિનો કેવો કલાત્મક સુયોગ સાધ્યો એની પ્રતીતિ કરાવતી ઉજ્જવળ તારક જેવી એ કૃતિ છે. વર્ડ્ઝવર્થની કવિતામાં પ્રકૃતિમાંથી કોઈ સંદેશ શોધવાની બોધલક્ષી વૃત્તિનો અહીં લગભગ અભાવ છે. ઊર્મિ અને ચિંતનની બે પાંખોએ 'ટિન્ટર્ન એબી' ઊંચું ઉડ્ડયન કરે છે, નવા શિખર પર આરૂઢ થાય છે. આ દીર્ઘ કાવ્યકૃતિમાં કોઈ કથા કે એવું કશું નથી; કવિના હૃદયમાંથી અનાયાસે પ્રકટ થતા ભાવ અહીં રજૂ થયા છે. એક ઊંચા ચિંતનાત્મક સ્તર પર સમગ્ર કૃતિ ગતિ કરે છે.

કવિએ પાંચેક વર્ષ પહેલાં વાઈ નદી (River Wye)ની મુલાકાત લીધેલી. એ નદીની પુન: મુલાકાત વખતે ચિત્તમાં જે સંવેદનો-સ્મરણો જાગે છે તેનું હૃદયસ્પર્શી આલેખન કવિએ અહીં કર્યું છે; અને આ સંવેદનોમાંથી અનાયાસે માનવી અને પ્રકૃતિ વચ્ચેની અભિન્નતાનું, માનવ ધરતી પર જ પોતાનું સ્વર્ગ સ્થાપી શકે તેમ છે એવું ચિંતન સ્વાભાવિકતાથી પ્રકટે છે. વાઈ નદી અને ખીણનાં મનોરમ દૃશ્યો પોતાને આંતરદૃષ્ટિ કે જ્ઞાન આપે છે, એવો દાવો કવિનો નથી; પણ જાણે કે નદી અને ખીણનાં દૃશ્યો એનામાં કોઈ અવનવો 'મૂડ' પેદા કરે છે જે એને ભવ્ય-ગહન વિચાર તરફ પ્રેરે છે, એવી પ્રતીતિ થાય છે. વાઈ અને ખીણનાં દૃશ્યોમાં અને બધાં વચ્ચે જે એક સંવાદિતા (harmony) વરતાય છે તે એના આંતરમનમાં શ્રદ્ધા જગાડે છે કે સમગ્ર વિશ્વ પણ આવું જ સંવાદી, આવું જ સંકળાયેલું છે. કવિમાં જે 'મૂડ' પ્રકટે છે તેથી સારાય સંસારનો, સકુલ જગતનો જાણે કે બોજ હળવો બની જાય છે :

The heavy and the weary weight
Of all this unintelligible world
Is lightened.

કવિને કિશોરાવસ્થાના દિવસોનું સ્મરણ થાય છે : વિશ્વમાં પ્રકૃતિમાં તેને અંધાધૂંધી, ભય, હિંસા દેખાતાં હતાં. પણ વાઈનાં



દર્શનમાં તેને જીવનનો વિસામો પ્રાપ્ત થયો. એ અતીતના દિવસો વહી ગયા. વાઈનાં વિવિધ નયનરમ્ય રૂપોએ એને નવી દૃષ્ટિ આપી છે. હવે તેનામાં શ્રદ્ધાનો ઉદય થયો છે. એને હવે વિશ્વ સઘળું એકરૂપ છે અને એક જ દિવ્ય તત્ત્વના દોરે સકળ જગત પરોવાયેલું છે એવી અનુભૂતિ થાય છે.

For I have learned
To look on nature, not as in the hour
Of thoughtless youth; but hearing oftentimes
The still sad music of humanity,

.....

And I have Felt
A presence that disturtbs me with the joy
Of elevated thoughts a sense of sublime
Of something far more deeply interfused
Whose dwelling is the light of setting suns,
And the round ocean and the living air,
And the blue sky, and in the mind of man;
A motion and a spirit, that impels
All thinking things, all objects of all thought
And rolls through all things.

સમગ્ર સૃષ્ટિમાં એક જ તત્ત્વ વિલસી રહ્યું છે એ પરંપરાગત ચિંતન અહીં જાણે કે કવિ દ્વારા પુરસ્કૃત થાય છે. માનવચિત્ત એ પોતે પણ એ વિરાટ તત્ત્વોનો જ અંશ છે અને તેથી જ વિશ્વમાં સર્વત્ર સંવાદિતાનું દર્શન કરવા સમર્થ છે.

કવિ વર્ડ્ઝવર્થ આ કાવ્યમાં આ ઇંદ્રિયગ્રાહ્ય વાસ્તવિક જગત એ જ માનવનું સાચું ઘર છે, સ્વર્ગ છે, અને ઉપર આકાશમાં કે મૃત્યુ પછી સ્વર્ગ શોધવાની જરૂર નથી એવું દર્શન પ્રકટ કરે છે.

વર્ડ્ઝવર્થની પ્રતિભાનો પૂરો પરિચય પામવા માટે 'ધ પ્રેલ્યુડ' કાવ્ય પણ અત્યંત મહત્ત્વનું છે. વર્ડ્ઝવર્થે એક સુદીર્ઘ કાવ્યકૃતિ રચવાનું આયોજન કર્યું હતું. એનું 'ધ રિક્લૂઝ' (The Recluse) એવું નામાભિધાન પણ કર્યું હતું. પણ એ કૃતિ પૂર્ણ થઈ શકી નહિ અને 'ધ પ્રેલ્યુડ' નામનો એક દીર્ઘ ખંડ જ પ્રકાશિત થયો છે અને બીજો 'ધી ઇક્સકર્સન' (The Excursion). આ 'ઇક્સકર્સન' ઇ. ૧૮૦૫માં લખાયું છતાં તેનું પ્રકાશન ૧૮૧૪માં થયું, અને 'ધ પ્રેલ્યુડ' તો કવિના અવસાન પછી જ પ્રકાશિત થયું.

આ સુદીર્ઘ કૃતિ કવિની આત્મકથા છે એમ કહી શકાય, પણ ખરું જોતાં કવિની એ માનસયાત્રા છે. કવિએ પોતે નોંધ્યું છે તેમ

The preparatory poem is biographical, and conducts the history of the Author's mind to the point when he was emboldened to hope that his faculties were sufficiently matured for entering upon the arduous labour which he had proposed to himself.

આ કાવ્યકૃતિમાં વર્ડ્ઝવર્થના અંગત જીવન વિશે ઝાઝું નહિ મળે; એમાં તો કવિની સર્જકપ્રતિભાનો હેવાલ છે. કાવ્યનું વસ્તુબીજ (Theme) જોઈએ તો કવિએ ગુમાવેલું શૈશવનું સ્વર્ગ વિકસિત કલ્પનાશક્તિએ પુન: પ્રાપ્ત શી રીતે કર્યું, એ છે. કવિનું મંતવ્ય છે કે મનુષ્યે આનંદ સ્વર્ગમાં શોધવાનો નથી, સર્વ આનંદ અને શક્તિ એના ચિત્તમાં પડેલાં છે. એ રીતે જોતાં 'ધ પ્રેલ્યુડ'ને માનસશાસ્ત્રીય કાવ્યકૃતિ કહી શકાય; કારણ અહીં કવિનો મુખ્ય આશય શક્તિશાળી આત્માની અને આંતરમનમાં સંચિત થયેલી શક્તિ કે જે માનવજીવનને અનેરી લાક્ષણિકતા અર્પે છે, તેનું બયાન આપવાનો છે.

કવિ કહે છે કે માનવચિત્તની સર્જનશક્તિ, જે પોતે દિવ્ય શક્તિનો જ અંશ છે તે જ કવિ કલ્પના, અને એ કલ્પના એટલે 'Reason in her most exalted mood.' કવિની આ શક્તિ તેને દેવાત્મા સાથે સાંકળે છે અને તેમને પ્રભુના પેગંબર બનાવે છે :

Such minds are truly from the Deity,
For they are Powers; and hence the hlighest bliss
That flesh can know is theirs - the consciousness
Of whom they are, habitualy infused
Through every image and through every thought,
And all affections by communion raised
From earth to heaven, from human to divine.

કવિની દૃષ્ટિએ આ પેગંબરોનું પ્રયોજન જગત પ્રત્યેનું માનવ-જાતનું દર્શન બદલવાનું - એને ઊર્ધ્વગતિએ લઈ જવાનું - છે. 'મહામૃત્યુમાંથી અમૃત સમીપે' દોરવાનું છે. કવિ વર્ડ્ઝવર્થે આ પ્રયોજન માટે જીવન સમર્પણ કર્યું છે.

Prophets of Nature, we to them will speak
A lasting inspiration, sanctified
By reason, blest by faith : what we have loved,
Others will love, and we will teach them how.

કવિ વર્ડ્ઝવર્થનાં ઉપર્યુક્ત બે સુદીર્ઘ કાવ્યો તો એની ઉચ્ચ સર્જક પ્રતિભાનાં દ્યોતક છે જ; પણ સૉનેટરચનાઓમાં પણે તેની સિદ્ધિ જ્વલંત છે.

વર્ડ્ઝવર્થનાં સંખ્યાબંધ સૉનેટ એની સ્વદેશપ્રીતિનાં કે નૈતિકતાનાં જાહેર ઉદ્દબોધનો છે. અંગ્રેજી પ્રજાના એક પ્રતિનિધિ તરીકે આ ઉદ્દબોધનો થયાં છે. સૉનેટની રીતિ ઘણુંખરું મિલ્ટનશાઈ છે.

Milton ! thou shouldst be living at this hour

જેવું સૉનેટ એના એક સારા ઉદ્દબોધનના નમૂનારૂપ છે. વર્ડ્ઝવર્થ અહીં અંગ્રેજ પ્રજા વતી મિલ્ટનને ધર્મગુરુની છટાથી ઉદ્દબોધે છે અને પોકારીને કહે છે કે અંગ્રેજો સામૂહિક રીતે સ્વાર્થી લોકો છે.

'વેસ્ટમિન્સ્ટર બ્રિજ' (Westminster Bridge) એ પણ કવિનું એક સુખ્યાત સૉનેટ છે. અહીં શહેરની સંકુલતામાં પણ કવિને સંવાદિતાનું દર્શન થયાનો પરિતોષ રજૂ થયો છે.

એનાં ડડન નદી વિશેનાં સૉનેટ (Duddon Sonnets), એનું 'મ્યુટેબિલિટી' (Mutability Sonnet), એક્લેસીએસ્ટિકલ સૉનેટ્સ (Ecclesiastical Sonnets) વગેરે પણ એના સૉનેટકાર તરીકેની શક્તિનો પરિચય આપનારાં છે. 'વેસ્ટમિન્સ્ટર બ્રિજ' વિશેના સૉનેટમાંથી કવિની સર્જકતાનો પરિચય કરાવનારી થોડીક પંક્તિઓ ટાંકીએ :

This City now doth like a garment wear
The beauty of the morning : silent, bare,
Ships, towers, domes, theatres and temples lie
Open unto the fields, and to the sky;
All bright and glittering in the smokeless air.

સવારના સૌંદર્યનું પરિધાન કરતા નગરનું સજીવારોપણ દ્વારા સુરેખ ચિત્ર કવિએ આલેખ્યું છે. વહાણ, ટાવર, ડોમ, થીએટર એ સર્વ પ્રદૂષણ વિનાની હવામાં ચમક ચમક થાય છે. આ બધાં ભલે સ્વતંત્ર એકમો છતાં એમાં એકતા છે, સંવાદિતા છે; કારણ એ સર્વ નગરે પરિધાન કરેલા વસ્ત્રના અંગ છે.

કવિ વર્ડ્ઝવર્થનું અંગ્રેજી કાવ્યસાહિત્યમાં એક કવિ તરીકે તેમજ કવિતા વિશે નવી દૃષ્ટિ આપનારા વિવેચક તરીકે અગત્યનું પ્રદાન છે.

અતીતમાં અવગાહન

વીશીવાળાની દીકરીયું

પ્રદ્યુમ્ન તન્ના

તીખ બનાવલ પાંઉમાનાં છલ્લા ચાસલા માર્થાએ લાકડાના મેજ પર મૂક્યો. 'મેરી !' એણે નાની બેનને બોલાવી.

રાંધણિયાના બારણામાં ઊભી ઊભી મેરી વંડી ભણી જોતી હતી. 'આ બીજાં મે'માનું આવ્યાં'. એ બોલી.

'પણ આહીં હવે જગ્યા જ ક્યાં છે !' કૈંક અકળાઈ માર્થા બોલી. 'હવે તું મુંને સંજવારીમાં હાથ દે તો ઠીક બ'ઈ, હું માને જોઈ આવું.'

પણ મેરી તો, ભલા દેખાતા એક જણને, વીશી આખીયે ભરાઈ ગઈ છે, એવું સલુકાઈથી જણાવતા એના બાપુ કને જઈ ઊભી હતી.

'મારી પરણેતર થાકી છે.' પેલો આજીજીથી બોલ્યો : 'અમથી ઝાઝું આગળ નહિ જવાય. એકાદ ખૂણો હશે તો ય રાત કાઢી નાખશું.'

ચકિત નેણે મેરી, ગદ્ધા પર થાકેલી,. ધીરજથી બેઠેલી બાઈને જોઈ રહી. 'બાપુ', વીનવતી એ બોલી, 'ક્યાંક તો થોડી જગ્યા થઈ જશે.'

'મને ખમા કરો', કહેતોક વીશીવાળો બીજા ઘરાકની સરભરામાં વળગ્યો.

'ઓ રે, જરીક ખમો', મેરીએ આકુળતાથી પરદેશીને કીધું : 'મારી બુન માર્થા નકી કાં'ક તોડ કાડશે.' ને એ રાંધણિયામાં દોડી ગઈ.

'તું મુંને કામકાજમાં હાથ દે તો ઠીક હોં !' માર્થા બોલી. 'તું જાણ છ કે માડી માંદી છે ને આપણે બાપુને બનતી સહાય કરવી રઇ.'

'બુન ! તું જરીક ઇમને ન્યાળ તો ખરી.' મેરી કરગરી : 'કશુંક દૈવી છે હો ઇમનામાં.'

'તું મારે હો છો હવામહેં ભમતી કાયમ, ભલું છે કે હું ધરતી પરે છઉં !' માર્થા બબડી. પણ નાની બેનની કાકલૂદીને અવગણવી એને હંમેશ વસમી લાગતી. એણે બારી બહાર જોયું. ગોવાળ ઢોરને નીરણ કરવા કોઢ્યમાં જતો હતો. 'તુંને લાગે છે ? - ' માર્થાએ પૂછ્યું, 'કે રાત્ય પૂરતો ઇમને કોઢ્યમાં વાસો કરવો ગમશે ?'

'ગજબ છો તું ! મુંને ધરપત હતી જ કે તું કાં'ક તોડ કાઢીશ.' કહેતીક હરખપદુડી થઈ મેરી, વંડીમાં વાટ જોતી બેલડીને કે'વા નાઠી. ને આણીકોર માર્થાએ ગાદલાં, એક દીવો ને તાજી મીઠી સોડમવાળો પાંઉનો ચોસલો નોખાં કાઢ્યાં; ને પછી રાંધણિયા પડખેની ઓરડીમાં મૂંગી, થીર થઈ પડેલી માંદી માના ખાટલા કને જઈ બેઠી.

મેરી પેલાં બે ય જણને તાજા ઘાસની વાસથી ભરીભરી કોઢ્યમાં દોરી ગઈ, ને પછી રાંધણિયામાં જઈ માર્થાએ કાળજીથી તૈયાર કરેલ ચીજં લઈ આવી. એને તો પેલી રૂડી દેખાતી બાઈની સરભરામાં રહેવું ગમ્યું હોત પણ; 'પરભુ તુંને સુખી રાખે' એવી એના વરના ભર્યા કંઠની વાણી જાણે એને જવાનું કહેતી હોય એમ સમજી એ ચાલી ગઈ.

એને થયું કે નક્કી આજ કંઈક ગેબી થવાનું; ને એણે જાગતા રહેવાનું વિચાર્યું. પણ તેર વરસની એની નાનકી કાયા દિનભરના કામકાજે થાકી ગઈ હતી અને ઘડીકમાં તો રાંધણિયામાં જ સૂઈ ગઈ એ.

સોણું જોતી હતી, કે સાચે જ કોકના સાદ સંભળાતા હતા ? મેરીએ આખ્યું ઉઘાડીને જોયું તો રાંધણિયું અંજવાળે ઝગી ઊઠ્યું હતું. ફડાક ઊભી થઈને એ વંડી ભણી દોડી. કોઢ્યને માથે ઝગમગતા એક મોટા તારાને તેજે બધે અંજવાળું છવાઈ ગયું હતું. ને ભરવાડુંથી કોઢ્ય આખી ભરાઈ ગઈ હતી. પૂરવ દેશના સોદાગર જેવા લાગતા ત્રણ અજાણ્યા જણ સાંઢણી માથેથી નીચે ઊતર્યાં ને નીરણિયામાં પોઢાડેલ, કપડે વીંટ્યા, તાજા જ જન્મેલા એક બાળની સામે સોગાદનો થાળ ધરી ઊભા રહ્યા. ભકિતભાવની એક નોખી આભા ટોળા માથે પ્રસરી રહી હતી ને ઝૂક્યા ઝૂક્યા આભમાંથી એક દૈવી ગાણું સંભળાતું હતું.

એ બારણામાં જ થોભી. સોદાગરોમાંના એકે હળવેકથી પેલાં માટીબૈયરને કશુંક કીધું. વ્યાકુળ ચહેરે બાઈ બાળક માથે ઝળૂંબી રહી. થોડીવારે સાંઢણી પલાણીને સોદાગરો ચાલી નીકળ્યા. ભરવાડુંયે વીખરાયાં, ને કોઢ્ય માથેનો તારો ઓચિંતાનો ગાયબ થઈ ગયો.

ધણીએ ગદ્ધાને કોઢ્યમાંથી બહાર કાઢી બાઈને માથે બેસારી, ને પરોઢના આછા અજવાળામાં બે ય ચાલી નીકળ્યાં.

'ખમો, ખમો !' કંઈક સંકોચાતી મેરી બોલી : 'મારી બુન આ મીઠડા બાળને જોઈ લે ત્યાં લગ તો ખમી જાવ.'

'મોડું કર્યે નહીં પોહાય.' માટી બોલ્યો : 'મારા દીકરાને લઈ દૂર દેશે હાલ્યા જવાની ચેતવણી મળી છે એમને.'

'તું ઘણી ભલી છો.' પ્હેલી જ વાર હળવેકથી બાઈ બોલી : 'લે, આ મારી આવલડી ભેટ.' મોંઘા મલમની એક દાબડી એણે આપી.

'પણ ભલી ને હેતાળ તો મારી બુન માર્થા છે.' મેરી બબડી, 'ઇને આ બાળ જોઈ લેવા દ્યો.'

'બીજે કોક દિ', માટી વ્હાલથી બોલ્યો, 'આપણ ફરી ભેળા થાશું.'

ભળભાંખળાંમાં મેરી એમને જતાં જોઈ રહી. સુખદુ:ખની એક અજબ લાગણી એને ઘેરી વળી. મલમની દાબડીને છાતી સરસી ચાંપતી એ રાંધણિયામાં આવી.

'કયાં ગઈ'તી ? મુંને તો ચિંતા થાતી'તી'. માને સારુ રાબ રાંધતી માર્થા બોલી. રાતે ઘટેલી ગેબી ઘટના કહેતાં મેરીને શબ્દ ઓછા પડ્યા. 'જાણે કે ચમત્કાર થઈ ગ્યો.' એ બોલી.

'હાચું, ચમત્કાર જ.' માર્થાની આંખ્યુંય ચમકી રહી. 'માંદી માડી સાજી થઈ ગઈ, જાણ છ !? હું ઇના ખાટલા કને, બેઠી'તી ત્યાં ધોળાં વસ્તર વીંટેલું કો'ક આવ્યું, ને હળવેકથી માડીને કીધું : ખાટ છોડી બેઠી થા ને હાલ્ય. ને માડીએ આંખ્યું ખોલી, ને હસી.' એના કંઠમાં ભારોભાર અચંબો ભર્યો'તો. 'લે હાલ્ય, માડી તુંને બરકે છે.'

ને માના ખાટલા કને ઘૂંટણિયે પડી મેરીએ મનોમન પરભુને સંભારી લીધા. ઉંડે ઉંડે એને લાગ્યું કે રાતે કોઢ્યમાં રાતવાસો રહેલી પરદેશી બેલડીને એ ને માર્થા ફરીથી ભેળાં થવાનાં હતાં.

(અંગ્રેજી પરથી અનુવાદિત) (સળંગ અંક ૪૮૦માંથી)

કલાવાર્તા



કલાકાર સ્વ. શાંતિ શાહ





છબીચિત્ર કે પાત્રાલેખનમાં શાંતિ શાહ પહેલેથી જ સિદ્ધહસ્ત હતા. પાત્રની લાક્ષણિકતા ન તેના વ્યક્તિત્વને ઉપસાવવાની એમને અજબ ફાવટ હતી. અહીં એનાં બે ઉદાહરણો આપ્યાં છે : સરદાર વલ્લભભાઈ પટેલ અને 'શેરપા'

કલાકાર શાંતિ શાહનું તાજેતરમાં અવસાન થતાં ગુજરાતની એ પેઢીના તથા ગુજરાત કલાસંઘ દ્વારા કલાગુરુ સ્વ. શ્રી રવિશંકર રાવળના શિષ્યવૃંદના ખ્યાતનામ કલાકારોમાંના એકની વધુ ખોટ પડી છે. 'કુમાર'ના વાચકો એ કલાકારોમાંના આ એક પ્રતિભાવંત કલાકાર શાંતિ શાહથી પણ પરિચિત છે જ.


મૂળ ઉત્તર ગુજરાતના બહિયલ ગામના વતની શાંતિ શાહનો જન્મ તા. ૫-૧૦-૧૯૨૨માં મોસાળ અમદાવાદમાં થયો હતો. પિતા શ્રી મંગળદાસ ગીરધરદાસ શાહ એક અભિજાત શિક્ષક હતા. એમનાં ચાર પુત્રો અને ચાર પુત્રીઓમાં શાંતિ સૌથી મોટા હતા. '૩૦-'૩૨ના અરસાની અસહકારની ચળવળોના સમયમાં ઉછરેલા શાંતિલાલમાં પણ બચપણથી જ રાષ્ટ્રપ્રેમના બીજાંકુરો રોપાએલા હતા. પિતાએ શાંતિ અને તેના નાના ભાઈ જયંતીને અમદાવાદમાંના શેઠ ચીમનલાલ છાત્રાલયમાં મૂકેલા. ત્યાંથી તેમનામાં જે સાદગી કેળવાઈ હતી તેને લીધે આગળ જતાં ૧૯૪૨ની લડતમાં ચાર મહિના ભોગવવો પડેલો જેલવાસ એમને કઠીન ન નીવડતા એમની કલાસાધનામાં પૂરક બની ગયેલો.


૧૯૩૮થી '૪૨ સુધી ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં એકનિષ્ઠાથી ચિત્રવિદ્યાના સર્વપ્રકારોમાં ઇષ્ટ પ્રગતિ સાધી લીધી હતી. એ સમયમાં એમનાં એકબે ચિત્રો મ્હૈસૂરના પ્રદર્શનમાં ત્યાંના રાજ્ય ચિત્રાલય માટે ખરીદાએલાં તેનાથી અર્થલાભ પણ શક્ય હોવાની એમને શ્રદ્ધા બંધાઈ હતી. ૧૯૪૨ના જેલવાસ દરમિયાન દેશના એ કાળના વ્યક્તિવિશેષો તથા ભાતભાતના ભારાડી કેદીઓનો એમને પરિચય મળ્યો, અને એમણે એમાંના ઘણાને પોતાની સ્કેચબુકમાં રેખાબદ્ધ કરેલા, એટલું જ નહીં, એમાંથી એમને થોડી કમાણી પણ થઈ; જેનાથી તેઓ પિતાને સહાયરૂપ થવાની પોતાની ફરજ સમજી વિદ્યાવિહારમાંથી મુક્ત થવા પ્રેરાયા, અને ચિત્રકાર રસિકલાલ પરીખના મદદનીશ તરીકે કામ કરવા લાગ્યા. શહેરમાં ઘર ભાડે રાખ્યું અને ચિત્રકલાનો અભ્યાસ જારી રાખવા સાથે 'ગુજરાત સમાચાર'માં ખંડ સમયની નોકરી કરવા સાથે છૂટક ચિત્રકામ કરવા માંડેલું.

આમાંથી આત્મવિશ્વાસ વધતાં કલાસંઘના ત્યારના એક તેજસ્વી વિદ્યાર્થી ભીખુભાઈ આચાર્ય સાથે એમણે 'રૂપરંગી' નામથી એક સ્ટૂડિઓ પણ સ્થાપ્યો. ચારછ માસ પછી એ સ્ટૂડિઓ ભીખુભાઈને સોંપી દઈ 'સાધના કલાકેન્દ્ર' નામનો પોતાનો સ્વતંત્ર સ્ટૂડિઓ શરૂ કર્યો. એ જ અરસામાં એમનું લગ્ન પણ થયું. ધંધો પણ ઠીક જામ્યો. જ્ઞાતિના કેટલાક યુવાનો સાથે મળી એમણે જ્ઞાતિનું 'બત્રીસી બંધુ' નામે મુખપત્ર પણ ચલાવ્યું, જેમાંથી એમની લેખનશક્તિનો પણ વિકાસ થયો. વધુ કલાભ્યાસની ભાવનાથી પ્રેરાઈ, શ્રી રસિકલાલ પરીખની સલાહથી મદ્રાસની કલાશાળામાં ખ્યાતનામ કલાકાર શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી પાસે વિશેષ કલાભ્યાસ માટે ગયા. મદ્રાસમાં ખર્ચ બાબતે બહુ તંગ રહેવું પડતું, પણ પ્રદર્શનોમાં એમનાં ચિત્રો વેચાતાં રહેવાથી ઠીક ઠીક સહાયે મળી રહેતી. મદ્રાસમાં છ વર્ષનો ડિપ્લોમા કોર્સ ચાર જ વર્ષમાં અને પ્રથમ વર્ગ મેળવી પૂરો કરેલો. વળી, એ વર્ષો દરમિયાન મળેલી નાનીમોટી રજાઓમાં દક્ષિણ ભારતમાં ઘૂમીને એમણે જે તે સ્થલોનાં સુંદર દૃશ્યચિત્રો પણ કર્યાં. પશ્ચિમી શૈલીથી કરેલાં એ દૃશ્યચિત્રોથી એમની કાબેલિયત વધવા સાથે એને પ્રદર્શનોમાં ઇનામો પણ મળ્યાં અને વેચાણ પણ થયું.

શ્રી રાયચૌધરી ચિત્રકળા ઉપરાંત શિલ્પકળાના પણ સિદ્ધ સ્વામી હોઈ શાંતિભાઈએ શિલ્પકળામાં પણ એટલી જ સાધના કરી સારી સફળતા સિદ્ધ કરી હતી. ચિત્રકળા અને શિલ્પકળા આ બંને ક્ષેત્રે શાંતિભાઈની ખ્યાતિ ઘણી વ્યાપક બની હતી. એમનું કામ જોઈ એક વિવેચકે લખેલું કે, 'ગુજરાતમાં લોકોના જીવનમાં અને પ્રાદેશિક દૃશ્યોમાં રંગ ભરપૂર હોય છે, તેથી એમની (શાંતિભાઈનાં ચિત્રોની) રંગાવટમાં તેજીલાપણું અને ઝળકાટ છે. પણ કદી કદી તેઓ ધૂસર રંગોમાં પણ સુંદર આલેખન કરી શકે છે. એમના ખડકો અને પહાડોમાં નક્કર તાકાત છે. એમના સાગર પર અનંત-શાંતિ પથરાઈ છે, અને તેમના આકાશમાં જાતજાતના પ્રભાત ને સંધ્યાનાં અજવાળાં પથરાય છે, અથવા તો તે નીલઘેરું છત્ર બને છે. ખેતરો રૂપાળાં, શ્રમના ફળરૂપ પાકની લહાણી કરતાં ગ્રામજનોથી લહેરાતાં, સાદી સરળ રેખાટણીમાં આલેખાય છે. કોઈ કોઈ વાર એમની શૈલી લોકકળા જેટલી સાદી પણ બની જાય છે, પણ એમનાં પરિચિત પાત્રો કરતી વખતે તે વ્યક્તિના ઊંડાણને બહાર લાવે છે અને તેમાં એમની કલમ ખૂબ ખીલે છે.'

ગુજરાત કલાસંઘ અને શેઠ ચી. ન. વિદ્યાવિહારમાં એમણે શિક્ષણ અને ચિત્રકલાની તાલીમ લીધી. ૧૯૩૮માં હરિપુરા કૉંગ્રેસમાં કલાચાર્ય નંદબાબુ જેવા ધુરંધર કલાકારનો પરિચય અને એમના કાર્યનો પરિચય મેળવ્યો. '૪૨ની આઝાદીની લડત દરમિયાનના જેલવાસમાં સંખ્યાબંધ વ્યક્તિચિત્રો બનાવ્યાં. ૧૯૫૦ થી '૫૭ દરમિયાન મદ્રાસની કલાશાળામાં ઉચ્ચ અભ્યાસ કરી મધ્યસ્થ સરકાર તરફથી બે વર્ષ માટે વધુ અભ્યાસ-અનુભવ માટેની કલ્ચરલ સ્કોલરશિપ મેળવી સિલોનનો પ્રવાસ કરી કોલંબોમાં વન-મેન શો યોજ્યો. '૫૮ થી '૬૦ નેધરલેન્ડ સરકાર તથા પશ્ચિમ જર્મની તરફથી શિષ્યવૃત્તિ મળતાં તે તે દેશોની મુલાકાત લેવા સાથે રોયલ એકેડેમી ઓફ આમ્સ્ટરડામમાં ચિત્રના વધુ અભ્યાસ





'કરાલાની ખાડી' અને શ્રીલંકાના પ્રવાસમાં ત્રિકોમાલીમાં ખડકો પર અથડાતાં સાગરનું એક દૃશ્ય. જલરંગો કે તૈલરંગો, બંને માધ્યમ પર શાંતિ શાહનો કેવો કાબૂ હતો તે દર્શાવતાં તેમનાં બે દૃશ્યચિત્રો અહીં માણી શકાશે.

સાથે એચિંગની તાલીમ લીધી. ફ્રાન્સ, ઇટાલી, સ્પેઈન, હોલેન્ડ, જર્મની, સ્વીટ્ઝર્લેન્ડ, બેલ્જિયમ અને ઇંગ્લંડનો પ્રવાસ કર્યો અને રોમ, હેગ, પૅરિસ, આમ્સ્ટરડામ અને લંડનમાં વન મેન શો પણ કર્યા.

૧૯૬૫થી '૭૫ દરમિયાન ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સભ્ય તરીકે દસ વર્ષ સુધી તેની સ્થાયી સમિતિમાં કામ કર્યું. દરમિયાન ૧૯૬૧થી '૭૫માં ગુજરાત સરકારના માહિતી વિભાગ માટેનાં પ્રદર્શનોનું આયોજન, કૉંગ્રેસના અધિવેશનોનાં પ્રદર્શનોમાં ચિત્રકાર તરીકેની કામગીરી, ગુજરાત રાજભવન, સિવિલ હૉસ્પિટલ, પશ્ચિમ રેલવે, એસ. ટી. કૉર્પોરેશન, એગ્રો ઇન્ડસ્ટ્રીઝ, બૅંક ઑફ બરોડા, નડિયાદ મ્યુનિસિપાલિટી, આણંદ ટાઉન હૉલ તથા આણંદ, નડિયાદ વગેરે મ્યુનિસિપાલિટીઓ તથા મસ્કતી મહાજન વગેરેના સભાખંડો માટે તૈલચિત્રો તથા અન્ય કલાકૃતિઓ તૈયાર કરી આપી. ૧૯૭૬માં બીજી વખત યુરોપ-અમેરિકાનો પ્રવાસ કર્યો અને પૅરિસ, લંડન, ન્યૂયૉર્ક, વૉશિંગ્ટન અને બાલ્ટીમોરમાં વન મેન શો પણ કર્યા. ભારતમાં હિમાલય, દાર્જિલિંગ, નૈનિતાલ, કુલુમનાલી, બદ્રીનાથ વગેરે અનેક સ્થળોનો કલાપ્રવાસ પણ એમણે કરેલો.

મૈસૂર રાજ્ય ચિત્રાલય, ત્રિવેન્દ્રમ આર્ટ ગૅલરિ, નૅશનલ આર્ટ ગૅલરિ (મદ્રાસ), ગુજરાત ભવન (નવી દિલ્હી), ગુજરાત વિધાનસભા, નવું સચિવાલય (ગાંધીનગર), ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાત વેપારી મહામંડળ, અમદાવાદના મસ્કતી કાપડ મહાજન, નડિયાદ મ્યુનિસિપાલિટી, શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, શ્રી ઉદયન ચીનુભાઈ બૅરોનેટ, શ્રી હીરાલાલ



વિદેશમાં કલાભ્યાસ દરમિયાન શાંતિ શાહે એચિંગ તેમ જ એક્વાટિન્ટની કળા પણ હસ્તગત કરી હતી. યુદ્ધના એક અવશેષના આ એક્વાટિન્ટમાં એમની એ માધ્યમ પરની કેવી સિદ્ધિ હતી તે જોઈ શકાય છે.





મોઝેઈકની કળા આમ તો વર્ષો જૂની છે, પણ શાંતિ શાહે ગુજરાતમાં તેનો સારો એવો પ્રસાર કર્યો કહી શકાય. જાહેર બાંધકામો ઉપર વિશાળ કદમાં આ માધ્યમથી એમણે અનેક સાંકેતિક શોભનચિત્રો કર્યાં છે. અહીં એવું એક ૬ × ૧૬ ફૂટ મોટું એક સર્જન 'દીનદુખિયાનો બેલી-ઇસુ' આપ્યું છે. ડાબી બાજુ એમણે કરેલી એક શિલ્પકૃતિ આપી છે. મદ્રાસમાં કલાભ્યાસ કરવા સાથે શિલ્પકલા ઉપર પણ જે સિદ્ધિ મેળવી તેનું આ એક ઉદાહરણ છે.

ભગવતી, શ્રી ચરણદાસ હરિદાસ, ડી.સી. કોઠારી (મદ્રાસ), પોરબંદર અને પુદુકોટાના મહારાજા, ત્રાવણકોરના યુવરાજ, જાપાનના એલચી, સિલોન તથા લંડન, મ્યુનિખ, વૉશિંગ્ટન અને બાલ્ટીમોરના ચિત્રસંગ્રાહકોના ચિત્રસંગ્રહોમાં એમની કૃતિઓ સંગ્રહાઈ છે.

કલાક્ષેત્રે એમની એક બીજી દેણગી પણ નોંધનીય છે અને એ છે વિવિધ ક્ષેત્રોની ખાસ ઇમારતો માટે તેમણે વિશાળ કદનાં અને જે તે ક્ષેત્રના કાર્યક્ષેત્રની કામગીરીનાં સૂચક એવાં મોઝેઈક ચિત્રો. આમ તો આ કલામાધ્યમ સદીઓ જૂનું છે અને શોભનાર્થે ભાતીગળ ભાત રચવામાં આપણે ત્યાં તેનો ઉપયોગ થતો રહ્યો છે, પણ તેને ચિત્રાત્મક સ્વરૂપ આપવામાં શાંતિભાઈનો ફાળો નોંધનીય રહ્યો છે. રંગીન ગ્લેઝ્ડ ટાઈલ્સના નાનાનાના ટુકડા ચોડીને કરાતાં આવાં સર્જનો દીર્ઘકાળ સુધ ટકી રહી જે તે સ્થાનોને એક કલાત્મક ઓપ આપે છે.

આ રીતે શાંતિભાઈએ અનેક કલામાધ્યમોમાં કામ કર્યું છે, અને એમાં માનસમ્માન પણ પામ્યા છે. ગુજરાત રાજ્યની લલિત કલા અકાદમીએ એમની કલાનો અને એમનો અચ્છો પરિચય આપતું એક સુંદર સચિત્ર પ્રકાશન 'શાંતિ શાહ કલા પરિચય' નામે પ્રકટ કરેલું છે. આ નોંધ સાથેનાં કેટલાંક ચિત્રો એમાંથી અહીં સાભાર આપ્યાં છે. ચિત્રકલાના અભ્યાસીઓ માટે આ એક પ્રેરક પ્રકાશન છે.

આ ઉપરાંત, મ્હૈસૂરમાં દશેરાના અખિલ ભારત ચિત્રપ્રદર્શનોમાં, હૈદરાબાદ અખિલ ભારત ચિત્ર પ્રદર્શનમાં, બૉમ્બે આર્ટ સોસાએટી, ઑલ ઈંડિયા ફાઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી, અમદાવાદ મ્યુનિસિપાલિટી વગેરે અનેક સંસ્થા અને પ્રદર્શનોમાં એમની કૃતિઓ ઉચ્ચ પારિતોષિકો અને પ્રશંસાપત્રો તથા માન-સમ્માન પામી છે.

છેલ્લા એક દાયકાથી અમદાવાદના 'ગુજરાત સમાચાર' દૈનિકમાં તેઓ 'આકાર અને આકૃતિ' વિભાગમાં કલાપરિચય અને કલાવિવેચન પણ આપતા રહેલા. આ રીતે એક અચ્છા કલાકાર અને કલાવિવેચક તરીકે એમણે પોતાની શક્તિઓનો કલાજગતને પૂરો હિસાબ આપ્યો છે.

ગુજરાતના કલાક્ષેત્રે એમના જવાથી એક બહુવિધ સિદ્ધ કલાકારની ખોટ અનુભવી છે.





જમણી બાજુ
શાંતિ શાહે કરેલા બે સ્કેચ

સાહિત્યસંપર્ક

જાણીએ જોડણી : પ્રકરણ ૬

રામજીભાઈ પટેલ

જોડણી વિષયક મોટા ભાગના નિયમો આપણે જોયા. વિશેષ નામો તથા અનુસ્વારો વિશે સામાન્ય ઉલ્લેખ કેટલાક નિયમોમાં આપણે કર્યો છે, પણ એ વિશે વિશેષ વિચારણા બાકી છે. વળી, વિરામચિહ્નો વિશેના નિયમોને તો આપણે સ્પર્શ્યા જ નથી.

જોડણીની વ્યવસ્થા એ માત્ર ઇ, ઈ, ઉ, ઊના વિનિયોગની જ વાત નથી. ઉચ્ચાર-લિપી-અર્થ સંબંધ ઉપરાંત ઘણી બાબતો તેમાં સમાવિષ્ટ છે. આ બધું ઉમેરીએ તો નિયમોની સંખ્યા ઘણી વધે. જોડણીકોશે જોડણીના ૩૩ નિયમો આપ્યા છે, આપણે ૫૩ કર્યા. હજી વધારીને ૭૩ જેટલા થઈ શકે. પરંતુ નિયમોની સંખ્યા વધવાથી સામાન્ય જન માટે કયો નિયમ ઉપયોગમાં લેવો તેની ગૂંચ પણ વધવાની. ચાવીઓનો મોટો ઝૂડો હાથમાં હોય ને છતાં તાળું ન ખોલી શકાય એવો અનુભવ ઘણાને થયો હશે. જોડણીના આ નિયમો માટે પણ એવું કહી શકાય. મારા એક મિત્ર કહેતા હતા કે, 'જોડણીપ્રવેશ'ના પાર વગરના નિયમો વાંચવાને બદલે હું તો જોડણીકોશમાં જ શબ્દ જોઈ લેવો વધુ પસંદ કરું છું.'

એક પણ બાકી ન રહે એ રીતે બધા જ નિયમો સમાવી ન લેવા પાછળ એક હેતુ એ પણ છે કે જોડણી જ નહીં, દરેક વિષય સ્વાધ્યાય કર્યા વિના, જાતે મથામણ કર્યા વિના શીખી શકાય નહીં. તૈયાર ભાણું જમનારને રસોઈ કરતાં ન આવડે તેના જેવું આ છે; એટલે આપણો ઉદ્દેશ જોડણી કેમ જાણવી, વર્તમાન માળખામાં કયો શબ્દ, કયા નિયમને, કઈ રીતે બંધબેસતો છે, આવું વિચારતા કરવામાં મદદરૂપ થવાય તે સારુ અંતે શબ્દસૂચિ આપવાને બદલે આપણે દાખલા વધુ પ્રમાણમાં આપ્યા છે. દાખલા અને નોંધની મદદથી સમજૂતી આપવા પ્રયાસ કર્યો છે.

આ રીતે જોડણીની વ્યવસ્થા જાણવા-સમજવામાં સહાયરૂપ થઈ શકાય અને જોડણીશુદ્ધિનો પ્રેમ વિકસિત બને તો અવશ્ય સંતોષ થાય.

આપણે એક પોસ્ટકાર્ડ પણ સાચું લખી શકીએ છીએ ખરા ? અરે ! ફક્ત નામ-સરનામું પણ સાચું લખનાર ઓછા મળે છે. આજના કોલેજિયનને 'કૉલેજ' લખતાં પણ આવડતું નથી !

'સવિનયને' બદલે 'સવિનય સાથે', અગત્યને બદલે અગત્યતા, સૌંદર્ય કે સુંદરતાને બદલે સૌંદર્યતા, શાહમૃગને બદલે શહામૃગ લખનાર; રૂપિયાના સંક્ષિપ્ત રૂપ માટે રૂ. અને મુકામના સંક્ષિપ્ત રૂપ માટે મુ. કરવાને બદલે અનુક્રમે રૂા. તથા મુા હંકે રાખનાર; શ્રીખંડની અસર હેઠળ શિખંડનું શીખંડ અને દ્વૈમાસિકની અસર હેઠળ દ્વિમુખીનું દ્વૈમુખી કરનાર; તત્સમ-તદ્ભાવ શબ્દો વચ્ચે અસમજપૂર્વક સમાનતા દર્શાવનાર; બોર્ડ અને બૉર્ડ, સારું અને સારુ, ચોમાસું અને ચોમાસુ, ઉપહાર અને ઉપાહાર, પરિણામ અને પરિમાણ, સાંભળવું - સાંભરવું વચ્ચે ભેદ ન જોઈ શકનાર; વિરામચિહ્નોમાં પણ લીટાં ભાળનાર, ફૉર્મમાં ઊંધી માત્રા કઈ અને રેફ કઈ તેની ચિંતા ન કરનાર; ઓફિસ , ઓફિસ, ઑફિસ, આંફિસ, ઓફીસ, ઓફીસ, ઑફીસ, આંફીસ - આ આઠ રૂપોમાં ફક્ત એક જ રૂપ સાચું છે ને બાકીનાં સાત ખોટાં છે એ બાબત શંકા ન ઉદ્ભવે કે શંકા ઉદ્ભવે તો તેના નિવારણ માટે યોગ્ય ચકાસણી કરવાની તસ્દી ન લેનાર સારુ જોડણીના નિયમો ઉપયોગી નથી. કેટલાક ચકાસે છે યા સાચી જોડણી ક્યાંકથી જાણી લે છે તો યે પોતે તે પ્રમાણે સુધારી લેતા નથી. વગેરે-વ. પંડ્યા, યુક્તિ, અસમ, આડવાણી ખરું છે તે જાણ્યા બાદ પણ વિગેરે - વિ., પંડ્યા યુકિત, અડવાણી લખ્યે રાખનારને જોડણીકોશ કઈ રીતે ઉપયોગી થઈ શકે ?

જેવી રીતે બેંકલોકરને બે ચાવીઓ હોય છે તેવી રીતે જોડણીશુદ્ધિની પણ બે ચાવીઓ છે : (૧) જોડણીના નિયમોની જાણકારી તથા જોડણીકોશ-શબ્દકોશના વિનિયોગ દ્વારા જોડણીશુદ્ધિપ્રેમ (૨) યોગ્ય શંકાશીલતા. આ બંને બાબતો એકસાથે ભેગી મળે તો જ જોડણીશુદ્ધિ સાધ્ય બની શકે છે.

પ્રથમ ચાવી તો ઘણા પાસે હોય છે. છતાં આમજનતામાં હજી જોડણીના નિયમો અને શબ્દકોશો વધારે વ્યાપક કરવા જરૂરી છે. શિક્ષણસંસ્થામાં પણ ઘણીવાર આ અનિવાર્ય જરૂરિયાત હોતી નથી અને હોય છે તો ક્યાંક સચવાતી (વણવપરાતી) પડી હોય છે ! જેમના પ્રતાપે જોડણીના લગભગ સર્વમાન્ય નિયમો ઘડાઈ શક્યા એ મહાત્મા ગાંધીજીએ ઇ.સ. ૧૯૪૦માં 'હરિજનબંધુ'માં લખેલ વિધાન આજે પણ ઉપયોગી છે. તેમણે લખ્યું છે, ..."દરેક ભાષાપ્રેમીના ખિસ્સામાં કે તેની પાટલી ઉપર, જેમ અંગ્રેજી લખતો હોય તો, અંગ્રેજી કોશ હોય જ છે તેમ, ગુજરાતી જોડણીકોશ હોવો જોઈએ. ગુજરાતી લેખકોને પોતાની ભાષાની શુદ્ધિ વિષે એટલો ગર્વ હોવો જોઈએ, જેટલો અંગ્રેજોને પોતાની ભાષાને વિષે હોય છે. જે અંગ્રેજ શુદ્ધ જોડણીથી પોતાની ભાષા નહીં લખી શકે, તે જંગલી ગણાશે. પણ અંગ્રેજોને જવા દઈએ. આપણી અંગ્રેજી નિશાળોમાં ભણનારા જેટલી ચીવટ અંગ્રેજી જોડણી વિષે રાખે છે, જેટલી તેમને રાખવી પડે છે, એટલી આપણે સૌ પોતાની ભાષાને વિષે કાં ન રાખીએ ?..."

પણ જોડણીકોશ હોય તે આવશ્યક શરત છે, પર્યાપ્ત શરત નથી. કેમ કે, જોડણીકોશ-શબ્દકોશ ઘરમાં હોય તે નહીં પણ વારંવાર તેનો ઉપયોગ થતો રહે તે મહત્ત્વનું છે, અને એ માટે જોઈએ યોગ્ય શંકાશીલતા.

આપણા લખાણમાં, વાચનમાં, બોલવા-સાંભળવામાં જે તે શબ્દ-ધ્વનિ માટે યોગ્ય શંકાશીલતા ઊભી થતી રહે ને તે શંકાનું નિરાકરણ-સમાધાન કરતા રહેવાની વૃત્તિ કેળવીએ તો જ શબ્દકોશ હાથવગા રખાય ને તેનો વિનિયોગ થાય.

જો આવી શંકાશીલતા હોય કે કેળવાય તો જોડણીશુદ્ધિની ગુરુકિલ્લી મળી ગઈ સમજવી.

પછી આપણાથી થતી જોડણીભૂલ-ભાષાભૂલ દર્શાવનાર પ્રત્યે આપણને અનાદર નહીં થાય. આવી વ્યક્તિ હકીકતમાં આપણી યોગ્ય શંકાશીલતાની વાટને સંકોરવાની સેવા કરે છે. એટલે આપણું વલણ સૂચિત ભૂલની ચકાસણી કરવાનું રહે અને જો ભૂલ જણાય તો ધીરે ધીરે આપણી ભાષામાં અશુદ્ધિઓનું પ્રમાણ અવશ્ય ઘટતું જાય.

ભાષાભૂલ ભલભલાની પણ હોઈ શકે અને આપણે કંઈ અપવાદ નથી. પણ આપણામાં જ્યારે જ્યારે જાતે કે કોઈની મદદથી શંકા પડે ત્યારે તે ચકાસી તેની ખરાઈ નિ:સંકોચ સ્વીકારી લેવાની વૃત્તિ જેટલે અંશે વધુ હશે તેટલે અંશે આપણી ભૂલો પણ અવશ્ય ઓછી થતી જવાની.

આ અભિગમ આપણો સ્વભાવ બની જાય તો, આપણું લખાણ ભાષાશુદ્ધ ગણી શકાય એવો તબક્કો પણ અવશ્ય આવવાનો. ત્યારે એ ગૌરવપ્રદ ઘટના હશે. (સંપૂર્ણ)

અવલોકન

અરેબિયન નાઈટ્સની વાર્તાઓ : ૧ અને ૨. વિશ્વના કથા સાહિત્યમાં 'અરેબિયન નાઈટ્સ'નું સદીઓથી આગવું સ્થાન રહ્યું છે. જગતની ઘણીખરી ભાષાઓમાં આ ચમત્કારિક અને મનોરંજક કથાઓના અનુવાદો થતા રહ્યો છે. મૂળ ગ્રંથની ઝાંખી કરાવે અને સાથે સાથે વાચનરસ જળવાઈ રહે એવા શિષ્ટ, સરળ અને શુદ્ધ ભાષામાં શ્રી શિવલાલ જેસલપુરાએ કરેલા અનુવાદના આ બે પુસ્તકો તેમાં એક નોંધપાત્ર ઉમેરો કરે છે. તેના પહેલા પુસ્તકમાં ૫૪૪ પૃષ્ઠોમાં પેટાકથાઓ સાથે ૨૧ કથાઓ તથા બીજા પુસ્તકમાં પણ એટલાં જ પૃષ્ઠોમાં ૧૮ કથાઓ સમાવાઈ છે. ચિત્રો સાથેની આ ૩૯ વાર્તાઓ મૂળ કથાવસ્તુને વફાદાર રહીને ઉતારેલી હોઈ તમામ વય અને વર્ગનાં વાચકોને અવશ્ય પસંદ પડશે. કિંમત પહેલા પાકા પૂઠાના બાઈન્ડિંગવાળા પુસ્તકના ન્યૂઝપ્રિન્ટ કાગળવાળી આવૃત્તિના રૂ. ૮૦ તથા સફેદ ગ્લેઝ કાગળવાળી આવૃત્તિના રૂ. ૧૨૦. બીજા પુસ્તકની કાચા પૂઠાની આવૃત્તિના રૂ. ૪૦. પ્રકાશક : ગિરીશ જેસલપુરા, ૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

અનુસંધાન) માધુકરી (પૃષ્ઠ ૫૦૬ પરથી

પ્રથા પાડી. આ જ રીતે ગુજરાતની અવેતન રંગભૂમિને નવું સ્વરૂપ આપવા 'રંગમંડળ' પણ સ્થાપ્યું, જેનાથી ગુજરાતને નાટ્યક્ષેત્રે સુંદર નાટિકાઓ ને નૃત્યનાટિકાઓ તેમજ નવા કલાકારો પ્રાપ્ત થયાં. ૧૯૫૪માં એમણે અમદાવાદ નાટ્યસંઘની પણ સ્થાપના કરેલી.

ઈ.સ. ૧૯૩૦માં એમણે સ્વ. જયંતી દલાલ સાથે 'ગતિ પ્રકાશન' નામની સંસ્થા ઊભી કરીને તેના દ્વારા 'રેખા' નામનું એક અભિનવ મુદ્રાવાળું સામયિક પણ શરૂ કરેલું. આ સંસ્થા દ્વારા એમણે ગુજરાતના યુવાન બુદ્ધિજીવીઓનું એક સુંદર સંગઠન કરેલું. આ સંગઠને ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતમાં ગુજરાતને બહુમુખી નેતાગીરી અને વિવિધતાભર્યા કાર્યક્રમો આપ્યા હતા. 'અમદાવાદ પુસ્તકાલય મંડળ'ની પણ એમણે સ્થાપના કરેલી. ૧૯૪૧માં અમદાવાદમાં ફાટી નીકળેલાં કોમી રમખાણો એમણે વસંતરાવ હેગિષ્ટે જેવા ઘણા સાથીઓ સાથે શહેરમાં એખલાસ સ્થાપવાની પ્રવૃત્તિ પણ કરેલી. આની સાથોસાથ '૪૨ની લડત માટે પૂર્વભૂમિકા તૈયાર કરવા એમણે વ્યાયામ કેન્દ્રો, રાત્રિશિબિરો, ચર્ચાસભાઓ, વિદ્યાર્થીજૂથો વગેરે પણ ઊભાં કરેલાં અને એને કારણે બે વર્ષનો જેલવાસ પણ ભોગવેલો.

૧૯૪૫માં ફરી પત્રકારત્વમાં પ્રવેશી એ 'ગુજરાત સમાચાર'માં જોડાયા. એ જ વર્ષે એમણે કુ. નિર્મળાબહેન વકીલ નામનાં રાષ્ટ્રિય લડતનાં એક સેવિકા બહેન સાથે આંતરજ્ઞાતીય લગ્ન પણ કર્યાં. '૪૯ થી 'ગુજરાત સમાચાર'ના સાંજના દૈનિક 'લોકનાદ'ના સંપાદક બન્યા અને '૫૫માં આ જ સંસ્થાના ડાઈજેસ્ટ પ્રકારના નવા સામાયિક 'શ્રીરંગ'ની પણ એમણે શરૂઆત કરી. 'ચિત્રલોક' નામે સિનેસૃષ્ટિના એક સાપ્તાહિકનો પણ એમણે આરંભ કર્યો.

ઈ.સ. ૧૯૫૦માં ડાંગને મહારાષ્ટ્ર સાથે જોડી દેવાનો નિર્ણય લેવાયો ત્યારે તેના વિરોધમાં નિયુક્ત થએલી 'ડાંગ સેવા સમિતિ'માં તેઓ મંત્રી બનેલા. આ જ અંગે અગાઉ '૪૫માં નિમાએલી. 'ગુજરાત સીમા સમિતિ'માં પણ તેઓએ તેના ચાલક બળ તરીકે માહિતીપૂર્ણ કેસ રજૂ કરેલો. અને મુંબઈ-ગુજરાતનું દ્વિભાષી રાજ્ય રચવાનું થયું ત્યારે મહાગુજરાતમાં માનતા હોવા છતાં કોંગ્રેસ પક્ષની શિસ્ત ખાતર ગુજરાતમાં જાગેલા પ્રચંડ વિરોધનો સામનો કરી હિંસક તોફાનો વચ્ચે ઘૂમીને લોકોને શાંત પાડવા એમણે પ્રયાસ કરેલો. એ કાળે અમદાવાદ શહેર સમિતિના એ મંત્રી વરાએલા.

ગુજરાતી યુવાનોમાં સાહસિકતા ઉત્તેજવા એમણે '૫૭માં યુવાનો માટે નર્મદાના મૂળથી મુખ સુધીનો રબરબોટ દ્વારા એક સાહસપ્રવાસ યોજ્યો જેના પરિણામે 'પરિભ્રમણ' નામની એક સંસ્થા પણ સ્થપાઈ હતી. આનાથી ગુજરાતમાં નદીપ્રવાસ, સાગરપ્રવાસ અને પર્વતારોહણની પ્રવૃત્તિઓ પાંગરી. ❑

ચામડીની ખંજવાળની સારવાર

અમેરિકાના મેસેચ્યુસટ્સ રાજ્યમાં આવેલ ટફ્ટ યુનિવર્સિટીના 'માનવ પોષણ સંશોધન કેન્દ્ર' ખાતેના ડૉક્ટરોએ ચામડીના રોગના ઉપચાર માટે એક અનોખી સારવાર-પદ્ધતિ વિકસાવી છે. ચામડી પર બહુ ખંજવાળ આવે એટલે સખત ખંજવાળને લીધે વલૂરવાથી લોહી નીકળી આવતું હોય છે. પરિણામે ચામડી પર ડાઘ પડી જાય છે.

આ માટે જે પ્રાથમિક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો તેના પરથી જાણવા મળ્યું કે જે દરદીઓને અન્ય પ્રકારની સારવારથી સારું પરિણામ નહોતું મળ્યું તેમને વિટામિન ડી-વાળી દવાઓ આપવાથી ઘણું સારું પરિણામ આવ્યું હતું.

એટલે ચામડીના રોગનું ખરું કારણ જાણવા માટેનું સંશોધન હાથ ધરવામાં આવ્યું. વિજ્ઞાનીઓ એવા અનુમાન પર આવ્યા છે કે કિડની દ્વારા શરીરમાં હોર્મોનનું નિર્માણ થાય છે. આ હોર્મોન ચામડીના કોષોની વૃદ્ધિ અટકાવે છે. આ હોર્મોનની અસરનું નિયમન કરવા માટે વિટામિન-ડી અસરકારક જણાયું. એટલે વિટામિન ડી-યુક્ત દવાઓ આપીને ચામડીના રોગ મટાડવામાં તેઓ સફળ થયા.

ડૉ. કિશોર પંડ્યા

('ગુજરાત'માંથી સાભાર)



હસીને ખેલ, તજી હાર-જીતની દુનિયા,
ખુશીના રંગથી છલકાવ પ્રીતની દુનિયા;
અરે ઓ દોસ્ત, અવાજોના આ સમંદરમાં
વહાવ મોજથી ગમતીલાં ગીતની દુનિયા.

મકરંદ દવે

ભારતીય ઉદ્યોગક્ષેત્રના ભિષ્મપિતામહ જે. આર. ડી., સ્વર્ગસ્થ

ભારતમાં આધુનિક ઉદ્યોગનો એક યુગ સર્જવામાં જમશેદજી અને રતનજી સાથે જહાંગીરજી એટલે કે ટૂંકમાં જે. આર. ડી. તાતાને નામે ખ્યાત અને તાજેતરમાં ૨૯ નવેમ્બરે ૮૯ વર્ષની વયે પૅરિસમાં જેમનું અવસાન થયું તેમનો ફાળો મુખ્ય છે. જે.આર.ડી.એ પોતાની હૈયાસૂઝ અને પુરુષાર્થ વડે એક મહાન ઔદ્યોગિક સામ્રાજ્ય બનાવ્યું છે. એમના જવાથી ઔદ્યોગિક ક્ષેત્રનો જાણે એક યુગ અસ્તાચળે આવી ગયો.

તાતાના એક ડાયરેક્ટર રતનજી દાદાભાઈ તાતા અને એમના ફ્રેન્ચ પત્ની સુઝાન (સૂની)ના એ બીજા પુત્ર. ૨૯ જુલાઈ ૧૯૦૪માં પૅરિસમાં એમનો જન્મ થયો. બચપણથી એમને ઉડ્ડયનનો નાદ લાગેલો. ૧૯૨૩માં કેમ્બ્રિજમાં ભણવા જવા અંગ્રેજીનો અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે ૧૯૨૪માં ફ્રાન્સના કાયદા પ્રમાણે એક વર્ષ માટે ફરજિયાત લશ્કરમાં જોડાવું પડેલું. આ અનુભવે સૈન્યમાં જ ઑફિસર બનવાની એમને ઇચ્છા થઈ, પરંતુ પિતાએ તે માટે મંજૂરી ન આપતાં એમને મુંબઈ બોલાવી લીધા. આથી તેમનું કેમ્બ્રિજ જવાનું પણ અટકી પડ્યું, અને તેઓ ગ્રેજ્યુએટ થવામાંથી યે વંચિત રહ્યા.

ભારતમાં પિતાએ એમને તાતા સ્ટીલના ડાયરેક્ટર જહોન પીટરસનના હાથ નીચે તાલીમ માટે મૂકયા. આ પીટરસન એક ડાબલ આઈ.સી. એસ. અધિકારી હતા. જહાંગીરને એમણે ખૂબખૂબ પલોટ્યા હતા.



૧૯૨૬માં જહાંગીર જમશેદપુરના કારખાનામાં જોડાયા અને પિતાના દેહાંત બાદ ફકત બાવીસ વર્ષની વયે કેવળ રૂ. ૭૫૦ના પગારે તાતા સન્સમાં ડાયરેક્ટર બન્યા. ૧૯૩૦માં એ જમાનાના પ્રસિદ્ધ વકીલ વિકાજીની ભત્રીજી થેલ્મા સાથે એમણે લગ્ન કર્યાં. ૧૯૨૯ના ફેબ્રુઆરીમાં એમણે પાયલટ તરીકે લાયસન્સ મેળવ્યું. આ લાયસન્સ મેળવનાર તેઓ પહેલા હિંદી હતા. એ જ વર્ષે નામદાર આગાખાને હિંદુસ્તાન-ઇંગ્લંડ વચ્ચે એક હવાઈ ઉડ્ડયનની સ્પર્ધા યોજેલી જેમાં જહાંગીરે પણ ભાગ લીધેલો. એમની સાથે બીજા પણ એક પારસી અસ્પી ઍન્જિનીઅરે પણ ભાગ લીધેલો, અને એ રેસ જીતી ગયેલા. આ અસ્પી ઍન્જિનીઅર આગળ જતાં ભારતીય ઍર ફોર્સમાં ચીફ બનેલા.

૧૯૩૨માં તાતા ઉદ્યોગે તાતા એવિએશન સર્વિસની સ્થાપના કરી. ૧૫ ઑક્ટોબર ૧૯૩૨ના રોજ જે. આર. ડી.એ જાતે નાનકડા પુસીમોથ વિમાનમાં કરાંચીથી અમદાવાદ થઈ મુંબઈનું ઉડ્ડયન કરીને આ પંચાવન રતલ હવાઈ ડાક સાથે હવાઈ સેવાનો આરંભ કરેલો. પ્રથમ પાંચ જ વર્ષમાં ૯૯.૪ ટકા જેટલી નિયમિતતા સાથે આ હવાઈ સેવાએ આશ્ચર્યજનક નફો કરી બતાવ્યો હતો.

૧૯૩૮માં તાતા સન્સના ડાયરેક્ટર સર નવરોજી સકલાતવાલાનો દેહાંત થતાં જે.આર. ડી. ડાયરેક્ટર બન્યા.



ગીચ વૃક્ષોની વચ્ચે દેખાતું આ કોઈ જળાશય નથી પણ કૃત્રિમ વરસાદ વરસાવવા માટે વાદળોના થર વચ્ચે અગિયાર પાઉન્ડ જેટલો કાર્બન ડાયોકસાઈડ છાંટતાં વાદળોમાંથી વરસેલા વરસાદને કારણે એટલા ભાગ – લગભગ ત્રણેક માઈલમાં પડી ગયેલા ગાબડાની આ છબી છે.

૧૯૪૦ના દાયકામાં જે.આર.ડી.એ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભાગ લીધેલો, પણ પછી જેલમાં રહેવાને બદલે બહાર રહી દેશની વધુ સારી સેવા થઈ શકે તેવું તેમને લાગેલું. એમ તો એમને અંગ્રેજ સરકાર તરફથી 'સર'નો ખિતાબ આપવા માટે પણ પ્રસ્તાવ થએલો, પણ જે. આર. ડી.એ તેનો વિનયપૂર્વક અસ્વીકાર કરેલો.

સ્વાતંત્ર્ય પછી ભારત સરકારે બધી જ હવાઈ સેવાઓનું રાષ્ટ્રિય-કરણ કર્યું અને એર ઇંડિયાની સ્થાપના થઈ જેમાં જે.આર.ડી. વિના વેતને તેના ચેરમેન બનેલા. ૧૯૭૨માં શ્રી મોરારજી દેસાઈએ એમને આ પદ પરથી ખસેડી લીધા હતા.

દરમિયાન, ૧૯૫૫માં ભારત સરકારે એમને પદ્મ વિભૂષણના માનથી નવાજેલા. '૬૨માં એમણે કરાંચીથી મુંબઈના ઉડ્ડયનની ત્રીસમી જયંતી નિમિત્તે જાતે ઉડ્ડયન કરેલું. '૬૬માં ઇન્ડિયન એર ફોર્સમાં માનદ્ એર કોમોડર અને પછી માનદ્ એર વાઈસ માર્શલની પદવી અપાએલી. '૭૯માં એમને ટોની જેનસ એવોર્ડ અપાએલો. '૮૨માં ભારતના સિવિલ એવિએશનની સુવર્ણજયંતી નિમિત્તે એમણે ફરી એક વાર જાતે કરાંચીથી મુંબઈનું ઉડ્ડયન કરેલું. '૮૩માં એમને કમાન્ડર ઓફ ફ્રેન્ચ લીજીઅન ઓફ ઓનરનો એવોર્ડ મળેલો. '૮૬માં લંડનની ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેટલ્સનો બેસ્સેમર મેડલ અપાયો. '૮૮માં ડેનિયલ ગગનહેમ મેડલ અપાયો. '૯૧માં તાતા સન્સના ચેરમેનપદેથી એમણે નિવૃત્તિ લીધી અને '૯૨માં એમને 'ભારત રત્ન'નું બહુમાન અર્પણ થયું. એ જ વર્ષે યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન એવોર્ડ પણ અપાયો હતો.

ભરપૂર કહેવાય એવું જીવન એ જીવ્યા હતા. ૮૫ વર્ષની વય સુધી તો તેઓ સ્કીઈંગ કરતા. ઝડપથી મોટરગાડી ચલાવવાનો પણ એમને જબરો શોખ હતો. જે આર. ડી. ટ્રસ્ટ અને તાતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચની એમણે સ્થાપના કરેલી. ન્યૂક્લીઅર પ્રોગ્રામનો ભારતમાં આરંભ પણ એમના થકી શક્ય બનેલો. કુટુંબ-નિયોજનના એ પુરસ્કર્તા હતા.

પં. નેહરુના એ મિત્ર હતા. પણ સરદાર વલ્લભભાઈની નીતિમાં એમને વધુ શ્રદ્ધા હતી. આધુનિક ભારતના એ એક આર્ષદ્રષ્ટા શિલ્પી હતા. માનવ ગૌરવના એ પ્રેમી હતા. સત્તા અને સંપત્તિ એમના પગમાં આળોટતી હતી પણ પોતાની મહત્ત્વાકાંક્ષા પોષવા એનો એમણે કદી ઉપયોગ નહોતો કર્યો. દેશના સૌથી મોટો ઉદ્યોગગૃહના એ સર્વોચ્ચ વડા બન્યા છતાંય એ સદા સરળ હૃદયી રહ્યા હતા. એમની છત્રછાયામાં ફૂલીફાલેલી ૫૦ જેટલી કંપનીઓના ૨૫,૦૦,૦૦૦ જેટલા કર્મચારીઓને રોજીરોટી પૂરી પાડવા સાથે એમની તરફનો વ્યવહાર સદાય માનવતા-ભર્યો રહ્યો હતો. જિંદગીભર એ ભાડાના મકાનમાં જ રહ્યા હતા. ભારતીય ઔદ્યોગિક વિકાસના એ ભિષ્મપિતામહના જવાથી દેશને એક સાચા સહૃદય મહામાનવથી ન પુરાય એવી ખોટ પડી છે. ☐

અનેક પ્રવૃત્તિના પ્રણેતા નીરુભાઈ દેસાઈ

વર્ષોથી અમદાવાદના દૈનિક પત્ર 'ગુજરાત સમાચાર'માં 'વાસરિકા' વિભાગમાં રસમય અને માહિતીપૂર્ણ લેખો આપનાર ની.દે. નામથી જાણીતા લેખક અને ગુજરાતની અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા નીરુભાઈ દેસાઈનું તાજેતરમાં તા. ૧ ડિસેમ્બરે બપોરે ૮૨ વર્ષની વયે ત્રણેક સપ્તાહની માંદગી બાદ અવસાન થતાં ગુજરાતને એક બહુશ્રુત કાર્યશીલ વ્યક્તિવિશેષની ખોટ પડી છે.

ઈ.સ ૧૯૧૨ની ૧૩ ડિસેમ્બરે અમદાવાદના પાંચકૂવા વિસ્તારમાં નીરુભાઈ એટલે કે નરેન્દ્ર ભાઈલાલભાઈ દેસાઈનો જન્મ થએલો. કુટુંબમાં એ ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો પછી એ સૌથી નાના લાડ ને હેતમાં ઊછરતા જઈ પિતાની બદલીઓવાળી મહેસૂલખાતાની નોકરીને કારણે વાલોડ, પારડી અને અમદાવાદમાં એમણે પ્રાથમિક શિક્ષણ લીધેલું, અને માધ્યમિક શિક્ષણ અમદાવાદ, બારડોલી અને ધોળકામાં પૂરું કરેલું. ઉચ્ચ કેળવણી માટે અમદાવાદની ગુજરાત કોલેજમાં દાખલ થયા, પણ ૧૯૨૮માં સાયમન કમિશનના બહિષ્કારમાં જોડાવા એમણે કોલેજ છોડી દીધેલી. '૩૦ના સત્યાગ્રહની લડતમાં પણ જોડાયા અને ધરાસણાના મીઠાના અગર પરના સત્યાગ્રહમાં પકડાઈને ત્રણ માસની જેલ ભોગવી. '૩૨માં ભદ્રના કિલ્લા પર ધ્વજવંદન કરાવતાં ફરી ધરપકડ વહોરી અને છૂટ્યા પછી ઇન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી રાષ્ટ્રિય લડતમાં ઝંપલાવ્યું. ફરી પકડાયા અને રોજ ચોકીએ હાજરી પુરાવવાના હુકમનો અનાદર કરી ત્રણ માસ જેલ ભોગવી અને ૧૯૩૩માં એમની આવી પ્રવૃત્તિઓને કારણે કોલેજમાંથી બરતરફ થયા. દરમિયાન '૨૭માં નવા વસેલા એલિસબ્રિજ વિસ્તારમાં મિત્રોનો સાથ લઈ એલિસબ્રિજ વ્યાયામશાળા સ્થાપી અને બીજે વર્ષે આરોગ્ય વિષયક તથા સાંસ્કૃતિક પ્રશ્નોને હલ કરવા એલિસબ્રિજ આરોગ્ય સમિતિની પણ સ્થાપના કરી.

અભ્યાસ છોડ્યા પછી 'પ્રજાબંધુ'માં જોડાઈને એમણે પત્રકારત્વમાં પ્રવેશ કર્યો. ૧૯૩૪માં કોંગ્રેસ સમાજવાદી જૂથની ગુજરાત શાખાના મંત્રી બન્યા. રાજકારણમાં વધુ સક્રિય બનતાં એમણે 'પ્રજાબંધુ' છોડીને મજૂર તેમજ યુવક પ્રવૃત્તિ હાથે ધરી અમદાવાદ વ્યાયામ મંડળની સ્થાપના કરી તેના મંત્રીપદે વરાયા. '૩૫માં મિલકામદારોની હડતાલની આગેવાની લઈ ધરપકડ વહોરેલી.



આ સાથે એમની સાંસ્કૃતિક પ્રવૃત્તિ પણ ચાલી હતી. ૧૯૩૭માં એમણે ગુજરાતમાં પ્રથમ યુવક પરિષદભરી અને એના સ્વાગત પ્રમુખ બનેલા. ચીલાચાલુ મેળાઓને નવું સ્વરૂપ આપવા એમણે એ જ વર્ષે એક બાળમેળો પણ યોજ્યો ને નવી જ

(અનુસંધાન પૃષ્ઠ ૫૦૪ પર)

❖ મિત્ર ઐસા કીજિયે જૈસે સિરકે બાલ, ❖
❖ કાટ કાટ કે કાટિયે, ફિર ભી તજે ન ખાલ. ❖

ખ્રિસ્તી સંત ફ્રાન્સિસ પરમ ભલા માણસ હતા. એક દિવસ ભૂખથી પીડાતી કોઈ નિર્ધન સ્ત્રી તેમની પાસે કાંઈક મદદ માટે પહોંચી ગઈ. ફ્રાન્સિસ ગદ્‌ગદિત થઈ ગયા. તેમણે પેલી સ્ત્રીને બાઈબલ આપતાં કહ્યું, 'લે, આ ચોપડી લઈ જા; અને તેને વેચીને જે પૈસા આવે તેનો તું ક્ષુધા શમાવવા ઉપયોગ કરી લેજે.' પેલી સ્ત્રી બાઈબલ લઈને, ચાલી ગઈ. તેના ગયાં પછી સંત ફ્રાન્સિસે પ્રભુને કહ્યું, 'હે પરમ પિતા, મેં તમારા શબ્દો આપી દીધા છે તે માટે ક્ષમા કરજો, કારણ કે તમારા શબ્દોને સાર્થક કરવા મેં આ કામ કર્યું છે,' આવા સંત ફ્રાન્સિસ સાચો ધર્મ બાહ્યાચારમાં નથી તે સમજાવી નરસિંહ મહેતાકથિત 'પીડ પરાઈ' જાણનાર 'વૈષ્ણવજન'નું ઉદાહરણ પૂરું પાડતા ગયા છે !

❋

ગ્રીનવિલે-મિશિગનમાં રિક ફ્લીન નામનો એક તીરંદાજ વસે છે. તેને એક જ હાથ છે. પણ તે ધનુષની પણછ પોતાના દાંતથી ખેંચે છે અને ધાર્યું નિશાન પાડે છે.

❋

ઇ.સ. ૧૫૨૫માં સ્વીટ્ઝર્લૅન્ડમાં મેસોકડો ખાતેનો પોતાનો કિલ્લેબંધ રાજમેહાલ વેચવાના કૉન્ટ્રેક્ટની શરતમાં ગેસ્પારે બોએલીનીએ લખાવ્યું હતું કે પોતે એ કૉન્ટ્રેક્ટ રદ કરે તો એના પર પોતે આખી જિંદગી આપી દેશે. ત્યારબાદ તે કૉન્ટ્રેક્ટ પૂરો કરી શક્યો નહીં તેથી અદાલતે એને તે કિલ્લેબંધ રાજમહેલમાંથી જ ફગાવી દેવાનો હુકમ કર્યો હતો !

❋

એક રાજનેતાએ એક બહેનને પૂછ્યું, 'બાનુ, તમારા પતિ કોના પક્ષમાં છે ?'

તે બાનુએ જવાબ આપ્યો : 'કેમ વળી ? મારા પક્ષમાં સ્તો !'

❋

ગણિતગમ્મત : એક ટેક્સીના અટપટા નંબરને યાદ રાખવાની રીત સહેલી છે. સાત આંકડાના આ નંબરમાં બીજા અને ત્રીજા આંકડાનો સરવાળો પાંચમા આંકડા બરાબર, પાંચમા અને છઠ્ઠા આંકડાનો સરવાળો પ્રથમ આંકડા બરાબર થાય છે. પ્રથમ આંકડાને ત્રણ વડે ગુણો તો છઠ્ઠો અને સાતમો આંક આવે છે. મધ્ય અંકની કિંમત કંઈ છે જ નહિ; જ્યારે ત્રીજો આંકડો સાતમા અંકથી અર્ધો છે. બીજો અને છઠ્ઠો અંક સરખા છે. તો આ નંબર શોધી શકશો ?

❋

લીંબુને મીઠાનાં પાણીમાં પાંચ દિવસ આથ્યાં પછી, તેના પર સંચર અને મરી નાખી તડકે સૂકવવાં. સુકાઈ ગયાં પછી એ ખાવાથી ખૂબ સ્વાદિષ્ટ લાગે છે અને પિત્ત શમે છે.

❋

બત્રીસલક્ષણા પુરુષ વિષે ઉલ્લેખો થતા હોય છે. પણ પુરુષનાં એ બત્રીસ લક્ષણો ક્યાં તે જાણો છો ? તો આ રહ્યાં તે - હાથ, આંખ, આંગળાં, નાક અને જીભ લાંબાં હોય તે પાંચ લક્ષણો; વાંસો, કંઠ, પુરુષચિહ્‌ન અને જંઘા ટૂંકાં સારાં એ ચાર લક્ષણો; દાંત, નાસિકા, કેશ અને ચામડી સૂક્ષ્મ હોવાં જોઈએ એ બીજાં ચાર લક્ષણો; શિર, ખભો પગ અને પેટ ઉન્નત હોવાં જોઈએ તે વળી બીજાં ચાર લક્ષણો; પગનાં તળિયાં, તાળવું, નેત્રની અણીઓ, જીભ, નખ અને ઓષ્ઠ એ લાલ હોવાં જોઈએ તે બીજાં સાત લક્ષણો; લલાટ, છાતી અને મુખ પહોળાં સારાં એ ત્રણ લક્ષણો; નાભિ, સ્વર અને સત્ત્વ એ ઊંડાં સારાં તે વળી બીજાં ત્રણ લક્ષણો; આંખની કીકી ને કેશ શ્યામવર્ણા સારાં તે બીજાં બે લક્ષણો મળી કુલ ૩૨ લક્ષણ થાય !

❋

ઈસુ ખ્રિસ્તે જે રાતે ૧૩ માણસો સાથે સમૂહભોજન કર્યું હતું તેની જ વહેલી સવારે તેમને વધસ્તંભ પર જડી દેવામાં આવ્યા હતા તેથી યુરોપમાં ૧૩નો આંકડો અપશુકનિયાળ હોવાની માન્યતા પ્રચારમાં આવી છે એવો એક અભિપ્રાય છે.

❋

ગણિતગમ્મતનો ઉત્તર : ૬૧૪૦૫૧૮

❋

સુખડનું લાકડું અને સૂંઠને પાણી સાથે પથ્થર પર ઘસી જે લૂગદી બને તેમાં થોડું વાટેલું મીઠું નાખી એક રસ કરી તેનો લેપ કપાળે કરવાથી માથાના દુઃખાવામાં રાહત થાય છે.

❋

દુનિયામાં સૌથી ઘનિષ્ઠ વસતિ ધરાવતો વિસ્તાર ક્યો છે તે જાણો છો ? મકાઉમાં દર ચોરસ કિલોમીટરે ૨૮,૩૪૩ મનુષ્યો વસે છે !

❋

કલાકણિકા : એક વૃક્ષમાં છુપાએલા ચાર્લ્સ બીજાના આલેખનવાળી તથા તેને બનાવનાર ટૉમસ ટૉફ્ટના નામ વાળી મધ્યકાલીન યુરોપની એક રકાબી.

